શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર
આજીવન લવાજમ : રૂા. ૧૫૦૦/-

# કચ્છશ્રુતિ

શ્રી કચ્છી સમાજ
અમદાવાદ
વર્ષ : ૩૨મું
ડિસેમ્બર : ૨૦૧૮ • અંક : ૬
પાના નં. : ૧ • (કુલ પેજ : ૫૨)

૧૫ ડિસેમ્બર, ૨૦૧૮ | પ્રસિદ્ધ કર્યા તા. ૧૦-૧૨-૨૦૧૮ | કિંમત : રૂા. ૧૮/-




આ અંકના સૌજન્યદાતા

MICHI'S Tasty Treats
JRJ FOODS PVT. LTD.
CHHATRAL, GUJARAT-382 729.

M MADHUSUDAN
SPECIAL SECTIONS PVT. LTD.

તંત્રી મંડળ : અશોક મહેતા (મુખ્ય તંત્રી) • દિનેશભાઈ આર. મહેતા • ભોલાભાઈ ગોલીબાર

મુખ્ય કાર્યાલય : **શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬. • ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com • Website : www.kutchisamajahmedabad.org.

Sunil R. Suthar : 97237 50005
Mansukh R. Suthar : 98250 14528
Ratilal M. Suthar : 93742 04600



**HOME DESIGN**
**FURNITURE**
Showroom & Mfg. of Wooden Furniture

*Specialist for*
Dining Table
Sofa Set
Bedroom Set

Shop No. 102, 1st Floor,
Sarthak-II, Opp. Rajpath Club,
S. G. Highway, Ahmedabad-380 051.
Email : homedesign3202@gmail.com

Maheshbhai
M. : 92272 11715

Parag Kataria
M. : 99247 19527

**SWASTIK GUM INDUSTRIES (INDIA)**

Manufacturers & Exporters of
Premium Quality Gluten Free Rice Flour,
Guar Gum Powder, Guar Meal & its Variants
Spices & Other Agro Products

Registered Office
328, G.V.M.S.A.V., Odhav, Ahmedabad-382 415, Gujarat, India.
Tel. : +91 79 22900063/64 Fax : +91 79 22900065
E-mail : swastikgum@gmail.com Web : www.swastikgum.com

**Girlie**™
Ladies Bag | Ladies Foot Wear

Unit-1, Ground Floor, Urja House,Swastic Cross Road,
C.G. Road, Ahmedabad - 380009.
Ph. : 079-26562011
E-mail : girlie.ahmedabad@gmail.com

**SILICON**®
ZERO MAINTENANCE LAMINATE



RANGE
- Romantic Veneer
- Zero Maintenance Laminate
- Plyboards
- Engineered Prelam Particle Board
- Doors

Customer Care: 09376327182, 09375021100
Email: info@silicon-group.com; coordinator@silicon-group.com
Web.: www.silicon-group.com

**જીવદયા પ્રેમીઓ.... દાનવીર દાતાઓ.....**

આપના પરિવારમા આવતા વિવિધ પ્રસંગોએ તેમજ કુદરતી મુશ્કેલભર્યા અવસરોએ
આપના અમુલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાંજરાપોળો તરફ વાળો

કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલાવવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકો છો
અથવા પ્રતિનિધિઓને રૂબરૂ બોલાવી શકશો.

શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન
માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)
કાર્યાલય શ્રી અશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલો માળ, ઓફિસ નં. ૧૨૭ । ૧૩૦
ભુજ - કચ્છ (ગુજરાત), ૩૭૦ ૦૦૧ ફોન : ૦૨૮૩૨ - ૨૨૭૩૦૪ મો. : ૦૯૯૦૪૮૩૧૫૧૪

મુંબઈ ઓફિસ :
માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)
૩૦૭ । ૩૧૧ સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેનશન, ગોકુલ ધામ હોટલની બાજુમા, મુંબઈ ૪૦૦ ૦૦૪
૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦, ૯૯૨૦૨ ૯૮૭૨૬, ૯૯૧૩૯ ૫૩૮૫૬

**iolite**

**SCHOOL MANAGEMENT SOFTWARE**

**IOLITE SOFTWARES PRIVATE LIMITED**
406, Tilakraj Complex, B/h Center Point, Panchavati,
Ellisbridge, Ahmedabad - 380 006, Gujarat, India.
T +91-79-2646 4846, 2644 1050, M +91-92270 00105
E rahul@iolitesoftwares.com, www.iolitesoftwares.com

Mukesh M. Savla
M.: 9825034569
Sagar
M.: 987913094

**BHAGYODAY QUARRY WORKS**
(MINING & CRUSHING INDUSTRIES)

Manufacturer Suppliers & Wholesaler of
Kapchi, Grit, Metal-6mm Wet Mixed, Rubble
& alltype of Construction Material,

Add: Ramnagar, Dhansura, Dist. Sabarkantha (Gujarat)
Email: Savlamukesh2002@redifmail.com, savlamukesh2002@gmail.com


**FOR CA STUDENT (C.P.T., IPCC, CA FINAL)**

AVOID STUDYING IN BIG BATCH OF 100 - 300 STUDENTS,
WE OFFER GROUP TUITION WITH GROUP OF ONLY 30 STUDENTS

FACULTY :- SHIVANG BUCH
B.Com, C.A., M.F.A., MBA (Fin.) Gold Medalist, N.E.T. (Management)

**Shivang Institute**
C/O, Sharda, Magal Tirth Tower-A, Near Dharnidhar Derasar,
Phone No. 9429609484 / 079-22772031


www.artnirman.com
A Project by:
ART Nirman Ltd.
श्री विष्णुधारा
GARDENS
2&3 BHK | SHOPS | OFFICES
WITH ALL BRANDED FITTINGS
FOR THOSE
WHO CARE FOR QUALITY
The Limitless Luxury Living
The landmark housing project @ Gota.
SAMPLE HOUSE READY
100%* LOAN PAPERS AVAILABLE
ALL USEFUL AMENITIES
RED APPLE MEDIA
Lush Green Landscaping | Affordable Luxury | Blissful Living
WITH ALL USEFUL LUXURIOUS AMENITIES
Attractive Garden
Kids Play Area
Club House
Community Hall
Jogging Track
4 Star Guest House
Basement Parking
Multi Purpose Court
SITE OFFICE : BEHIND EULOGIA HOTEL, OFF. S.G. HIGHWAY, GOTA, JAGATPUR, AHMEDABAD.
FOR BOOKING / INQUIRY CALL ▸ 88 66 71 44 99 | 88 66 38 44 99




# જે પોતાના હૃદયને સ્વસ્થ રાખવા ઇચ્છે છે, તે સૌને એક કાર્ડિયોલૉજિસ્ટની અમૂલ્ય સલાહ

**લેખક**

**ડૉ. અનિશ એચ. ચંદારાણા**

M.D., D.M. (Cardiology), FACC

ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલૉજિસ્ટ

છેલ્લાં ૨૦-૩૦ વર્ષોમાં આપણા દેશમાં હાઈ બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, કોલેસ્ટેરોલ તથા હૃદયરોગ જેવી બીમારીનું પ્રમાણ ખૂબ વધતું ગયું છે. વિશ્વ આરોગ્ય સંસ્થા(**WHO**)ના અનુમાન અનુસાર ૨૦૨૦ની સાલ સુધીમાં વિશ્વના કુલ હૃદયરોગીઓમાંથી અડધાથી વધારે ભારતીયો હશે ! બીજા શબ્દોમાં કહીએ તો કદાચ કોઈ ઘર બાકી નહીં હોય કે જ્યાં આ બીમારીની હાજરી ન હોય ! એટલે જ ભારત દેશને ડાયાબિટીસ તથા હૃદયરોગની રાજધાની કહેવામાં આવે છે.

આ પુસ્તકમાં હૃદયરોગની બીમારી, તેનાં લક્ષણો, તે થવાનાં કારણો અને તેના ઉપાયો વિશેની વૈજ્ઞાનિક માહિતી ખૂબ સરળ શબ્દોમાં રજૂ કરવામાં આવી છે. ઍન્જિયોગ્રાફી, ઍન્જિયોપ્લાસ્ટી, બાયપાસ સર્જરી, પેઈસમેકર સારવાર, રેડિયો ફ્રીક્વન્સિ એબ્લેશન વગેરે જેવી અદ્યતન તથા જટિલ પ્રક્રિયાઓ રસપ્રદ રીતે સમજાવવામાં આવી છે. એટલું જ નહીં, હૃદયરોગથી બચવા માટે અતિ જરૂરી એવી સ્વાસ્થ્યપ્રદ જીવનશૈલી વિશે વાચકના મનમાં ઉત્સાહ ઉત્પન્ન થઈ જાય તેટલું સુંદર વર્ણન કરવામાં આવ્યું છે. અમને વિશ્વાસ છે કે આ પુસ્તક દરેક વ્યક્તિ અને સમગ્ર તબીબી જગતને ખૂબ ઉપયોગી નીવડશે.

**નવનીત એજ્યુકેશન લિમિટેડ**

Like us on /navneet.india | www.navneet.com

**દરેક બુકસેલરને ત્યાં મળે છે.**

NAVNEET®

*With Best Compliments....*

**Shyam Raghwani**
Director
M. : 98792 06455

# M MADHUSUDAN

## SPECIAL SECTIONS PVT. LTD.

**MANUFACTURERS :**

- STEEL DOOR & WINDOW SECTIONS
- ANGLES
- TEE • FLATS • BARS
- GATE CHANNEL & BRIGHT BARS

Opp. Naroda G.I.D.C., Himmatnagar Highway,
Naroda, Ahmedabad-382 330.

**Phone** : (079) 22813270 / 22823482 / 22823487
**Fax** : 079-22822173
**E-mail** : madhusudansteel@rediffmail.com
**Website** : www.madhusudansteel.com




JRJ®
JRJ FOODS PVT. LTD.
MANUFACTURER & MARKETER OF CONFECTIONERY PRODUCTS

MichisTreats

**Plant & Registered Office :**
Plot Nos.: 314/315, Phase 1, GIDC - Chhatral, Taluka - Kalol,
Dist. - Gandhinagar 382 729. Gujarat, India.
+91 2764 234400 / 11 / 12 info@jrjfoods.com jrjfoods.com

વર્ષ-૩૨ ● અંક - ૬
૧૫ ડિસેમ્બર, ૨૦૧૮

**માનદ્ સલાહકાર**
શ્રી હંસરાજ કંસારા

**તંત્રી મંડળ**
**અશોક મહેતા - મુખ્ય તંત્રી**
મો. ૯૮૨૫૩૨૨૬૮૯/૯૮૭૯૦૬૩૧૦૦
**દિનેશ આર. મહેતા**
મો. ૯૯૨૪૩૪૨૬૨૮
**ભોલાભાઈ ગોલીબાર**
ફોન : (૦૭૯) ૨૬૬૦૬૮૮૮

**વ્યવસ્થાપક સમિતિ/જાહેરાત સમિતિ**
**શ્રી મનુભાઈ કોટડિયા - કન્વીનર**
મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮
**શ્રી ભરત ઓઝા - સભ્ય**
મો. ૯૮૨૫૭ ૧૪૮૩૩
**શ્રી સુનીલ દાવડા - સભ્ય**
મો. ૯૮૨૫૦ ૨૧૪૨૩

**વિભાગીય સંપાદન**
વતનના વાવડ - ભરત ઓઝા
ગાંધીનગર ગાથા - વર્ષા મહેતા
મહિલા વિશ્વ - રેખાબેન શુકલ
કલરવ - દિનેશ માંકડ
શબ્દ-શોધ - પ્રદીપ જોશી-આદિપુર

**પત્ર વ્યવહારનું સરનામું**
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com

●

Kutchshruti Available on
www.kutchisamajahmedabad.org
www.asanjokutch.com
www.hellokutchis.com

**કચ્છ શ્રુતિ લવાજમ**
૨ વર્ષ : રૂા. ૫૦૦/-
૫ વર્ષ : રૂા. ૧૦૦૦/-
આજીવન : રૂા. ૧૫૦૦/-
ચેક/ડ્રાફટ : 'શ્રી કચ્છી સમાજ-અમદાવાદ'ના નામનો મોકલવો.


'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' તંત્રી મંડળનું સહમત હોવું આવશ્યક નથી. - મુખ્ય તંત્રી

# આ અંકમાં....

## વિભાગ-૧


### તંત્રી સ્થાનેથી
- કોઈ અન્ય ગાંધી આ દેશમાં જન્મે તેની રાહ જોવાય છે! ...................... **અશોક મહેતા**....૯

### કચ્છ
- ભૂકંપ પછીનું કચ્છનું અર્થકારણ – ૧ ............................. **CA ડૉ. રાજેશ ખંડોલ**....૧૩
- રજવાડી ઠાઠની ઝલક આપતો ખંડ : આયના મહેલ - ભુજ ... **ડૉ. મિહિર એમ. વોરા**....૧૮
- ભુજ સ્થિત શ્રી રામજી રવજી લાલન કૉલેજનો લલકાર લહેરાયો લાલ કિલ્લે (પ્રતિભાવ સ્વરૂપે) ........................ **પ્રા. સૂર્યકાંત ભટ્ટ**....૨૧

### વ્યક્તિ વિશેષ
- એક સંનિષ્ઠ શિક્ષક, લેખક, ચિંતક : કચ્છના શ્રી હરેશ ધોળકિયા.... **પ્રા. સૂર્યકાંત ભટ્ટ**....૨૨

### ગુજરાતી કથાગીતો
- ઝવેરચંદ મેઘાણીનું સદાબહાર કથાગીત 'ચારણ-કન્યા' ...... **સંકલન : જીના વીરેન શેઠ**....૨૩

### કર્મ-ફળ
- કોઈને નાનો ના સમજો સાહેબ, કેમકે દિવસો ભેગા મળીને વર્ષને પણ બદલી નાખે છે! ............................................ **ભોલાભાઈ ગોલીબાર**.....૨૬

### જબાન
- શબ્દશોધ : અંગ્રેજી શબ્દોની ગુજ્જુગ્રાફી – (૫) ........................... **તુલસી કંસારા**.....૨૭

### સ્વાસ્થ્ય
- ૨૧મી સદીમાં માનસિક બાળ ઉછેર – (૨)............... **ડૉ. મણિલાલ ગડા, મનોચિકિત્સક**....૨૯
  **ડૉ. દિપ્તી શાહ (ગડા) મનોચિકિત્સક અને બાળ મનોચિકિત્સક**

### સાયન્સ
- સ્ટેન્ટ્સ જેવા ઉપકરણોના આરોપણનો 'ઘાતકી' કારોબાર.. .................................. .....૩૧

### લઘુ કથા
- પરિવર્તન.................................................................. **નવીન ત્રિપાઠી 'અલ્પ'**....૩૨

**વલોવતન** .......................................................................................... ૩૩

### વિવિધતા
- પ્રતિભાવ ........................................................................................... ૩૬
- અન્ય સંસ્થાઓના સમાચાર ........................................................................ ....૩૮
- શબ્દ શોધ : ક્રમાંક - ૭૮..........................................**પ્રદીપ જોષી - આદિપુર**....૪૨
- હાસ્ય મજાક સાથે જ્ઞાનવૃધ્ધિ : આવી આવી લગ્નની મોસમ આવી ...... **ભાવના એ. ઝવેરી**....૪૩
- પુસ્તક પરિચય ................................................................... ...**દિનેશ માંકડ**....૪૪

### મેઘ ધનુષ
- માડુ : **દિપક પુરી (દર્દે દિલ)** ● ભુજીયા ડુંગરજો પુનરોધ્ધાર : **મહાભાઈ આર. વોરા**....... ...૪૫
- કેટલીય યાદ નીકળે : **દિલીપ આચાર્ય 'દિલકશ'** ● હું કચ્છ છું : **રમીલા પી. મહેતા** ● પનોતી : **'આરસી'** શાહ .....૪૫


## વિભાગ-૨


- સમાજ સમાચાર ...................................................................................... ૪૬
- પરિવાર સમાચાર .................................................................................... ૪૭
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ ...................................................... ૪૮

# ૧૯૭૫ થી વ્યવસાયલક્ષી તાલીમ આપતી એકમાત્ર સંસ્થા





આપ પણ ફેશન ડીઝાઈનર બની શકો છો ?

## ફેશન ડીઝાઈનીંગ, ગારમેન્ટ મેકિંગ અને બ્યુટી પાર્લર ક્ષેત્રે

કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...

## S.S.C. - H.S.C.

પાસ-નપાસ અને ગ્રેજ્યુએશન પછી શું ?

**એન્જીનીયરીંગ ક્ષેત્રે**

કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...

**ડીપ્લોમા એન્જી. થઈ શકો છો.**
**સરકાર માન્ય તેમજ ખાનગી**

ટી.વી. - ડી.વી.ડી., ઈલેક્ટ્રોનીક્સ, મોબાઈલ રીપેરીંગ, વાયરમેન, ઈલે. મોટર રીવાન્ડીંગ, ઈલેક્ટ્રીશીયન, રેફ્રીજરેશન એન્ડ એસી. રીપેરીંગ, ડ્રાફ્ટમેન સીવીલ, મિકેનિકલ, ટર્નર, ફીટર શીખો.

# ડી. એન. પોલીટેકનીક

સંપર્ક :
પટેલ વાડી, બાપુનગર. : મો. ૮૧૨૮૮૪૧૭૮૦
રાયપુર : ફોન : ૦૭૯-૨૨૧૬૧૪૦૩ મો. ૯૬૦૧૬૦૫૬૩૧
નરોડા : ફોન : ૦૭૯-૨૨૮૧૪૨૩૫
મણીનગર : મો. ૭૮૭૪૦૩૧૮૬૦
મેઘાણીનગર : મો. ૯૬૦૧૧૭૭૪૮૯
દેહગામ : ૮૧૨૮૮૪૧૫૬૪

**કચ્છી સમાજ - અમદાવાદ પરિવારને ૨૫% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.**

તંત્રીલેખ

# કોઈ અન્ય ગાંધી આ દેશમાં જન્મે તેની રાહ જોવાય છે!



અશોક મહેતા

આઝાદી સમયે ભારત દેશનો જે સામાજિક માહોલ હતો એ માહોલ આજે રહેવા નથી પામ્યો. એ સમયે વાતાવરણમાં દેશભક્તિ, સાદાઈ, દેશને આગળ ધપાવવાની તમન્ના, દેશ ખાતર મરી ફીટવું વગેરે પ્રકારનો જાહેર જીવનનો માહોલ હતો. પરંતુ આજે એ ધ્યેયોથી આપણે ઘણા જ દૂર નીકળી ગયા છીએ. લાંચ રુશવત, ભ્રષ્ટાચાર, બેઈમાની, દગાબાજી, અપ્રામાણિકતા, દેશદ્રોહી બનવું વગેરે પ્રકારનું વાતાવરણ ચારે તરફ છલકાઈ ગયેલ છે. પરિણામ એ આવેલ છે કે આજે ૧૩૫ કરોડની આબાદીમાંથી ૪૦ કરોડ લોકો ગરીબી રેખા નીચે જીવે છે. આવું કેમ થયું? આઝાદી સમયે આ દેશે સેવેલા સપના ચકનાચૂર કેમ થયા? દેશના એકે એક નાગરિકને પાયાની જરૂરિયાત એવા રોટી, કપડા, મકાન પૂરું કેમ પાડી ન શકાયું? જવાબ દેશની આમ પ્રજાની અનૈતિકતા તરફ અંગૂલી નિર્દેશ કરે છે. આજ આમ જનતામાંથી આપણા નેતાઓ અને અધિકારીઓ આવે છે. યથા પ્રજા, તથા રાજાના આ સમયકાળમાં અનૈતિકતા, અપ્રામાણિકતા અને ભ્રષ્ટાચારે માઝા મૂકેલ છે. દેશના વિવિધ વિભાગોના નૈતિક અધઃપતનના દાખલાઓ અત્રે વિસ્તારપૂર્વક રજૂ કરેલ છે કે જેથી તેના તરફ દૃષ્ટિ ફેરવી, સારાયે ભારતીય સમાજને હવે પછી આમાંથી બહાર નીકળવા શું કરવું જોઈએ તે બાબત વિચારી શકાય. વર્તમાનપત્રોમાં આવેલ માહિતીના આધારે વિસ્તૃત દાખલાઓ નીચે મુજબ રજૂ કરી શકાય.

તાજેતરમાં જ પ્રકાશિત કરવામાં આવેલ ટ્રાન્સપેરન્સી ઈન્ડિયાનો અહેવાલ જણાવે છે કે દેશમાં લાંચ રુશવતનું પ્રમાણ વર્ષોવર્ષ વધી જવા પામેલ છે. ૨૦૧૭માં ૪૫ ટકા લોકોએ લાંચ રુશવત આપવાની વાતનો સ્વીકાર કરેલ હતો. વર્ષ ૨૦૧૮માં આ આંકડો ૫૬ ટકા સુધી પહોંચી ગયો છે. એક જ વર્ષમાં ૧૧ ટકાનો વધારો થયો. વધુ વિશ્લેષણમાં ઉતરીએ તો જમીન રજિસ્ટ્રીના કામમાં સૌથી વધુ એટલે કે ૩૦ ટકા ભ્રષ્ટાચાર થાય છે. બીજા ક્રમે પોલીસ તંત્રમાં ૨૫ ટકા ભ્રષ્ટાચાર થાય છે. ત્રીજા ક્રમે ૧૮ ટકામાં નગરપાલિકામાં ભ્રષ્ટાચાર થાય છે. અન્ય વિભાગોમાં ભ્રષ્ટાચાર તે પછીના ક્રમે આવે છે. અધિકારીઓ અને દલાલો વચ્ચે થતું ગઠબંધન ભ્રષ્ટાચારમાં વધારો કરતું હોય છે.

એપ્રિલ ૨૦૧૮માં એન્ટી કરપ્શન બ્યુરોએ ગાંધીનગરમાં જમીન વિકાસ નિગમની ઓફિસમાં દરોડા પાડ્યા હતા. જેમાં નિગમના એમ.ડી. કે.એસ. દેત્રોજા, જોઈન્ટ ડાયરેક્ટર કે.સી. પરમાર, મદદનીશ નિયામક એમ.કે. દેસાઈ, ફિલ્ડ સુપરવાઈઝર એસ.એમ. વાઘેલાના ખાનામાંથી રૂા. ૬૨ લાખની રોકડ રકમ મળી આવી હતી. આ સિવાય સાબરકાંઠા, પાટણ સહિતની અન્ય કચેરીઓ ખાતે તેમજ અધિકારીઓના નિવાસ સ્થાને દરોડા પાડવામાં આવ્યા હતા. દરોડા દરમિયાન અધિકારીઓ તરફથી લાખોનો ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો હોવાની વિગતો સામે આવી હતી. આ વિભાગ સુધરી શકશે નહીં તેવો અંદાજ આવતાં, સરકારે આ વિભાગ જ બંધ કરી દીધા હોવાના સમાચાર છે.

કેન્દ્ર સરકારના મંત્રી અને બનાસકાંઠાના સાંસદ હરિભાઈ ચૌધરી પર પી.એન.બી. – નીરવ મોદી કૌભાંડમાં કરોડોની લાંચ લેવાના આરોપો છે. ગુજરાત સરકારના રાજ્યકક્ષાના મંત્રી પરષોત્તમ સોલંકીના અંગત મદદનીશ

વિપુલ ઠક્કર દ્વારા રૂા. ૨.૦૦ કરોડ હરિભાઈ ચૌધરીને પહોંચાડાયા છે તેવું સી.બી.આઈ. તરફથી સુપ્રીમ કોર્ટમાં કહેવામાં આવ્યું છે.

સી.બી.આઈ. ડાયરેક્ટર આલોક વર્મા તથા સી.બી.આઈ. એડિશનલ ડાયરેક્ટર રાકેશ અસ્થાનાએ એક બીજા પર કરોડોની લાંચ લેવાના આક્ષેપો કરેલ છે. જ્યાં સી.બી.આઈ. જ ભ્રષ્ટાચારમાં ડૂબેલી હોય, ત્યાં તે ભ્રષ્ટાચારીઓ સામે કેવી રીતે તપાસ કરી શકે અને તે તપાસનું વજૂદ કેટલું રહે?

રાજસ્થાનમાં અરવલ્લી પર્વતમાળાના ૩૦ પર્વતો સંપૂર્ણપણે ગાયબ થઈ ગયા છે તેવી નોંધ અદાલતે લીધેલ છે. આ ભૂ-માફિયાઓની કામગીરીનું પરિણામ છે. સરકારના ખાણ અને ખનીજ ખાતાના કેટલાક અધિકારીઓ અને કેટલાક કર્મચારીઓની બેહિસાબ સંપત્તિ જ બતાવે છે કે છેકથી છેક સુધી ભૂ-માફિયાઓના સેટીંગ ચાલે છે.

ગુજરાતના મોટાભાગની નદીઓની રેતી વેચાઈ ગયેલ છે તેની નોંધ લેવામાં આવેલ છે.

મધ્યાહ્ન યોજના જેવી યોજનાને પણ ભ્રષ્ટાચારીઓએ બાકાત રાખેલ નથી. તામિલનાડુ મધ્યાહ્ન યોજના માટે ખોરાકની ચીજોના મુખ્ય સપ્લાય તિરુચેન્ગોડ સ્થિત ક્રિસ્તી ફાઈડગ્રામ ઈન્ડસ્ટ્રીઝના મકાનો, તેમના કર્મચારીઓ અને અન્યોના નિવાસ સ્થાનમાં જુલાઈ-૨૦૧૮માં પડેલા દરોડામાં રાજકારણીઓ, વરિષ્ઠ સરકારી અધિકારીઓ અને તેમના પરિવારના સભ્યોને તાજેતરના વર્ષોમાં રૂપિયા ૨૪ અબજની લાંચ અને કમિશન અપાયાનું બહાર આવ્યું હતું.

ગુજરાતના નર્મદા કેનાલોના બાંધકામમાં પણ ભ્રષ્ટાચાર ફાલ્યો છે. છેલ્લા ત્રણ મહિનામાં જ રાધનપુર તાલુકામાં નર્મદાની માઈનોર તેમજ ડિસ્ટ્રીબ્યુટરી તેમજ અન્ય પ્રકારોની પણ ૧૨ કેનાલો તૂટી જવા પામી છે. કોન્ટ્રાક્ટર પાસેથી અધિકારીઓ લાંચ લેતા હોવાથી કેનાલનું બાંધકામ ખૂબ જ નબળું થવા પામે છે કે જેમાં પાણી વહાવતા એ તરત તૂટી જાય છે. આ બાબતનો ઉલ્લેખ કોન્ટ્રાક્ટરના નામ સહિત વર્તમાનપત્રોમાં પ્રસારિત થયેલ છે. કચ્છ બ્રાંચ કેનાલોની પણ આજ પરિસ્થિતિ રહેવા પામેલ છે.

ઘોઘા - દહેજ ફેરી સર્વિસમાં અત્યાર સુધી રૂા. ૭૦૦ કરોડનો ખર્ચ થઈ ચૂકેલ છે કે જેની પાછળ ભયંકર ભ્રષ્ટાચાર થયાની શંકા છે. ફેરી સર્વિસ માટે ખરીદાયેલ વોયેજ સિમ્ફની જહાજ રૂા. ૧૪૪ કરોડમાં ખરીદાયું છે કે જે ૨૬ દિવસમાં જ બંધ પડી ગયેલ છે. જહાજ ખરીદીમાં પણ ભયંકર ભ્રષ્ટાચાર થયાની શંકા વ્યક્ત થઈ રહેલ છે.

પાટનગર દિલ્હીની તિહાર જેલમાં જ વિવિધ માંધાતાઓને જલ્સા થાય તેવી ભરપૂર સુવિધાઓ પ્રાપ્ત થતાં તે અનેક વખત રંગે હાથે પકડાયેલ છે.

સી.બી.આઈ., ઈ.ડી., આર.બી.આઈ., કેગ, ન્યાયતંત્ર જેવી સ્વાયત્ત સંસ્થાઓ બંધારણ પ્રમાણે સ્વતંત્રપણે કામ કરતી સંસ્થાઓ છે. પરંતુ તેના પર હક્ક જમાવવા કેન્દ્ર સરકાર અવારનવાર પ્રયાસ કરે છે.

સી.બી.આઈ. જેવી સ્વાયત્ત સંસ્થાને રાજકારણીઓએ પોતાના ભરડામાં લીધેલ છે. આંધ્ર પ્રદેશ અને બંગાળે કેન્દ્રના પોલીસ તપાસ ખાતાને પ્રવેશબંધી ફરમાવી છે અને કેન્દ્રની હાલની સરકાર પોતાની સામેનું વેર વાળવા માટે ખોટી રીતે પોલીસ તપાસ માટે સી.બી.આઈ.નો દુરુપયોગ કરે છે તેવો આક્ષેપ પણ મૂક્યો છે. ચંદ્રાબાબુ નાયડુએ આંધ્રમાં એક ઝાટકે કેન્દ્રના જુદા જુદા ૬૩ કાયદાનો અમલ સ્થગિત કરી દીધો છે. ભ્રષ્ટાચાર નિયંત્રણ, વિમાન અપહરણ, બેનામી સંપત્તિ, પ્રાચીન ચીજવસ્તુની હેરાફેરી વગેરે કેસની તપાસ કોઈ મધ્યવર્તી સંસ્થાએ કરાવવી હશે તો દરેક વખતે એ સંસ્થાએ આંધ્ર સરકારની પરવાનગી મેળવવી પડશે એવો નાયડુનો નિર્દેશ છે. બંધારણ પ્રમાણે નાયડુ કદાચ પાર ઉતરે પણ વ્યવહારિક રીતે અપરાધીઓની તપાસને અટકાવવાનો આ સિલસિલો

*રાજકારણીઓ દ્વારા ભારત દેશને ક્ષતિ પહોંચાડશે.*

*પશ્ચિમ બંગાળમાં કોલ બ્લોકની ફાળવણી સાથે સંકળાયેલા કોલસા કૌભાંડના એક કેસમાં ભ્રષ્ટાચાર અને ગુનાહિત કાવતરાના અપરાધોમાં દિલ્હીની કોર્ટે પૂર્વ કોલસા સચિવ એસ.સી. ગુપ્તા તથા અન્ય અધિકારીઓને દોષિત ઠેરવ્યા છે.*

*કાશ્મીરમાં વિધાનસભ્યોનું હોર્સ ટ્રેડિંગ ન થાય એટલા માટે ત્યાંના રાજ્યપાલે વિધાનસભાને બરખાસ્ત કરી દીધેલ છે.*

*ગુજરાત રાજ્યના પોલીસ ભરતી બોર્ડે ૯,૭૧૩ લોકરક્ષકની ભરતી કરવા આયોજન કર્યું હતું કે જેની સામે ૮,૭૬,૩૫૬ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા આવ્યા હતા. પેપર ફૂટી જતાં પરીક્ષા રદ્દ કરવી પડી હતી. અહીં નોંધવાનું એ છે કે ભારતમાં બેકારી એટલી હદે વધી ગઈ છે કે એક જગ્યા માટે ૯૦ વ્યક્તિઓએ અરજી કરેલ હતી. અન્ય તરફ મૂકેશ અંબાણીની દીકરી ઈશાને તેના લગ્ન પ્રસંગે તેના પિતાશ્રીએ રૂા. ૪૫૨ કરોડનો બંગલો ભેટ આપેલ છે. ફાર્માસ્યુટીકલ કંપની કેડિલાના ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટર રાજીવ મોદી તેમની પત્ની મોનિકા ગરવાલેથી દાંપત્ય જીવનનો અંત લાવવા, મોનિકાને રૂા. ૨૦૦ કરોડ ચૂકવે એ શરતે છુટાછેડા નક્કી કરવામાં આવેલ છે. આ હકીકત ભારતીય સમાજમાં કેટલી હદે અસમાનતા પ્રવર્તે છે તેનો નિર્દેશ કરે છે.*

*ઉપરોક્ત દાખલાઓ વિસ્તૃતપણે એટલા માટે આપવામાં આવ્યા છે કે સમગ્ર દેશમાં એવો કોઈ વિભાગ નથી કે જ્યાં ભ્રષ્ટાચાર ફૂલ્યોફાલ્યો ના હોય. ભારતીય નાગરિકની જલદ સ્ખલનતાના આ દર્શન કરાવે છે કે જેના પરિણામે ૧૩૫ કરોડની વસ્તીમાંથી ૪૦ કરોડ લોકો ગરીબી રેખા નીચે જીવી રહ્યા છે.*

*આ ભ્રષ્ટાચારનો ઉપાય હાલે તો નજર સમક્ષ દૂર દૂર સુધી પણ દેખાતો નથી.* ***કોઈ અન્ય ગાંધી આ દેશમાં જન્મે તેની રાહ જોવાય છે.*** *ત્યાં સુધી ભારતના કોમન મેનને આજ પરિસ્થિતિમાં જીવવાનું રહે છે.*

*હા, આશાનો એક તંતુ હજુ બાકી રહે છે. સારાયે ભારત દેશમાં ફેલાયેલા ઘટક સમાજોની સામાજિક સંસ્થાઓમાં હજુ નિષ્પક્ષ અને પ્રામાણિક સેવાભાવી મહાનુભાવોનો માહોલ જળવાઈ રહેલ છે. હાલે તો આ મહાનુભાવોના હાથમાં સારાયે સમાજની નાની નાની બાબતોનો વહીવટ રહેવા પામેલ છે. પરંતુ જ્યારે મહાજનના આ સમૂહમાં નૈતિક ભાવનાનો ઉછાળો જાગશે ત્યારે તેઓ સમગ્ર ભારતમાં મોટાપાયે હાવી થઈ નૈતિક ભાવનાનો અંકુશ ફેલાવી શકે એ દિવસોની આપણે રાહ જોવી રહી!*

*ઈસુ ખ્રિસ્તના શરૂ થતા નવા વર્ષ ૨૦૧૯માં ભારત નૈતિકતા તરફ આગળ વધે તેવી શુભેચ્છા સાથે આપ સહુને નૂતન વર્ષના અભિનંદન.*

***૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગલોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,***
***બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯***

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે

| | |
|---|---|
| નામ / Name | : **શ્રી કચ્છી સમાજ – અમદાવાદ / Shri Kutchhi Samaj – Ahmedabad.** |
| બેંક | : **ધ ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપરેટિવ બેન્ક લિ.,** વ્યાપાર ભવન, મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૬. |
| **Bank** | : **The Bhuj Mercantile Co-operative Bank Ltd.** |
| **A/C No. :** | : **463009205080402 • IFS Code : HDFCOCBMCBJ** |
| **સમાજ કાર્યાલય વોટ્સઅપ નંબર : ૯૬૦૧૨ ૭૫૦૭૮** | |

# જીવનમાંગલ્યનો માર્ગ બતાવતાં જીવનચરિત્રો અને આત્મકથાનાં પુસ્તકો




## આત્મકથાઓ

| | | |
|---|---|---|
| જીવનપંથ | ધૂમકેતુ | 120 |
| મારા અનુભવો (પુરસ્કૃત) | સ્વામી સચ્ચિદાનંદ | 150 |
| मेरे अनुभव | स्वामी सच्चिदानंद | 400 |
| કડવામીઠા અનુભવો | સ્વામી સચ્ચિદાનંદ | 120 |
| મારી બાયપાસ સર્જરી | સ્વામી સચ્ચિદાનંદ | 30 |
| મારા ઉપકારકો | સ્વામી સચ્ચિદાનંદ | 45 |
| એવા રે અમે એવા | વિનોદ ભટ્ટ | 200 |
| મ.ન. દ્વિવેદીનું આત્મવૃત્તાંત | ડૉ. ધીરુભાઈ ઠાકર | 130 |
| સ્મરણમાધુરી | ડૉ. ધીરુભાઈ ઠાકર | 175 |
| સત્સંગમાધુરી | ડૉ. ધીરુભાઈ ઠાકર | 60 |
| અંગત-બિનઅંગત | ડૉ. ધીરુભાઈ ઠાકર | 60 |
| મારા સાધુજીવનનાં સંસ્મરણો | મુનિશ્રી કલ્યાણચંદ્રજી | 45 |
| અમાસના તારા | કિશનસિંહ ચાવડા | 175 |
| મારી લોકયાત્રા | ભગવાનદાસ પટેલ | 125 |
| મારી આનંદયાત્રા | ભગવાનદાસ પટેલ | 300 |
| જીવન – સ્મરણોના સથવારે | નાનુભાઈ સુરતી | 140 |
| મારી કરમકથની (પુરસ્કૃત) | નાગજીભાઈ દેસાઈ | 120 |
| મેરા જીવન સંગીત | ડૉ. કમલેશ અવસ્થી | 200 |
| હું સંભારણા અને સફર | દલપત ચૌહાણ | 120 |
| ફૂટનોટ | યશવંત મહેતા | 150 |

## જીવનચરિત્રો

| | | |
|---|---|---|
| વસ્તુપાળ અને તેજપાળ | સ્વામી સચ્ચિદાનંદ | 80 |
| સાચા મહાપુરુષો | સ્વામી સચ્ચિદાનંદ | 180 |
| સંતચરિત્રો અને ચિંતન | સ્વામી સચ્ચિદાનંદ | 200 |
| શિવાજીની શૌર્યગાથા | સ્વામી સચ્ચિદાનંદ | 150 |
| અપંગનાં ઓજસ | કુમારપાળ દેસાઈ | 180 |
| મહાયોગી આનંદઘન | કુમારપાળ દેસાઈ | 150 |
| સોરઠી સંતો | ઝવેરચંદ મેઘાણી | 200 |
| પપાસ્વામી રામદાસ (ખંડ 1થી4 સંયુક્ત) | રમણલાલ સોની | 600 |
| પંડિત સુખલાલજી | ડૉ. રમણલાલ ચી. શાહ | 90 |
| ગુરુ ગૌતમસ્વામી | રતિલાલ દીપચંદ દેસાઈ | 56 |
| હૈયે પગલાં તાજાં (પુરસ્કૃત) | મનસુખ સલ્લા | 170 |
| તુલસીક્યારાના દીવા (પુરસ્કૃત) | મનસુખ સલ્લા | 130 |
| ત્રણ વિરલ ઇસાઈ નારીઓ | યશવંત મહેતા, ગાર્ગી વૈદ્ય | 35 |
| હિન્દ સ્વરાજના શિલ્પી મહાત્મા ગાંધી | પ્રવીણ ક. લહેરી | 200 |
| મેનેજમેન્ટના મસીહા : મહાત્મા ગાંધી | ઉષા અરુણ ચતુર્વેદી | 125 |
| ભારતરત્ન સચીન તેંડુલકર | જગદીશ શાહ | 300 |
| ભારતરત્ન અટલ બિહારી વાજપેયી | કિશોર મકવાણા | 325 |
| રાષ્ટ્રગુરુ સમર્થ રામદાસ | સ્મિતા ભાગવત | 130 |
| સમાજના શ્રેષ્ઠીઓ (પુરસ્કૃત) | દોલત ભટ્ટ | 180 |
| સ્વામી ચિન્મયાનંદ | પ્રસાદ બ્રહ્મભટ્ટ | 200 |
| સ્વામી વિવેકાનંદ | પ્રસાદ બ્રહ્મભટ્ટ | 250 |
| નગરશેઠ શાંતિદાસ ઝવેરી | માલતી શાહ | 250 |
| વો જબ યાદ આયે | ડંકેશ ઓઝા | 140 |
| હઝરત મોહમ્મદ પયંગબર | નાનાભાઈ ભટ્ટ | 50 |
| જ્ઞાનવિજ્ઞાનના મહાન પાશ્ચાત્ય ચિંતકો | ભરત દવે | 400 |
| કોઈ ઝબકે, કોઈ ઝબકાવે | ધીરેન્દ્ર મહેતા | 120 |
| જીવનસફરનાં સંભારણા | રસિક મહેતા (પારેખ) | 170 |
| સ્ત્રીઓ મારી આસપાસ જીવનના વિવિધ પડાવે | બકુલા ઘાસવાલા | 180 |
| શ્રી અરવિંદ અને માતાજી | કિરીટ જોશી | 150 |

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

અમારાં સંપર્કસૂત્રો

**ગૂર્જર સાહિત્યભવન**
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001
ફોન : 079-22144663. e-mail : goorjar@yahoo.com
**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હૉલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15
ફોન : 26934340, મો. 9825268759
ઇમેલ : gurjarprakashan@gmail.com

# ભૂકંપ પછીનું કચ્છનું અર્થકારણ – ૧

કચ્છ

• CA ડૉ. રાજેશ ખંડોલ •

- **પ્રાસ્તાવિક :**

કચ્છ એ ગુજરાતનો ક્ષેત્રફળની દૃષ્ટિએ સૌથી મોટો જિલ્લો છે. ગુજરાતના કુલ ક્ષેત્રફળનો ૨૩.૨૦ ટકા હિસ્સો ધરાવે છે. કુલ ૪૫,૬૧૨ ચો.કિ.મી.નું વિશાળ ક્ષેત્રફળ ધરાવતા આ જિલ્લામાં આડેસરથી નારાયણ સરોવર વચ્ચે પૂર્વથી પશ્ચિમ તરફ જતા છેડાઓને પસાર કરતાં લગભગ ૩૫૦ કિ.મી. જેટલું અંતર કાપવું પડે છે.

કચ્છમાં ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના આવેલ વિનાશક ભૂકંપમાં ૧૫,૦૦૦થી વધારે વ્યક્તિઓએ જાન ગુમાવ્યા અને ૧,૬૭,૦૦૦થી પણ વધારે લોકો ઘાયલ થયા. અસંખ્ય શાળાઓ, રહેણાકનાં મકાનો, અન્ય બિલ્ડિંગો અને માલ મિલ્કતને નુકસાન થયું. ભૂકંપ પછીના થોડા દિવસો તો એવું લાગતું હતું કે કચ્છ હવે ક્યારેય ઊભું નહીં થઈ શકે. અહીં ભૂકંપની ભયાનકતા વિશે વાત નથી કરવી, પણ ચર્ચા એ કરવી છે કે એ ભયાનકતા કેવી રીતે ભૂતકાળમાં ફેરવાઈ ગઈ. માત્ર ૧૫ વર્ષના ટૂંકા ગાળામાં એક ફિનીક્સ પક્ષીની માફક કચ્છ બેઠું જ ન થયું, પણ ક્યાંય ન થયો હોય તેવો વિકાસ અહીં થયો છે. કેટલીય સરકારી સંસ્થાઓ, જ્ઞાતિઓનાં ટ્રસ્ટો અને સ્વૈચ્છિક સંસ્થાઓ મદદે આવ્યાં અને મદદ કરી પણ ખરી. પણ કચ્છની ખમીરવંતી પ્રજાએ એ સાબિત કરી દીધું કે વિકટ પરિસ્થિતિમાં મળતી મદદ એ માત્ર આંગળી પકડીને રાહ બતાવવા પૂરતું જ કામ કરી શકે છે, પણ મંજિલ તો પોતે જ ચાલીને પાર કરવી પડે છે. દેશમાં ઘણી જગ્યાઓએ ભૂતકાળમાં ભૂકંપ આવ્યા છે અને સરકારી સહાયો પણ મળી છે પરંતુ કચ્છના ભૂકંપ પછી જે વિકાસ થયો છે તે સરકાર માટે પણ ઉદાહરણ સ્વરુપ છે. કુદરતી આફતોમાં સરકારી નીતિ કેવી હોવી જોઈએ એ માટે તે માર્ગદર્શક થઈ શકે તેમ છે. હંમેશાં સહાય આપવી એ ઉકેલ નથી, પણ આફતનો ભોગ બનેલા પ્રદેશની કુદરતી લાક્ષણિકતાઓ ધ્યાનમાં રાખીને નીતિ - પોલિસી ઘડવાથી હંગામી ઉકેલના બદલે કાયમી ઉકેલ મળી શકે તેમ છે.

દેશમાં મેટ્રો સીટીઓમાં વધારો થયા જ કરે છે અને ગામડાંઓ અને મધ્યમ કક્ષાનાં શહેરો તૂટી રહ્યાં છે. વસ્તી વધારાની સરખામણીમાં મેટ્રો સીટી માળખાકીય સગવડો પૂરી પાડી શકતાં નથી અને મધ્યમ કક્ષામાં રહેલી માળખાકીય સુવિધાઓનો પૂરો ઉપયોગ થઈ શકતો નથી. સમગ્ર દેશના વિકાસ માટે નાના નાના શહેરો (ટાઉન)નો વિકાસ ખૂબ જરૂરી છે એ એક નિર્વિવાદ હકીકત છે. કચ્છનો આર્થિક વિકાસ એ દેશના સમગ્ર વિકાસને સાચી દિશામાં માર્ગદર્શન આપતું એક જીવંત ઉદાહરણ છે.

દુબઈ જેવા રણ પ્રદેશમાં કુદરતે ખાસ કંઈ આપ્યું ન હોવા છતાં જો આત્યંતિક વિકાસ થઈ શકે, તો કચ્છને તો કુદરતે કેટલાય ખનીજો, કુદરતી બંદરો અને પુષ્કળ પ્રમાણમાં ખેતીલાયક જમીન આપી છે. જો સાચી દિશામાં આ બધાં સંસાધનોનો ઉપયોગ થાય, તો હજી પણ ઘણો વિકાસ સાધી શકાય તેમ છે.

'કચ્છી માડુ' આમ પણ સાહસિક કહેવાય છે. વર્ષો પહેલાં કચ્છમાં ધંધા રોજગારની તકો ન હોવાના કારણે આપણા કચ્છીઓ આફ્રિકા અને ગલ્ફના દેશોમાં અને મુંબઈ વગેરે જઈ વેપારના ક્ષેત્રમાં પોતાનું નામ કાઢ્યું છે. પણ હવે સમય બદલાઈ રહ્યો છે. હવે ધંધા રોજગારની તકો કચ્છમાં પણ સર્જાઈ રહી છે. ઈન્ટરનેટના માધ્યમથી સમગ્ર વિશ્વ સાથે જોડાણ થઈ શકે તેમ છે. સાચી દિશામાં પ્રયાસોથી ઘણું કરી શકાય તેમ છે.

કચ્છનો જે વિકાસ થયો છે તે મહદ્ અંશે ૨૦૧૩ સુધી જ થયો છે. ત્યારબાદ ઔદ્યોગિક ક્ષેત્રમાં ઉત્પાદનમાં ઘટાડો નોંધાયો છે. વિશ્વની સ્પર્ધાત્મક ઝડપ અને સરકારી અમલદારોની ભ્રષ્ટ અને ધીમું કામ કરવાની વૃત્તિ – એ બંનેનો તાલમેલ મેળવીને વિકાસને જાળવી રાખવો લગભગ મુશ્કેલ થતું જાય છે. છેલ્લા ત્રણ વર્ષથી ચિત્ર થોડી ચિંતા પેદા કરે તેવું થઈ ગયું છે.

અહીં એવા કેટલાક પરિબળોની ચર્ચા કરીએ જેના કારણે આર્થિક વિકાસ સાધી શક્યા છીએ. ત્યારબાદ આર્થિક વિકાસને આંકડાકીય માહિતી દ્વારા દર્શાવતા કેટલાંક કોમન બેરોમીટર વિશે ચર્ચા કરીશું. ત્યારબાદ કચ્છમાં આર્થિક વિકાસ જે મુખ્ય પાંચ ઉદ્યોગોમાં થયો છે તે વિશે ચર્ચા કરીશું અને સાથે વધારે સારી રીતે વિકાસ સાધી શકવા માટે શું સુધારાની જરૂર છે

અને હજી કયા ક્ષેત્રોમાં વધુ તકો રહેલી છે તે વિશે માહિતી મેળવીશું.

## કચ્છના વિકાસમાં ભાગ ભજવનાર મુખ્ય પરિબળો

### (૧) સરકાર દ્વારા ભૂકંપગ્રસ્ત જિલ્લા માટે 'વેટ' અને 'એક્સાઇઝ માફી'ની જાહેર કરેલ યોજના :

સરકારે જાહેર કરેલી પાંચ વર્ષની એક્સાઈઝ માફી અને અમુક શરતોને આધીન એવી સ્કીમના કારણે સારા એવા ઉદ્યોગો કચ્છ તરફ આકર્ષાયા છે. આજના આ સ્પર્ધાત્મક વ્યાપારમાં કરવેરાની બચત એ એક નિર્ણાયક પરિબળ સાબિત થાય છે. અને તેનો લાભ લેવા માટે કેટલાય ઉદ્યોગો ભૂકંપ પછી કચ્છમાં આવ્યા છે. તેના કારણે કચ્છમાં ઔદ્યોગિકીકરણને વેગ સાંપડ્યો છે.

### (૨) કચ્છમાં રહેલા બંદરોનો વિકાસ :

સમગ્ર કચ્છ દરિયા કિનારે વસેલો પ્રદેશ છે. કચ્છમાં કંડલા, મુંદ્રા, જખૌ અને માંડવી – એમ મુખ્ય ચાર બંદરો આવેલ છે. તેમાં કંડલા અને મુંદ્રા કુદરતી બંદરો છે અને ઉચ્ચકક્ષાની માળખાકીય સુવિધાઓની ઉપલબ્ધતા કરાવે છે. ખાસ કરીને મુંદ્રા બંદર તો અદાણી ગ્રુપના હસ્તક વર્ષોવર્ષ માળખાકીય સુવિધાઓમાં વધારો કરી રહ્યું છે.

કચ્છનાં બંદરો ભૌગોલિક રીતે અખાતી દેશો જેવા કે દુબઇ સાથે ખૂબ જ ઓછું અંતર ધરાવે છે. તે ઉપરાંત ભારતના જ મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, પંજાબ, દિલ્હી, હરિયાણા, રાજસ્થાન જેવાં રાજ્યોમાં કોઈ પણ બંદર જેવી વ્યવસ્થા ન હોવાથી તેમના માટે ભૌગોલિક રીતે કચ્છનાં બંદરો જ વધારે અનુકૂળ આવે છે. મોટાભાગના ઉદ્યોગો આયાત અથવા નિકાસ પર આધારિત હોય છે. તેમને બંદર નજીકનાં સ્થળોમાં સ્થાપવાથી માલ પરિવહન ખર્ચ (Handling and transport)માં મહત્ત્વનો કાપ મૂકી શકાય છે.

### (૩) કચ્છમાં ખેતીનો વિકાસ :

કુદરતની મહેરબાનીથી કચ્છમાં સરેરાશ ૨૭૦ મિ.મિ. જેટલો વરસાદ પડતો હતો. જે લગભગ ૨૦૦૨થી ૨૦૧૫ સુધીમાં બમણો થઈ ગયો. (છેલ્લા ત્રણ વર્ષમાં સરેરાશ ખૂબ જ ઓછો વરસાદ થયો છે, જે એક ચિંતાનો વિષય છે) અને વિસ્તારની દૃષ્ટિએ તો હજી પણ ઘણી જ ખેતીલાયક જમીન બાકી છે. બાગાયતી પાકો જેવા કે ખારેક, કેરી, દાડમ વગેરેનું છેલ્લા દાયકામાં ખૂબ જ વાવેતર થયું અને ખેત પ્રવૃત્તિઓને વેગ સાંપડ્યો છે.

## ભૂકંપ બાદ કચ્છમાં થયેલ આર્થિક વિકાસને સાબિત કરતી આંકડાકીય માહિતી

### (૧) અસામાન્ય વસતી વધારો :

સામાન્ય રીતે જે સ્થળોએ આર્થિક વિકાસ અને રોજગારીની તકો હોય એ વિસ્તારોમાં જ લોકોનું સ્થળાંતર થતું હોય છે. છેલ્લે ૨૦૧૧માં થયેલ વસ્તી ગણતરીના આંકડાઓ મુજબ કચ્છની કુલ વસ્તી ૨૦,૯૦,૩૧૩ છે જે ૨૦૦૧ની કુલ વસ્તીની સરખામણીમાં ૩૨.૦૩ ટકાનો વધારો સૂચવે છે.

### (૨) બેંકોની સંખ્યા, તેની કુલ થાપણો અને કુલ ધીરાણો :

આર્થિક ઉદારીકરણની નીતિ બાદ મોટાભાગની બેંકોમાં જનતાનો હિસ્સો દાખલ થયો છે અને મહદ્ અંશે દરેક બેંકો તેમની શાખાઓનું નેટવર્ક કેમ વિસ્તારવું તેનો નિર્ણય, એ જે તે વિસ્તારમાં વસાવાયેલ ધંધાની તકો કેટલી રહેલી છે તેના પર સંપૂર્ણ વ્યવસાયિક રીતે વિચાર કરીને લે છે. કચ્છમાં વધી રહેલી બેંકોની શાખાઓની સંખ્યા જ દર્શાવે છે કે અહીં આર્થિક વિકાસ થયો છે. ભૂકંપ સમયે અંદાજિત ૧૫૦ આસપાસ બેંકોની શાખા ધરાવતું કચ્છ ૨૦૧૭માં ૪૧૫ જેટલી શાખાઓ ધરાવે છે. વિગતવાર માહિતી આ પ્રમાણે છે :

| ક્રમ | વિગત | સંખ્યા |
|---|---|---|
| ૧. | પૂર્ણ સુવિધા ધરાવતી પબ્લિક સેક્ટર બેંકોની શાખા | ૩૧૩ |
| ૨. | સેટેલાઇટ શાખા (પબ્લિક સેક્ટર બેંકોની) | ૨૧ |
| ૩. | ખાનગી બેંકોની શાખાઓ | ૫૯ |
| ૪. | કો-ઓપરેટીવ બેંકોની શાખાઓ | ૨૨ |
| | કુલ શાખા નેટવર્ક | ૪૧૫ |

*(દેના બેંક રિજિયોનલ ભુજ ઑફિસના આંકડા મુજબ)*

આ તો માત્ર વાત થઈ શાખા નેટવર્કની. ખરા આર્થિક વિકાસને દર્શાવતા કુલ થાપણો અને કુલ ધીરાણોના આંકડાઓમાં ધરખમ વધારો થયો. જે સ્પષ્ટ રીતે વધી રહેલ આર્થિક પ્રવૃત્તિઓનો માપદંડ કહી શકાય.

*એક હવાનું ઝોકું જલતા દીપકને બુઝાવી શકે છે પરંતુ અગરબત્તીને નહીં. કેમકે જે મહેકતા હોય તે પૂરા જીવન સુધી આનંદિત રહે છે, અને જે જલે છે તે ખુદ બુઝાઈ જાય છે.*

| ક્રમ | વર્ષના અંતે | કુલ થાપણો | કુલ ધીરાણો | કુલ ધીરાણોમાં પ્રાયોરિટી સેક્ટર ધીરાણો |
|---|---|---|---|---|
| ૧. | ડિસેમ્બર-૨૦૦૨ | ૫૨૮૨ | ૬૩૮ | ૩૬૯ |
| ૨. | ડિસેમ્બર-૨૦૦૩ | ૫૯૫૫ | ૭૩૪ | ૪૩૦ |
| ૩. | ડિસેમ્બર-૨૦૦૪ | ૬૪૫૨ | ૯૦૨ | ૪૮૦ |
| ૪. | ડિસેમ્બર-૨૦૦૫ | ૬૫૦૮ | ૧૧૫૮ | ૫૮૭ |
| ૫. | ડિસેમ્બર-૨૦૦૬ | ૭૯૭૦ | ૧૭૩૦ | ૭૬૨ |
| ૬. | ડિસેમ્બર-૨૦૦૭ | ૯૨૫૮ | ૨૧૮૧ | ૯૯૫ |
| ૭. | ડિસેમ્બર-૨૦૦૮ | ૧૦૬૪૫ | ૨૯૩૩ | ૧૨૨૬ |
| ૮. | ડિસેમ્બર-૨૦૦૯ | ૧૨૪૬૨ | ૩૧૩૪ | ૧૫૨૪ |
| ૯. | ડિસેમ્બર-૨૦૧૦ | ૧૩૩૪૪ | ૩૫૮૮ | ૧૮૮૬ |
| ૧૦. | ડિસેમ્બર-૨૦૧૧ | ૧૪૮૭૩ | ૪૧૮૨ | ૨૧૯૭ |
| ૧૧. | ડિસેમ્બર-૨૦૧૨ | ૧૧૭૭૦ | ૫૫૮૭ | ૩૦૪૫ |
| ૧૨. | ડિસેમ્બર-૨૦૧૩ | ૨૦૭૩૮ | ૭૨૨૭ | ૩૫૬૮ |
| ૧૩. | ડિસેમ્બર-૨૦૧૪ | ૨૧૯૩૫ | ૮૫૧૮ | ૪૪૨૯ |
| ૧૪. | ડિસેમ્બર-૨૦૧૫ | ૨૬૧૨૧ | ૧૦૦૦૬ | ૫૯૪૦ |
| ૧૫. | ડિસેમ્બર-૨૦૧૬ | ૩૧૪૦૦ | ૧૨૦૯૬ | ૬૧૦૮ |

*(દેના બેંક રિજિયોનલ ભુજ ઓફિસના આંકડા મુજબ)*

પ્રાયોરીટી સેક્ટરના ધીરાણોમાં થયેલ વધારો સૂચવે છે કે માત્ર મોટા ઉદ્યોગોમાં જ નહીં, પણ નાના ઉદ્યોગોમાં અને ખેતી ક્ષેત્રના ધીરાણોમાં પણ વધારો થયો છે. આમ આર્થિક વિકાસ કોઈ એક મર્યાદિત ક્ષેત્ર પૂરતો જ થયો છે એવું નથી, પણ સર્વાંગી વિકાસ થયો છે.

આ તબક્કે એક નિર્વિવાદ વાત છે કે વિકાસ તો સર્વાંગી થયો છે. સાથે ધંધાના કયા ક્ષેત્રમાં મુખ્ય વિકાસ થયો છે એ વિશે જો વિસ્તૃત ચર્ચા કરીએ તો કચ્છમાં આર્થિક વિકાસ અહીં જણાવેલ પાંચ ક્ષેત્રના કારણે થયો છે એમ કહી શકાય. બીજા ઘણાં ક્ષેત્રો હશે જેમાં પણ આર્થિક વિકાસ થયો હશે, પણ એમના આંકડા કુલ અર્થતંત્રની સરખામણીમાં મહત્ત્વના ન હોવાથી આપણે એવા ક્ષેત્રનો ઉલ્લેખ નહીં કરીએ.

**(૧) ખેતી ક્ષેત્ર :**

ભારત ખેતીપ્રધાન દેશ છે. સમય, મનુષ્યની જરૂરિયાતો, રહેણીકરણી વગરે સતત બદલાતા રહે છે, પણ અન્નની જરૂરિયાત આજથી હજારો વર્ષો પહેલાં પણ મનુષ્યને હતી, આજે પણ છે અને આવતાં હજારો વર્ષો પછી પણ આ જરૂરિયાત રહેવાની જ છે. આજે આ એક જ એવું ક્ષેત્ર કે ઉદ્યોગ છે જેમાં ૧૦ ટકા કાચો માલ નાખીને ૧૦૦ ટકા પાકો માલ મેળવી શકાય છે.

બીજા ઉદ્યોગોમાં રહેલી માળખાકીય સુવિધાઓ અથવા તો કુદરતી ખનીજ કે સંપત્તિનો ઉપયોગ કરવાથી તેનો નાશ થાય છે, જે ભવિષ્યમાં આવનાર પેઢીઓ માટે જોખમકારક છે. પણ ખેતી એક એવો ઉદ્યોગ છે જેમાં ભવિષ્યમાં આવનાર પેઢીને કે પર્યાવરણને કોઈ નુકસાન નથી. છેલ્લા દોઢ દાયકામાં ખેતીના ક્ષેત્રે કચ્છનો વિકાસ હરણફાળ સમાન ગણાવી શકાય. સિંચાઈ માટેના ડેમો, કૂવા અને અન્ય વ્યવસ્થામાં નોંધપાત્ર વધારો થયો છે. કચ્છે મુખ્યત્વે તો બાગાયતી પાકોમાં સારું એવું નામ કાઢ્યું છે.

- **ખારેક :**

કચ્છની ખારેકની ગુણવત્તામાં વર્ષોવર્ષ સુધારો થતો જોવા મળે છે. આજે વિદેશમાં ૫૦૦થી ૬૦૦ રૂપિયે કિલોગ્રામ વેચી શકાય તેવી ગુણવત્તા કચ્છની ખારેકમાં છે. ભારતમાં ૨૦૦થી ૩૦૦ રૂપિયે કિલોગ્રામ જ વેચાય છે. ખારેક માટે સૂકી હવા, ખૂબ તાપ અને ઓછું પાણી – આ મુખ્ય જરૂરિયાતો છે, જે કુદરતી રીતે કચ્છની આબોહવાને સુસંગત છે. કચ્છમાં ખારેકનું વાવેતર વર્ષોવર્ષ વધતું જાય છે. ૨૦૧૫-૧૬ના ખારેક ઉત્પાદનના આંકડા તપાસીએ તો માલૂમ પડશે કે કુલ ઉત્પાદન ૧,૬૫,૬૩૪ મેટ્રિક ટન થયું છે. સરેરાશ ૭૦ રૂપિયાના ભાવના આધારે રૂપિયા ૧૦૦૦ કરોડથી પણ વધારેની ઉપજ છે.

- **કચ્છી કેસર કેરી :**

ખારેકની માફક કેસર કેરીને પણ માફક આવે તેવી કચ્છની આબોહવા છે. કચ્છની કેસર કેરીની ગુણવત્તાએ છેલ્લા થોડાં વર્ષોમાં ગીરની કેરીને પણ પાછળ પાડી દીધી છે. ૨૦૧૪-૧૫ની આંકડાકીય માહિતી મુજબ કચ્છમાં કુલ ૮૫૨૩૯ મેટ્રિક ટન જેટલું ઉત્પાદન થયું છે. સરાસરી ૫૦ રૂા. પ્રતિ કિલોના આધારે અંદાજિત ૪૦૦ કરોડનું કચ્છી કેરીનું માર્કેટ છે.

- **દાડમ :**

કેરી અને ખારેકની માફક દાડમ પણ વાવેતર બાદ બેથી ત્રણ વર્ષ પછી થાય છે. કચ્છમાં દાડમની ખેતી નોંધપાત્ર રીતે વધી રહી છે. ૨૦૧૫-૧૬ની આંકડાકીય માહિતી મુજબ કચ્છમાં દાડમનું કુલ ૭૨,૪૯૩ મેટ્રિક ટન જેટલું ઉત્પાદન થયું છે.

સરેરાશ ૫૦ રૂ.ના ભાવના આધારે અંદાજિત ૩૫૦ કરોડનું માર્કેટ છે. બાગાયતી પાકો ઉપરાંત કચ્છમાં કેટલાક મહત્ત્વના પાકમાં પણ નોંધપાત્ર વધારો જોવા મળે છે. તેના આંકડા આ મુજબ છે.

| ક્રમ | પાકની વિગત | આંકડાકીય વર્ષ | ઉત્પાદન મેટ્રિક ટનમાં |
|---|---|---|---|
| ૧. | મગફળી | ૨૦૧૨-૧૩ | ૧,૫૪,૩૦૦ |
| ૨. | એરંડો | ૨૦૧૨-૧૩ | ૨,૪૪,૫૦૦ |
| ૩. | કપાસ | ૨૦૧૨-૧૩ | ૪૯,૬૯૧ |
| ૪. | શાકભાજી | ૨૦૧૪-૧૫ | ૨,૮૮,૨૪૩ |
| ૫. | મસાલા | ૨૦૧૪-૧૫ | ૩૬,૨૭૪ |
| ૬. | દૂધ (રોજ - લીટરમાં) | ૨૦૧૦-૧૧ | ૮,૮૪,૦૨૩ |
| ૭. | કુલ બાગાયતી બાકો | ૨૦૧૫-૧૬ | ૭,૪૬,૦૦૮ |

**(૨) બંદર અને પરિવહન ક્ષેત્ર :**

કુદરતે કચ્છને ચાર બંદર આપેલ છે. જેમાં બે તો કુદરતી બંદર હોવાથી સમગ્ર વર્ષ પરિવહન થઈ શકે છે. બંદરમાં માલ પરિવહન માટે ભારતમાં ઉત્તમ કહી શકાય તેવી સુવિધાઓ કંડલા અને મુંદ્રા બંદરે ઉપલબ્ધ છે.

કચ્છનાં બંદરોને કચ્છના ભૌગોલિક ફાયદાઓના કારણે અખાતી દેશો અને ભારતનાં મુખ્ય પાંચથી છ રાજ્યોનો આયાત-નિકાસ પરિવહનનો ધંધો મળે છે.

કચ્છનાં બંદરો હાલમાં ભારતની કુલ આયાત-નિકાસના ૨૩ ટકા જેટલા માલનું પરિવહન કર છે, જે ઉચ્ચ કક્ષાની માળખાકીય સુવિધાઓને આધારે નજીકના પાંચ વર્ષોમાં વધીને ૩૦ ટકા સુધી જવાની અપેક્ષા રાખી શકાય તેમ છે.

કંડલા બંદરેથી કુલ માલના પરિવહનના છેલ્લા બે વર્ષના આંકડાઓ આ મુજબ છે :

| ક્રમ | વિગત | કુલ માલ પરિવહન : લાખ મેટ્રિક ટનમાં | |
|---|---|---|---|
| | | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ |
| ૧. | કુલ આયાત | ૨૯૧.૫૬ | ૩૭૭.૭૭ |
| ૨. | કુલ નિકાસ | ૯૬.૧૮ | ૯૧.૬૫ |
| | કુલ પરિવહન | ૩૮૭.૭૪ | ૪૬૯.૪૨ |

મુંદ્રા બંદરેથી થતાં માલ પરિવહનના છેલ્લા કેટલાક વર્ષના આંકડાઓ આ મુજબ છે, જે દર્શાવે છે કે છેલ્લા દસ વર્ષમાં કેટલો વિકાસ થયો છે.

| વર્ષ ૨૦૦૯-૧૦ | ૧૦-૧૧ | ૧૧-૧૨ | ૧૨-૧૩ | ૧૩-૧૪ | ૧૪-૧૫ | ૧૫-૧૬ |
|---|---|---|---|---|---|---|
| *કુલ માલ પરિવહન (કરોડ એમ.ટી.માં)* | | | | | | |
| ૩.૯૪ | ૫.૧૯ | ૬.૪૮ | ૭.૫૯ | ૯.૬૨ | ૧૦.૫૯ | ૧૦.૩૫ |

મુંદ્રા બંદરેથી થયેલ કુલ માલ પરિવહનના છેલ્લા બે વર્ષના આંકડા આ પ્રમાણે છે :

| ક્રમ | વિગત | કુલ માલ પરિવહન : લાખ મેટ્રિક ટનમાં | |
|---|---|---|---|
| | | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ |
| ૧. | કુલ આયાત | ૮૪૯.૧૮ | ૮૧૩.૦૨ |
| ૨. | કુલ નિકાસ | ૨૦૯.૩૮ | ૨૨૧.૭૨ |
| | કુલ | ૧૦૫૮.૫૬ | ૧૦૩૪.૭૪ |

માલ પરિવહનના વધારા સાથે ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ, ગોડાઉન, ક્લિયરીંગ અને ફોરવર્ડિંગ ઉદ્યોગ, શીપીંગ ઉદ્યોગ જેવા આનુસાંગીક ઉદ્યોગોનો પણ વિકાસ થાય છે.

**(3) ખાણ-ખનીજ ક્ષેત્ર**

કચ્છ નોન-મેટલીક ખનીજ માટે ખૂબ જ સમૃધ્ધ મુલક જણાય છે. કચ્છ પાસે ઉચ્ચ ગુણવત્તા ધરાવતા બેન્ટોનાઇટ, લાઈમ સ્ટોન, બોક્સાઇટ, સીલીકા અને ચાઈના ક્લે જેવા ખનીજો પુષ્કળ પ્રમાણમાં ઉપલબ્ધ છે. લાઈમ સ્ટોનનો રિઝર્વ કચ્છમાં જેટલો વિપુલ પ્રમાણમાં છે, એ હિસાબે નજીકના પચાસ વર્ષમાં સમગ્ર ભારતમાં સિમેન્ટ ઉદ્યોગને કચ્છ લાઈમ સ્ટોન પૂરું પાડી શકે તેમ છે. ગુજરાત રાજ્યના ખાણ ખનીજ ખાતાના અંદાજ મુજબ કચ્છમાં ૨૦૪.૨૭ કરોડ ટન જેટલું લાઈમ સ્ટોન રિઝર્વ છે.

આ ઉપરાંત કચ્છના બેન્ટોનાઇટની ગુણવત્તા પણ બીજા રાજ્યોમાંથી નીકળતાં બેન્ટોનાઇટ કરતાં ખૂબ જ ઉત્તમ છે. એટલે જ તો આશાપુરા માઈનકેમ, ટ્રાટમેક્સ, જીમપેક્ષ જેવી આ ક્ષેત્રોની મોટી કંપનીઓએ કચ્છમાં વિસ્તરણ કર્યું છે. ગુજરાત રાજ્યના ખાણ ખનીજ ખાતાના એક અંદાજ મુજબ કચ્છમાં ૧૦.૫ કરોડ ટન જેટલું બેન્ટોનાઇટનું રિઝર્વ છે. આ સાથે કચ્છમાંથી ઉત્પન્ન થતાં લીગ્નાઇટની ગુણવત્તા બીજા રાજ્યોનાં લીગ્નાઇટ કરતા ઉત્તમ છે. કચ્છમાંથી પેદા થતા કુલ ખાણ ખનીજ ખાતાના ૨૦૧૩-૧૪ અને ૨૦૧૫-૧૬ના આંકડાઓ આ મુજબ છે.

| ક્રમ | ખનીજ | ૨૦૧૩-૧૪ | ૨૦૧૫-૧૬ |
|---|---|---|---|
| ૧. | બેન્ટોનાઇટ (રિઝર્વ ૧૦૫૦) | ૧૯.૬૦ | ૨૩.૩૪ |
| ૨. | ચાઇના ક્લે | ૩૪.૭૦ | ૪૫.૯૨ |
| ૩. | લીગ્નાઇટ | ૫૬.૮૦ | ૫૧.૯૧ |
| ૪. | લાઇમ સ્ટોન (રિઝર્વ ૨૦૪૨૭.૪૦) | ૭૨.૪૦ | ૭૩.૪૩ |
| ૫. | વ્હાઇટ ક્લે | ૩૫.૧૦ | ૪૧.૭૨ |
| ૬. | બ્લેક ટ્રેપ | ૭૯.૪૦ | ૮૮.૮૭ |
| ૭. | અન્ય | ૨૮.૪૦ | ૫૮.૫૨ |
| | કુલ ઉત્પાદન | ૩૨૬.૪૦ | ૩૮૩.૭૨ |

*(ઉત્પાદન લાખ મેટ્રિક ટનમાં)*

(આ લેખનો બીજો અને છેલ્લો ભાગ આવતા અંકે)

## જાણવા જેવું

★ ગુજરાતમાં ચાલુ વર્ષે ફક્ત ૭૪ ટકા વરસાદ પડ્યો છે. કચ્છ જિલ્લામાં તો માત્ર ૨૬ ટકા વરસાદ પડ્યો છે.

★ ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઑફ ઇન્ડિયાના એક સર્વેમાં ખુલાસો કરવામાં આવ્યો છે કે દેશમાં ૫૦ ટકા દૂધમાં ભેળસેળ થાય છે. જે સેમ્પલ ફેઇલ થયા તેમાં ૩૯ ટકા સેમ્પલમાં પાણીની ભેળસેળ કરવામાં આવી હતી જ્યારે ૧૦ ટકા સેમ્પલમાં આરોગ્ય માટે ઘાતક પદાર્થો માલૂમ પડ્યા હતા. પ્રોસેસ્ડ દૂધના ૪૬.૮ ટકા સેમ્પલ ફેઇલ થયા હતા જ્યારે કાચા દૂધના ૪૫.૪ ટકા સેમ્પલ ફેઇલ થયા હતા.

★ ગુજરાતમાં બેરોજગારીનો આંકડો દિવસો દિવસ વધતો જાય છે. તાજેતરમાં બહાર પડેલી તલાટીની ૧૮૦૦ જગ્યા માટે રાજ્યભરમાં ૧૯ લાખ જેટલી અરજી કરવામાં આવી છે. સરકારના આંકડા પ્રમાણે રાજ્યમાં ત્રીજા વર્ગની ખાલી પડેલી ૧૨ હજાર જેટલી જગ્યાઓ માટે ૩૮ લાખ જેટલી અરજીઓ આવેલ છે. ફોરેસ્ટ બીટ ગાર્ડની ૩૩૪ જગ્યા માટે ૪.૮૪ લાખ અરજી કરવામાં આવી છે. કોન્સ્ટેબલની ૯,૭૧૩ જેટલી જગ્યા માટે ૮.૭૬ લાખ અરજીઓ કરવામાં આવી છે. એવો અંદાજ લગાવવામાં આવે છે કે ગુજરાતમાં ૬૦ લાખથી વધુ યુવાનો રોજગારી શોધી રહ્યા છે.


# કચ્છી હસ્તકલા પ્રદર્શન

*કચ્છની મરૂભૂમિ પર રહીને,*
*અનેક વિષમતાઓ સહીને;*
*જેમણે પોતાની પરંપરાઓને*
*કારીગરી અને કસબને;*
*હસ્તકલા રૂપે સાચવી રાખી છે.*
*એ કારીગરના હુન્નરને પારખીને*
*એમના ટેરવાના ટહુકાને જીવંત કરીને*
*એ કસબીની કલાને સંચિત કરીને*
*આપની સમક્ષ લાવીશું.*
*કચ્છી કારીગરીની આ પ્રદર્શિનીમાં પધારી*
*આપ કચ્છના હીરનીરને વધાવશો*
*એ જ આગ્રહભરી વિનંતી.*

## જરૂર પધારજો...

**તા. ૨૩ અને ૨૪મી ડિસેમ્બર, ૨૦૧૮**

**સ્થળ** : **Reflextion Gallery**
પરિવાર સોસાયટીની સામે,
સત્યાગ્રહ છાવણી પાસે,
પ્રેમચંદનગર ક્રોસ રોડ.

**સમય** : સવારે ૧૦.૦૦થી રાત્રે ૮.૦૦ સુધી


**કચ્છી બાંધણી, દુપટ્ટા, સ્ટોલ, ડ્રેસ મટીરિયલ, જેકેટ્સ, ધડકી, શાલ, કચ્છી વર્કના કુશન કવર્સ, બેડશીટ (સીંગલ - ડબલ), અજરખ, બેગ્સ, પર્સીસ, મડ-મિરરનું કામ, મડ પેઇન્ટિંગ્સ, લેધર અને કચ્છી એમ્બ્રોયડરીના વિશેષ નમુનાઓ, વોલ પીસ, ચાકડા, એન્ટિક નમૂના તથા કેમિકલ વગરના ઓર્ગેનિક ઉત્પાદનો ઇત્યાદિ એક જ સ્થળે જોવા જરૂર પધારો....**

**● આયોજક અને નિમંત્રક ●**

**ફાલ્ગુની હીરેન** : *+91 98250 16677*
**રાજશ્રી શાહ** : *+91 99099 81328*
**નમ્રતા દોશી** : *+91 98794 41488*

કચ્છ

# રજવાડી ઠાઠની ઝલક આપતો ખંડ : આયના મહેલ - ભુજ



ડૉ. મિહિર એમ. વોરા

મિત્રો, દિવાળી વેકેશન અને રણોત્સવને કારણે ભુજના આયના મહેલમાં પ્રવાસીની ખૂબ ભીડ રહે છે, જે એક સારી બાબત છે. ભુજ - કચ્છની શાન ગણાતા આયના મહેલની વિશેષ વાત કરશું તો મજા આવશે. હવે તો ત્યાં ટાવરમાં ડંકા પણ વાગે છે અને તેને આખું ભુજ સાંભળે છે અને અતીતની અટારીમાં ડોકિયું કરે છે. વેકેશનમાં ઘણા લોકો આ મહેલની મુલાકાત લે છે.

જૂના ભુજમાં શહેરની વચ્ચોવચ્ચ જ્યાં એક સાંકડા પણ ભવ્ય દરવાજામાંથી અંદર પ્રવેશો કે લગભગ ૨૦૦-૩૦૦ વર્ષ પહેલાંની દુનિયામાં પહોંચી ગયાનો અનુભવ થાય. એક સમયે ભવ્ય દરબાર ગઢ ઈમારત આંખોમાં ચમક જગાવી જાય છે અને એ છે આયના મહેલ. ૨૬મી જાન્યુઆરીના ભૂકંપમાં આ ઈમારતને નુકસાન થયું હોવા છતાંય એની રજવાડી રોનક તો બરકરાર જ છે. ખૂબ સરળ અને સહજ શબ્દોમાં કહેવું હોય તો આયના મહેલ એટલે એવું મહેલ કે જ્યાં ૨૫૦ વર્ષ પહેલાં રજવાડી સપનું સાકાર થયું હોય. એમ તો આયના મહેલનું નામ જ એની વિશેષતા છતી કરી દે છે. હિંદીમાં 'આઈના' એટલે અરીસો.

આયના મહેલમાં પ્રવેશતાવેંત જ તેના નામની સાર્થકતા છતી થઈ જાય છે. મહારાવ લખપતજીએ ઇ.સ. ૧૭૫૦માં નિર્માણ કરેલા આયના મહેલ પર પાશ્ચાત્ય સંસ્કૃતિનો ખાસ્સો એવો પ્રભાવ જોવા મળે છે. આ મહેલના બાંધકામમાં પડદા પાછળની વાત ખૂબ નાની પણ જાણવી ગમે એવી છે. હકીકતમાં રાવ લખપતજી એટલે રાવશ્રી દેશળજીના પુત્ર. લખપતજી સાહિત્ય, સંગીત, સંસ્કૃત અને વિવિધ કળાના શોખીન અને તેમણે પોતાના સામ્રાજ્યકાળના પ્રારંભથી જ કચ્છને કળા - સંસ્કૃતિ ક્ષેત્રે સધ્ધર બનાવવાનું જાણે કે બીડું ઝડપ્યું. કલાકારોમાં ધરબાયેલી કલાને શોધી કાઢવી અને તેમને ઊંચું પ્લેટફોર્મ આપીને વિશ્વ વંદનીય બનાવવાનો જાણે કે શોખ હતો એમને. તેમની આવી જ એક શોધ એટલે રામસિંહ માલમ.

હકીકતમાં તોપ બનાવનાર કારીગર તરીકે રામસિંહ માલમે લાંબો સમય સુધી વિદેશ વસવાટ કર્યો હતો. જોકે વિદેશમાં તેઓ કાચ, લોખંડ, ટાઇલ્સ, મીનાકામ, ચાંદીકામ વગેરેના હુન્નરમાં પ્રાવીણ્ય મેળવીને સ્વદેશ પાછા ફર્યા હતા. જોકે તેમના એ હુન્નરને પારખી શકે એવું કોઈ મળ્યું નહીં. એટલે સુધી કહેવાય છે કે તેમની કલા-કારીગરીને પારખી શકે તેવું કોઈ ના મળતા, દુભાયેલા રામસિંહ માલમ કચ્છના રાવ લખપતજી પાસે પહોંચ્યા અને ત્યાં જઇને તેમણે પોતાની કલાની પરખ થાય એવા કામની માંગણી કરી.

રામસિંહ માલમની નિપુણતા પર વિશ્વાસ મૂકીને તેમણે એક ભવ્ય મહેલના નિર્માણની જવાબદારી એમને સોંપી. આશરે ૨૫૦૦ ફૂટ લાંબા આ મહેલના નિર્માણ માટે આજથી ૨૫૦ વર્ષ પહેલાં, મુંબઇ ગેઝેટિયરની નોંધ પ્રમાણે આયના મહેલના નિર્માણમાં એ સમયે બે લાખ પાઉન્ડ એટલે કે ૮૦ લાખ કોરી (આશરે પચ્ચીસ લાખ રૂપિયા) જેટલો ખર્ચ કરવામાં આવ્યો હતો.

ભુજના રોયલ કોમ્પ્લેક્સનો એક ભાગ છે આયના મહેલ. જે ચોકમાંથી પસાર થઇએ છીએ ત્યાં એક સમયે કચ્છના રાજવી પરિવારના સભ્યો દિવાળીના અવસરે તોપખાનું ફોડતા. અનેક દબદબાભરી દિવાળીઓ જોઈ ચૂકેલા આ ચોકમાંથી પસાર થઇને પહેલો માળ ચડીએ એટલે આવે આયના મહેલમાં દીવાને-આમ, દીવાને-ખાસ, ફુવારાવાળી ખાસ બેઠક વ્યવસ્થા, રાજવી પરિવારજનોના રૂમ અને સૌથી મહત્ત્વનો એટલે આયના હૉલ નિહાળીને મન ખુશ થઈ જાય છે. રૂમની ચારેબાજુ છૂટથી ફરી શકાય એ રીતે લોબીઓ બનાવવામાં આવી છે. મોગલ કાળની યાદ અપાવી દે એવું પ્રવેશદ્વાર વટાવો એટલે દીવાને-આમ આવે છે. અહીંનું કાષ્ઠ કોતરકામ મનને મોહી લે છે. જો કે ત્યારબાદ આવે છે ફુવારાવાળી બેઠક વ્યવસ્થા. એ બેઠક વ્યવસ્થા જોંતાવેંત જ તમને જકડી લે છે. એક વિશાળ હોજની વચ્ચે એન્જિનિયરીંગ કાબેલિયતને કામે લગાડીને કરવામાં આવેલી ઉત્કૃષ્ટ બેઠક વ્યવસ્થા. હોજની ચારે તરફ પાળીઓ પર મીણબત્તી અને દીવા માટેનાં સ્ટેન્ડ છે. હોજની વચ્ચે બનાવવામાં આવેલી બેઠક વ્યવસ્થાની ચારેબાજુ નાના-નાના ફુવારા બનાવવામાં આવ્યા છે. ઉનાળાના દિવસોમાં પણ આ ફુવારા અને હોજ શીતળતાનો રોમાંચક અનુભવ કરાવે છે.

ધ મોસ્ટ ઇન્ટરેસ્ટીંગ થીંગ ઇઝ કે એ જમાનામાં આ હોજ સુધી પાણી પહોંચાડવા માટે માટીની પાઇપ બનાવવામાં આવી હતી. જોકે માટીની પાઇપ કદાચ આજની પાઇપ લાઇનની મજબૂતીને પણ આંટે એવી હતી. હવે ઉપયોગમાં લેવાતી લોખંડની પાઇપ લાઇન આપણે હોજની બાજુમાં જોઈ શકીએ છીએ.

ફુવારા સુધી પાણી લાવવા માટે આયના મહેલથી આશરે ૧,૦૦૦ ફૂટ દૂર ઊંચે ટાંકી બનાવવામાં આવી હતી. આ ટાંકીની નીચે કોઠાવાવ નામે કૂવો છે. કૂવાનું પાણી રેંટ મારફતે ટાંકીમાં અને ટાંકીમાંથી પાઇપલાઈન મારફતે આયના મહેલ સુધી પહોંચે છે. આ સુંદર મજાના ફુવારાવાળી બેઠક વ્યવસ્થાનો ઉપયોગ કરવામાં આવતો હતો સંગીતની મહેફિલો માટે. ચારેબાજુ શીતળ અને સુગંધી ફુવારાનું પાણી ઊડતું હોય ત્યારે સંગીતની મહેફિલના સૂરો પણ કેવા જામતા હશે!

એવું કહેવાય છે કે રાજાશાહીના જમાનામાં કાળી ચૌદસ અને દિવાળીના દિવસે કચેરી ભરાય ત્યારે રાજા ખુદ અહીં આસન જમાવતા અને સંગીતની મહેફિલનો લુત્ફ ઉઠાવતા. કચ્છમાં કળા અને પાશ્ચાત્ય શૈલીનું આ સુંદર ઉદાહરણ છે. અઢીસો વર્ષ પહેલાં રામસિંહ માલમે વિકસાવેલી ટેકનોલોજી અને એનું એન્જિનિયરીંગ નિહાળીને આંખો પહોળી થઈ જાય છે. ખરેખર, આખો મહેલ ન જોઈએ અને જો માત્ર આ બેઠક નિહાળીએ તોય એમ થાય કે રામસિંહ માલમ પર રાવ લખપતે મૂકેલો વિશ્વાસ તેમણે ખરો પુરવાર કર્યો. આ ફુવારાવાળા ખંડમાંથી બહાર નીકળો એટલે ઘણા ખંડ અને ઘણું બધું નિહાળવાનું છે. ભુજના એક સુથારે બનાવેલું લાકડાનું પ્રવેશદ્વાર નિહાળો તો મન ખુશ થઈ જાય છે. આ પ્રવેશદ્વારની વિશેષતા એ છે કે એના પર હાંથીદાંતની નકશી મૂકવામાં આવી છે. ટેકનોલોજીના આ યુગમાં પણ કારીગરીનું આવું ઉદાહરણ તૈયાર કરવું મુશ્કેલ છે. જ્યારે આ તો લગભગ ઇ.સ. ૧૭૦૮માં ભુજના માધવ નામના સુથારે માત્ર ૪૦૦ કોરી એટલે કે આશરે ૧૦૦ રૂપિયાના મહેનતાણામાં તૈયાર કરી આપેલો દરવાજો છે. રામસિંહ માલમે આયના મહેલ બનાવવામાં જે ચીવટતા દાખવી છે એ, અને માધવ સુથારની મહેનત પર પણ આફરીન પોકારી જવાય! હાલ આયના મહેલમાં કચ્છ ઇતિહાસની સમૃદ્ધ લાઇબ્રેરી જોવા મળે છે જેનો લહાવો લેવા જેવો છે.

આમ, ખરેખર કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા.

*ઉજ્જવળ ભવિષ્ય એ લોકોનું છે કે*
*જેઓ પોતાના સ્વપ્નાનાં સૌંદર્યને જોઈ શકે છે*

## ગુટકા ખાઓ... ઇનામ જીતો...

| | |
|---|---|
| યોજનાની મુદત | આજથી માંડીને જીવન પર્યંત. |
| પ્રથમ ઇનામ | નાનું મોં |
| બીજું ઇનામ | સડી ગયેલ ગાલ |
| ત્રીજું ઇનામ | કેન્સર |
| ચોથું ઇનામ | યુવાનીમાં ઘડપણ |
| પાંચમું ઇનામ | કિડની ખરાબ |
| છઠ્ઠું ઇનામ | ખાંસી, કફમાં વૃધ્ધિ, દાંત ગાયબ |
| સાતમું ઇનામ | રામનામ સત્ય છે. |
| ફોર્મનું પ્રાપ્તિ સ્થાન | પાનના ગલ્લા |
| ફોર્મની કિંમત | એકથી છ રૂપિયા સુધી |
| ઇનામ-પ્રદાન સ્થળ | સ્મશાન ઘાટ |
| મુખ્ય મહેમાન | યમરાજ |

નોંધ : દરેક ગુટકા સાથે કમજોરી મફત.

*સંકલન : હીરાલાલ વી. ઊનડોઠવાલા - મુંબઈ*


**WITH BEST WISHES FROM**
**MORBIA GROUP OF COMPANIES**

sofa wala The Sofaz Expert

WORLD link IT Rental & Sales

furniture mall

**SUKHLAL MORBIA & FAMILY**

112, Dev Arc Complex,
ISCON Cross Road,
S.G. Highway, Ahmedabad.
**M. : 98252 36494, 98252 27499**





**sharpex**®
forest & garden solutions

# ઝાડ હોય કે ડાળ, શાર્પેક્સ કરે શ્રેષ્ઠ દેખભાળ !


**શાર્પેક્સની શ્રેષ્ઠ ક્વૉલિટીની ડાળી કાપવાની કાતરોથી આંબો, બોર, લિંબૂની ડાળીઓ ખૂબ સરળતાથી અને ઝડપી કાપાય છે. જેના સારા કટીંગ અને ફીનીશીંગ સાથે ઝાડમાં સડો, જીવડા થવાની અથવા ફૂગ લાગવાની સમસ્યા રહેતી નથી.**

**શાર્પેક્સના આધુનિક મશીનોથી નિલગિરિ, સુબાબુલ અને મીલીયા દુબિયાના ઝાડ ૧૦૦ ગણી ઝડપથી કાપી શકાય છે.**

**નકામી ડાળીમાંથી સરળતાથી ખાતર બનાવતા ચીપર, શ્રેડર અને ઝડપથી ખાડા ખોદવાના મશીનો પણ ઉપલબ્ધ.**



બ્રાંચ કટર




પેટ્રોલ ચેઈન સો




ગ્રીન વેસ્ટ શ્રેડર

**શોરૂમ :** શાર્પેક્સ શોપ, 105, આરોહી કોમ્પ્લેક્સ, વર્લ્ડ ઑફ ટાઈટનની ઊપર, રસરંજનની પાસે, વિજય ચાર રસ્તા, અમદાવાદ.

**ફેક્ટરી :** પ્લોટ નં 1-5, એલ ટાઈપ એસ્ટેટ, જી.આઈ.ડી.સી, ઓઢવ,અમદાવાદ, 382 415, ગુજરાત. Toll-free: **1800-313-3303 | +91-9998333933**

પ્રાસંગિક

# ભુજ સ્થિત શ્રી રામજી રવજી લાલન કૉલેજનો લલકાર લહેરાયો લાલ કિલ્લે (પ્રતિભાવ સ્વરૂપે)



પ્રા. સૂર્યકાંત ભટ્ટ

*આ લેખમાળાનો મણકા નંબર-૫ ગત અંકમાં પ્રકાશિત થયેલ છે. તેનાં અન્વયે કેટલીક વધુ વિગતો પ્રાપ્ત થઈ છે – જે અત્રે પ્રસ્તુત છે.*

### કૉલેજ કાળની સ્મૃતિઓ તન-મનને તરબતર કરતી રહે છે

કૉલેજ કાળ વાગોળવો સૌને ગમે તે સ્વાભાવિક છે. જ્યારે આ લેખમાળા પૂર્ણ થવાના આરે છે ત્યારે લાલન કૉલેજના અનેક ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ બહેનો, અધ્યાપકો, સ્વવૃત્તાંત લેખમાળામાં સમાવવા મોકલી રહ્યા છે. કોઈના લેખ પ્રગટ ન કરવા એવો હેતુ નથી. આજે તો વિવિધ ક્ષેત્રોમાં દેશ-વિદેશમાં લાલન કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના નામો રોશન થતા રહ્યા છે. સ્થળ સંકોચ, સમયની મર્યાદાના કારણે અને કોઈ વિસ્મૃતિને કારણે લેખમાળામાં ઘણું બધું સમાવી શકાયું નથી. તો ક્ષમા યાચના.

આ લેખમાળાને યશસ્વી બનાવવામાં કચ્છશ્રુતિના પરામર્શક મા.શ્રી હંસરાજભાઈ ટી. કંસારા તથા સહતંત્રી શ્રીમાન દિનેશચંદ્રભાઈ આર. મહેતાએ અત્યંત સફળ પુરુષાર્થ આદર્યો છે. માતૃ સંસ્થા પરના યાદગાર પ્રસંગો આલેખવા મારા ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ શ્રી દિનેશભાઈ મહેતા વારંવાર અનુરોધ કરતા રહ્યા. તે અન્વયે સંક્ષિપ્તમાં લેખમાળા રજૂ કરી છે. આજે તો આ સંસ્થાને ૬૫ વર્ષ પણ થઈ ગયા છે.

મા.શ્રી હંસરાજભાઈ ઠાકરશીભાઈ કંસારા, પ્રાગમહેલ સ્થિત કૉલેજમાં એક બે વર્ષ અભ્યાસ કરી ગયાનું મારી સ્મૃતિમાં છે. તેમના સમયે વક્તૃત્વ સ્પર્ધાઓમાં તેઓનું વક્તવ્ય શ્રોતાઓને જકડી રાખતું. શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધાઓમાં પણ તેઓને પ્રથમ સ્થાન જ પ્રાપ્ત થતું. અનેક સામાજિક સંસ્થાઓમાં તેઓશ્રીનું યોગદાન રહ્યું છે. તેઓશ્રીના પિતાશ્રી આદરણીય મુ.શ્રી ઠાકરશીભાઈ કંસારા વિદ્વાન ન્યાયમૂર્તિશ્રી હતા. ગુજરાત વિધાનસભાના પૂર્વ સ્પીકર મા.શ્રી કુંદનલાલભાઈ ધોળકિયા દ્વારા ભુજમાં સ્થાપિત "થોટ ફૉરમ" સંસ્થામાં, ભુજના સત્ય નારાયણ મંદિરમાં તથા રોટરી હોલમાં કંસારા સાહેબના વક્તવ્યોનું આયોજન થયું હતું. તે સાથે તત્કાલિન સુપ્રિ. એન્જિ. (પી.ડબલ્યુ.ડી.) મા. શ્રી પ્રભુલાલભાઈ વોરા તેમજ આ લખનારના વક્તવ્યો ૧૯૬૬-૬૭માં યોજાયા હતા. મેં માનવ ઉત્ક્રાંતિ પર ખાસ તો નિએન્ડરથલ માનવી, પીલ્ટ ડાઉન માનવી, ક્રોમેગ્નન માનવી વિશે વક્તવ્ય આપ્યા હતા. તે સમયે થોટ ફૉરમના કન્વીનર શ્રી લખુભાઈ જોશી હતા.



શ્રીમતી સુમિત્રા ઉપાધ્યાય

લાલન કૉલેજના કાર્યક્રમોમાં ખાસ તો સ્ટેજ ડેકોરેશન તથા મેક-અપ માટે ભાઈશ્રી રોમેશ પંડ્યા, પ્રવીણ શાહ, વાડીલાલ મહેતા, આસુમલ સહાયક બની રહેતા. ભાઈશ્રી સચીન જે. ઉપાધ્યાય કૉલેજના જી.એસ. હતા. સમયાંતરે કૉલેજ ક્રિકેટ ટીમના કેપ્ટન હતા. તેઓ વૃક્ષપ્રેમી હોઈ "વૃક્ષ મિત્ર" સંસ્થાના સ્થાપક છે. તેમના પત્ની શ્રીમતી સુમિત્રા ઉપાધ્યાયે બી.એ. સંસ્કૃત વિષય સાથે પાસ કરેલ. તેમણે ગુજરાત યુનિવર્સિટીનો સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કરીને લાલન કૉલેજનું ગૌરવ વધાર્યું છે. ભુજની માતૃછાયા કન્યા વિદ્યાલયમાંથી શિક્ષિકા તરીકે નિવૃત્તિ પામ્યા છે. ભુજમાં અનેક સંસ્થાઓ પોતાના કાર્યક્રમોના એન્કરિંગ માટે તેમને નિમંત્રણો આપતી રહે છે.

*લીમડા લાઇન, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

*ભારતની સંશોધન સંસ્થા ઈસરોએ ગુરુવાર, તા. ૨૯-૧૧-૨૦૧૮ના રોજ ભારતના એક સહિત કુલ નવ દેશોના ૩૧ ઉપગ્રહો પી.એસ.એલ.વી. મારફતે અવકાશમાં છોડ્યા હતા. ભારતે છેલ્લા બે વર્ષમાં ચોથીવાર ૩૦થી વધુ ઉપગ્રહ અવકાશમાં છોડીને ઈતિહાસ રચેલ છે.*

**હાસ્ય મજાક સાથે જ્ઞાનવૃદ્ધિ : સપ્તક ગેમ જે માસ નવેમ્બર-૨૦૧૮ના અંકમાં પ્રકાશિત થઈ છે, તેના જવાબો**

સાતેય વિભાગના પહેલાં શબ્દનો પહેલો અક્ષર **મં, ક, ગે, તા, ર, શ, લ.**

આનો જવાબ : **લતા મંગેશકર**

વ્યક્તિ વિશેષ

# એક સંનિષ્ઠ શિક્ષક, લેખક, ચિંતક : કચ્છના શ્રી હરેશ ધોળકિયા



પ્રા. સૂર્યકાંત ભટ્ટ

અનેક વિદ્યાર્થીઓના જીવન ઘડતરમાં જેમનું અપૂર્વ યોગદાન રહ્યું છે એવા એક આદર્શ શિક્ષક ભાઈશ્રી હરેશભાઈ ચમનલાલભાઈ ધોળકિયા, ભુજની લાલન કૉલેજમાં અમારા અર્થશાસ્ત્રના તેજસ્વી વિદ્યાર્થી. યોગાનુયોગ તેઓના મોટાભાઈ શ્રી સુધાકરભાઈ ધોળકિયા કૉલેજકાળમાં મારી સાથે, તો તેમના નાના બહેન પ્રા. ડૉ. દર્શનાબેન ધોળકિયા મારા પુત્રી ભાવનાની સાથે કૉલેજમાં અભ્યાસ કરતા. દર્શનાબેન ગુજરાતી વિષયમાં પારંગત. ભાવનાએ અર્થશાસ્ત્ર રાખેલું. ઇ.સ. ૧૯૮૧માં ગુજરાત યુનિ.માં બી.એ. ફાઇનલમાં પ્રથમ વર્ગમાં આવવાથી બે ગોલ્ડ મેડલ તેણીને પ્રાપ્ત થયેલા. ડૉ. દર્શનાબેન કચ્છ યુનિ.ના કાર્યકારી ઉપકુલપતિ પદ પર થોડો સમય રહેલા. યશસ્વી કાર્ય કરેલું.

મને યાદ છે, ભાઈશ્રી હરેશનો ધીરગંભીર ચહેરો. વર્ગમાં આગળ બેસવા અનુરોધ કરું, છતાં શાંતિથી પછવાડે બેસે. એટલું જ નહીં, લેક્ચર દરમિયાન અગત્યના મુદ્દાઓ નોંધતા દૃશ્યમાન થાય. તેમની સાદગી, અભ્યાસની ખંત મને પણ સ્પર્શી ગયેલી. ભુજના શ્રી સ્વામિનારાયણ વિદ્યાલયમાં શિક્ષક તરીકેની તેમની કામગીરી યશસ્વી બની જવા પામી. કોઈ મુંઝાયેલ વિદ્યાર્થી મદદ માંગવા આવે ત્યારે ઘણી ખુશીથી સભાનતાપૂર્વક મદદ કરે, સાંત્વન પણ આપે. કોઇ વિદ્યાર્થીને પુસ્તકો અપાવવા, કોઈની ફી ભરી દેવી, તો કોઇને વિશેષ વાંચન માટે લાઇબ્રેરીમાં લઈ જવા, તો કોઈને સામયિકોમાં લખતા કરવા જેવા સ્તુત્ય સમાજોપયોગી કાર્યો અદ્યપિપર્યંત શ્રી હરેશભાઈ કરતા રહ્યા છે. તેમને પોતાનું નામ ઉજાગર કરવામાં રસ નથી. કામ સફળ થવું જોઈએ. પોતાની પાસે માર્ગદર્શન મેળવી ગયેલ વિદ્યાર્થી આગળ વધવો જોઈએ.

શ્રી હરેશભાઈના વિદ્યાર્થી જેઓ મારી સામે જ રહે છે તે ડૉ. સુનિલભાઈ મણિભાઈ છાયાએ મને એક વખત વાતચીત દરમિયાન જણાવ્યું કે, "તબીબી પદે પહોંચાડનાર મારા ગુરુ શ્રી હરેશભાઈ ધોળકિયા છે. એક એવો સમય હતો કે જ્યારે તબીબી શિક્ષણ પ્રાપ્તિ માટે આર્થિક રીતે શક્ય ન હોતાં મારે અન્ય ડિગ્રી હું ક્વોલિફાઈડ હોવા છતાં લેવાનું વિચારેલું. ભાગ્યવસાત શ્રી હરેશભાઈ મારી મુંઝવણ કળી ગયા, ને મને તબીબી અભ્યાસ માટે અમદાવાદ લઈ ગયેલા. મેં તો કંડલાનો કિનારો છોડ્યો નહોતો. ક્યારેય પણ પોતાનું નામ ન આપવા ખાસ સૂચના આપેલી. આજે પણ ક્યારેક તબિયત બતાવવા ક્લિનિકમાં આવે તો લાઇનમાં જ બેસે. પોતાનો ટર્ન આવે ત્યારે જ આવે. પોતાનો રોફ કે હક્ક ન બતાવે. આવા સાચા શિક્ષક જ ભારતને વિકાસના પંથે દોરી જઈ શકે. વિશ્વમાં ભારતનું નામ રોશન કરી શકે."

શ્રી હરેશભાઈ ધોળકિયા અનેક સામયિકોમાં વિવિધ વિષયો પર પોતાની કલમ ચલાવે છે. તેમની દીર્ઘદૃષ્ટિ તથા સ્પષ્ટતા તથા વિષયો પરની પક્કડ નિરાલી છે. કચ્છમિત્ર દૈનિકમાં તેમની કલમ વાંચવા વાચકો તલપાપડ થતા રહે છે. પર્યુષણ પર્વોમાં જૈનો વિવિધ સ્થળોએ તેમને વ્યાખ્યાન આપવા ખાસ નિમંત્રણ આપે છે. તેમના અનેક પ્રગટ થયેલા પુસ્તકો લોકોની જ્ઞાનની ભૂખ સંતોષી રહ્યા છે. ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલ કલામના પુસ્તક "વિંગ્ઝ ઑફ ફાયર"નો હરેશભાઈએ કરેલો અનુવાદ "અગન પંખ" ઊડીને આંખે વળગે તેવો છે.

'કચ્છમિત્ર' દૈનિકમાં તાજેતરમાં તા. ૧૦-૧૦-૨૦૧૮ બુધવારની પરાગ પૂર્તિમાં કચ્છના નામાંકિત લેખક ભાઈશ્રી માવજી મહેશ્વરીએ શ્રી હરેશભાઈ ધોળકિયાના જીવન કવન વિશે લખ્યું કે, "શ્રી હરેશભાઈના જીવન પર સ્વામી વિવેકાનંદ તથા શ્રી વિનોબા ભાવેની ખાસ અસર હોય એમ મને લાગે છે. શ્રી હરેશભાઈ ચિંતન જેવા ગંભીર ક્ષેત્રના વ્યક્તિ છે છતાંય એમની ટીખળ કરવાની વૃત્તિ હજીય યુવાન જેવી છે. નાગરોમાં જોવા મળતી "વિટ્ટ" એમના મોઢે સાંભળે એ જ અનુભવી શકે કે હરેશભાઈ ખાસ્સી રમૂજ કરી શકે છે. કચ્છમાં શબ્દ જગતના જે પ્રવાસીઓ છે તેમાં એક એવું નામ પણ છે કે જેમણે લાંબા સમયથી શબ્દની સાધના કરી છે, શબ્દના વિવિધ સ્વાદ ચાખ્યા છે, એનો અનુભવ નિચોડ પણ આપ્યો છે. એમને ક્યારેય નિરાશ કે ઉગ્ર જોયા નથી." શ્રી માવજીભાઈ મહેશ્વરીએ શ્રી હરેશભાઈ ધોળકિયાનું સુંદર ચરિત્ર ચિત્રણ કર્યું છે. આમ તેમનું જીવન પ્રેરણારૂપ છે.

કચ્છના અગ્રગણ્ય રાજનીતિજ્ઞ અને લોકલાડીલા સામાજિક રાજકીય નેતા શ્રીમાન કાંતિપ્રસાદભાઈ અંતાણીના હરેશભાઈ ભાણેજ થાય.

*લીમડા લાઇન, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

ગુજરાતી કથાગીતો
મણકો-૧

# ઝવેરચંદ મેઘાણીનું સદાબહાર કથાગીત
# 'ચારણ-કન્યા'

● સંકલન : જીના વીરેન શેઠ ●

### સાવજ ગરજે!

વનરાવનનો રાજા ગરજે
ગીરકાંઠાનો કેસરી ગરજે
ઐરાવતકુળનો અરિ ગરજે
કડ્ય પાતળિયો જોદ્ધો ગરજે
મોં પાડી માતેલો ગરજે
જાણે કો જોગંદર ગરજે
નાનો એવો સમદર ગરજે!

### ક્યાં ક્યાં ગરજે!

બાવળના જાળામાં ગરજે
ડુંગરના ગાળામાં ગરજે
કણબીના ખેતરમાં ગરજે
ગામ તણા પાદરમાં ગરજે
નદીઓની ભેખડમાં ગરજે
ગિરિઓની ગોહરમાં ગરજે
ઊગમણો આથમણો ગરજે
ઓરો ને આઘેરો ગરજે

### થરથર કાંપે!

વાડામાં વાછલડાં કાંપે
કૂબામાં બાળકડાં કાંપે
મધરાતે પંખીડાં કાંપે
ઝાડ તણાં પાંદલડાં કાંપે
પહાડોના પથ્થર પણ કાંપે
સરિતાઓનાં જળ પણ કાંપે
સૂતાં ને જાગંતાં કાંપે
જડ ને ચેતન સૌએ કાંપે

### આંખ ઝબૂકે

કેવી એની આંખ ઝબૂકે
વાદળમાંથી વીજ ઝબૂકે
જોટે ઊગી બીજ ઝબૂકે
જાણે બે અંગારા ઝબૂકે
હીરના શણગાર ઝબૂકે
વીર તણી ઝંઝાળ ઝબૂકે
ટમટમતી બે જ્યોત ઝબૂકે
સામે ઊભું મોત ઝબૂકે

### જડબાં ફાડે!

ડુંગર જાણે ડાચાં ફાડે!
જોગી જાણે ગુફા ઉઘાડે!
જમરાજાનું દ્વાર ઉઘાડે!
પૃથ્વીનું પાતાળ ઉઘાડે!
બરછી સરખા દાંત બતાવે!
લસલસ કરતી જીભ ઝુલાવે!

### બ્હાદર ઊઠે!

બડકંદાર બિરાદર ઊઠે!
ફરસી લેતો ચારણ ઊઠે!
ખડગ ખેંચતો આહીર ઊઠે!
બરછી ભાલે કાઠી ઊઠે!
ઘરઘરમાંથી માટી ઊઠે!
ગોબો હાથ રબારી ઊઠે!
સોટો લઈ ઘરનારી ઊઠે!
ગાય તણા રખવાળો ઊઠે!
દૂધમલા ગોવાળો ઊઠે!
મૂછે વળ દેનારા ઊઠે!
ખોંખારો ખાનારા ઊઠે!
માનું દૂધ પીનારા ઊઠે!
જાણે આભ મિનારા ઊઠે!

### ઊભો રે'જે!

ત્રાડ પડી કે ઊભો રે'જે!
ગીરના કુત્તા ઊભો રે'જે!
કાયર દુત્તા ઊભો રે'જે!
પેટભરા! તું ઊભો રે'જે!
ભૂખમરા! તું ઊભો રે'જે!
ચોર-લૂંટારા! ઊભો રે'જે!
ગા-ગોઝારા! ઊભો રે'જે!

### ચારણ-કન્યા

ચૌદ વરસની ચારણ-કન્યા
ચુંદડિયાળી ચારણ-કન્યા
શ્વેત-સુંવાળી ચારણ-કન્યા
બાળી-ભોળી ચારણ-કન્યા
લાલ-હિંગોળી ચારણ-કન્યા
ઝાડ ચડંતી ચારણ-કન્યા
પહાડ ઘૂમંતી ચારણ-કન્યા
જોબનવંતી ચારણ-કન્યા
આગ-ઝરંતી ચારણ-કન્યા
નેસ-નિવાસી ચારણ-કન્યા
જગદમ્બા-શી ચારણ-કન્યા
ડાંગ ઉઠાવે ચારણ-કન્યા
ત્રાડ ગજાવે ચારણ-કન્યા
હાથ હિલોળી ચારણ-કન્યા
પાછળ દોડી ચારણ-કન્યા

### ભયથી ભાગ્યો

સિંહણ, તારો ભડવીર ભાગ્યો!
રણ મેલીને કાયર ભાગ્યો!
ડુંગરનો રમનારો ભાગ્યો!
હાથીનો હણનારો ભાગ્યો!
જોગીનાથ જટાળો ભાગ્યો!
મોટો વીર મુછાળો ભાગ્યો!
નર થઈ તું નારીથી ભાગ્યો!
નાનકડી છોકરીથી ભાગ્યો!

*– ઝવેરચંદ મેઘાણી*
*(૨૬-૮-૧૮૯૬થી ૯-૩-૧૯૪૭)*

### ● કવિ વિશે :

ગુજરાતી કવિતાની ખુમારીભરી વાણી એટલે ઝવેરચંદ મેઘાણી!!

મેઘાણી એટલે શબ્દના સોદાગર.

મેઘાણી એટલે આવેશ અને સંવેદનાનું મિશ્રણ.

મેઘાણી એટલે ગુજરાતી ભાષાની વિરલ સાહિત્ય વિભૂતિ.

મેઘાણી એટલે રસભરી નવલકથાના સમર્થ સર્જક.

મેઘાણી એટલે કસુંબલરંગી કવિતાના રચનાર.

મેઘાણી એટલે નીડર પત્રકાર અને સ્વાતંત્ર્ય સેનાની.

'રાષ્ટ્રીય' શાયરનું બિરૂદ પામનાર મેઘાણીભાઈની કલમ એટલે શૌર્ય અને ખુમારીની મિશાલ. એમના દ્વારા રચાયેલાં કાવ્યોમાંથી અનેક કાવ્યો એવાં છે જે આજે છ-સાત દાયકા પછી પણ ગવાય છે. મેઘાણીભાઈનું આવું જ એક યાદગાર કાવ્ય એટલે "ચારણ-કન્યા." આ સદાબહાર કાવ્ય કેવા સંજોગોમાં લખાયું એની કથા પણ જાણવા જેવી છે.

- **કૃતિની નિર્માણ કથા :**

મેઘાણીભાઈ ૧૯૨૨થી ૧૯૨૬ એમ ચાર વર્ષ સુધી 'સૌરાષ્ટ્ર' અખબારમાં રહ્યા. ૧૯૨૬માં પત્રકારી જંજાળથી કંટાળીને તેઓ થોડો સમય ભાવનગર રહ્યા હતા. આ અરસામાં મેઘાણીભાઈ, દુલા ભાયા 'કાગ' અને બીજા મિત્રો સાથે ભાવનગર પાસે દરિયાકાંઠે આવેલા ગોપનાથ અને ગીરમાં આવેલા તુલસી-શ્યામની મુસાફરીમાં ગયા હતા. બધા મિત્રો તુલસીશ્યામથી બે ગાઉ દૂર ખજૂડીને નેસડે હતા ત્યાં સાવજ ડણક્યો. હાકોટા થવા માંડ્યા. સમીસાંજ થવા આવી હતી. ગાયો, ભેંસો ચરીને નેસડે પાછી ફરી રહી હતી. આવા ગોધૂલિટાણે સાવજે એક વાછડીને પાદરમાં જ પાડી. એ વાછડી હીરબાઈ નામની એક ચારણકન્યાની હતી.

મેઘાણીભાઈ, દુલા ભાયા 'કાગ' સહિતના વીસેક જેટલા મિત્રો એકીસાથે એ દિશામાં દોડ્યા. ધાર માથે ચડ્યા ત્યારે તેમની નજરે એક વીરાંગનાનું દશ્ય ખડું થયું. વાછડીની માલકણ હીરબાઈ ક્યારનીયે ત્યાં પહોંચી ગઈ હતી. મરેલી વાછડીનું રખોપું કરતી સિંહ સામે તે સોટી વીંજતી હતી. સિંહ બે પગે સામો થઈ ડણકું દેતો કન્યાને ડરાવતો હતો.

પણ હીરબાઈ સાવજથી ડરે એમ નહોતી. ગીર મધ્યે કુદરતના ખોળે ઊછરેલી આ બહાદુર કન્યા પોતાની વહાલી ગાવલડીના મૃતદેહને સાવજનો કોળિયો થવા દે તેમ ન હતી.

- **કાવ્યમાંની કથા :**

ચૌદેક વર્ષની એ ચારણ-કન્યાએ એકલીએ પોતાની વાછડીને મારનાર વિકરાળ સિંહને વાછડીનું માંસ ચાખવા ન દેતાં લાકડી વડે હાંકી કાઢ્યો હતો.

બસ, 'ચારણ-કન્યા'ની કથા આમ તો ચાર લીટીમાં પૂરી થઈ જાય એવી છે, પણ એ એમ પૂરી કરી નાખે તો મેઘાણી શાના?

એને તો ગાવાં છે એ સોરઠી ધરાની શૌર્ય અને ખુમારીનાં ગીત. એનું પાણી અને એની વાણી મેઘાણીથી છાનાં રહે શાનાં?

આટલી જ વાતને મેઘાણી જુદાજુદા ભાગમાં એ રીતે રજૂ કરે છે જાણે એ દશ્ય અત્યારે જ આપણી આંખ સામે ખેલાઈ રહ્યું ન હોય! મેઘાણીનો અંદાજ એટલો તરોતાજા છે કે જાણે એ વખતે બનેલી ઘટના હૂબહૂ અહીં રજૂ થઈ રહી હોય.

સિંહનું વર્ણન, એની આંખો, એની ભયાનકતા, જંગલ અને પ્રાણીઓ પર એની અસર, સરળ છતાં ઓછા શબ્દોમાં ચીતરી છે.

તો સામે છેડે ચારણ-કન્યાને ચીતરવામાં પણ કવિ પોતાની તમામ શક્તિઓને કામે લગાડી દે છે. એનાં સૌંદર્ય સાથે એની વીરતા, એની માસૂમિયત સાથે એની ખુમારીનું વર્ણન ખરેખર અદ્‌ભુત છે.

એનો પ્રાસ, એનો લય આપણામાં આજે પણ વીરરસ જન્માવી દે એવો છે.

દુનિયાના કોઈ પણ દેશની અને કોઈ પણ ભાષાની કવિતામાં આવી સંકલ્પના અને આવી સંવેદનાની વાત નહીં હોય. ખરેખર, 'ચારણ-કન્યા' નિઃશંકપણે મેઘાણીભાઈની બેનમૂન કૃતિઓમાંની એક છે.

- **કૃતિની વિશેષતા :**

આ મેઘાણીભાઈની એ રચના છે જેમાં કવિ ખુદ પોતે હાજર હતા. જે નજરે જોયું, તે ત્યાં ને ત્યાં જ, કાગળ-કલમ વગર... સીધું જ રચીને ગાવા લાગ્યા હતા.

દુલા ભાયા 'કાગ' એમ લખે છે કે : 'આ દશ્ય નજરે નિહાળી 'પહાડનું બાળક' મેઘાણીભાઈનું શરીર ધગી ઉઠ્યું. આંખો લાલ ધ્રગેલ ત્રાંબા જેવી થઈ ગઈ. એ પણ સાવજ તરફ દોડવા લાગ્યા. અમે એમને માંડ-માંડ પકડી રાખેલા.'

વિચાર કરો. કવિહૃદય કેવું સંવેદનશીલ હશે કે એ જ વખતે 'ચારણ-કન્યા'ની અનુભૂતિ હશે એ જ પોતે અનુભવી અને રચના કરી ગાવા લાગ્યા. એની ભાવનાઓને સમજીને કવિએ કેવું તાદાત્મ્ય અનુભવ્યું હશે.

માટે જ આ સ્વયંસ્ફુરિત કથા-ગીત એ જમાનામાં ખૂબ જાણીતું બન્યું હતું.

- **કૃતિ વિશે :**

મેઘાણીભાઈનો પ્રથમ કાવ્યસંગ્રહ 'વેણીનાં ફૂલ' ઈ.સ. ૧૯૨૮માં પ્રકાશિત થયો હતો. ૧૯૪૪ સુધીમાં આ સંગ્રહની છ આવૃત્તિઓ પ્રકાશિત થઈ હતી. 'ચારણ-કન્યા' કાવ્ય 'વેણીનાં ફૂલ'માં સંગ્રહાયેલું છે.

'વેણીના ફૂલ'માં બાળકો વિશેનાં અને બાળકો માટેનાં કાવ્યો છે. પ્રવાહી લય અને શબ્દચમકોમાં 'ચારણ-કન્યા'નો સિંહને ભગાડવાનો કિસ્સો બાળકોને ગમી જાય તેવો છે. તેથી જ વર્ષો પહેલાં તે ગુજરાતી પાઠ્યપુસ્તકમાં ભણવામાં આવતું હતું.

મેઘાણીભાઈના ખૂબ જ લોકપ્રિય કાવ્યો પૈકીનું આ કાવ્ય જ્યારે પણ વાંચીએ ત્યારે વાંચવું ગમે એવું છે (પછી ભલેને આજે આપણે મોટા થઈ ગયા હોઈએ તો પણ!)

● **કાવ્ય-સાર :**

કુદરતના ખોળે ઊછરનાર હીરબાઈ સ્ત્રી-જાતિમાં રહેલ શક્તિનું દર્શન કરાવે છે. સ્ત્રીને જગદંબાનો અવતાર કહ્યો છે. જ્યારે એક સ્ત્રીમાં રહેલી શક્તિ જાગ્રત થાય છે ત્યારે એના માટે કશું જ અશક્ય નથી હોતું.

મેઘાણીભાઈએ શબ્દો દ્વારા સ્ત્રીમાં રહેલ એ શક્તિને, એ વીરતાને, એ ખુમારીને પોંખી છે. આ રીતે થયેલું સ્ત્રીનું સન્માન હંમેશાં આવકાર્ય જ હોય!

મેઘાણીભાઈએ સાબિત કરી દીધું છે કે એક ઊર્મિશીલ કવિ, એની સંવેદના માટે કાગળ-પેનનો મોહતાજ નથી, એ તો જ્યાં - જે સારું જોશે એની કલમ એની વંદના કર્યા વગર નહીં જ રહે.

આ કાવ્યમાં ગામડાના માણસનો પશુપ્રેમ પણ ઝળકી ઊઠે છે. વાછડી મરી ગઈ હોવા છતાં એનું રખોપું કરવાની ઉદાત્ત ભાવના ખરેખર કાબિલેદાદ છે.

***ધન્ય ધન્ય એ ધીંગી ધરા!***
***જ્યાં જન્મે આવાં બાલ વીરા!***

● **કાવ્ય-બોધ :**

હીરબાઈ – 'ચારણ-કન્યા'ના સાહસને બિરદાવતી આ કૃતિ આપણામાં પણ વીરતા અને શૌર્યનો ભાવ જગાડે છે.

જીવનની મુશ્કેલી સામે હિંમત અને વીરતાથી સામનો કરવાનો સંદેશો આ કાવ્યમાંથી જરૂર લઇ શકાય એમ છે.

સૌરાષ્ટ્રના એક નાનકડા ગામની સત્યઘટના જેની આજે પણ કલ્પના કરતાં અંગેઅંગમાં ધ્રુજારી ઉત્પન્ન થઈ જાય. વીરરસ છલકાઈ ઊઠે.

આવી કવિતા તો મેઘાણી જ આપી શકે!

## ભારતીયોનું વિદેશગમન

મોર્ગન સ્ટેનલીના આંકડા મુજબ વર્ષ ૨૦૧૪થી ૨૦૧૭ સુધીમાં ઊંચી આવક ધરાવતા લગભગ ૩૦ હજાર લોકો ભારતથી વિદેશગમન કરી ગયા છે. એમણે અન્ય દેશોની નાગરિકતા લઈ લીધી છે. વિદેશગમનનું આ પ્રમાણ પણ ધીમે ધીમે વધી રહ્યું છે. ૨૦૧૪થી ૨૦૧૬ દરમિયાન દર વર્ષે લગભગ ૫૩૦૦ લોકોએ વિદેશગમન કર્યું હતું. ૨૦૧૭માં તો ૭૦૦૦ વ્યક્તિઓએ વિદેશગમન કર્યું હતું. તેઓ વિદેશગમન સાથે પોતાની મૂડી પણ ભારતમાંથી લઈ જાય છે.

**Mr. Prafulchandra Tank**
M. : +91 98250 53258
**Mr. Kishan P. Tank**
M. : +91 99258 11599

**KARMA**
**CHEMICAL INDUSTRIES**

**Manufacturer of : BASIC DYES**
**RHODAMINE B 540%**
Basic Violet 10 & Other Qualities
**BASIC RHODAMINE B BASE**
BASIC DYES FOR
**Paper, Textile Printing & Leather**

**● FACTORY ●**
67/6, Phase-1, G.I.D.C. Vatva, Ahmedabad-382 445.
Ph. : (079) 25890110

**● RESIDENCE ●**
21-22/D, Ramkrishna Society, Nr. Aavkar Hall,
Maninagar,Ahmedabad-380 008.
Ph.: (079) 25462812
E-mail : karmachemical@gmail.com
tankishan5115@gmail.com

## હેરિટેજ સિટી - અમદાવાદ

અમદાવાદ એક સમયે કાપડની મિલોના લીધે ભારતનું માન્ચેસ્ટર ગણાતું હતું. પછી મેગા સિટી અને સ્માર્ટ સિટી બન્યું. ગયા વર્ષે જુલાઈમાં યુનેસ્કો (યુનાઇટેડ નેશન્સ એજ્યુકેશનલ સાયન્ટીફીક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઇઝેશન)એ અમદાવાદને ભારતના પ્રથમ વર્લ્ડ હેરિટેજ સિટીનું પ્રતિષ્ઠિત બિરૂદ આપ્યું.

અહીં સોલંકી અને સલ્તનત કાળમાં બનેલા અનેક મંદિર, દેરાસર, મસ્જિદ, સરખેજ રોજા, સીદી સૈયદની જાળી, ઝુલતા મિનારા, વાવ વગેરે પ્રચલિત ઉત્કૃષ્ટ સ્થાપત્યો છે. આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયા દ્વારા ૧૪ મસ્જિદ, આઠ દરવાજા, બે ઘુમ્મટ, ભદ્ર ટાવર, ત્રણ દરવાજા અને રાણીનો હજીરો – એમ ૨૭ રક્ષિત સ્મારક (પ્રોટેક્ટેડ મોન્યુમેન્ટ્સ)ની જાળવણી થાય છે.

અહીં કુલ ૫૪ રક્ષિત સ્મારક છે. કોટ વિસ્તારમાં ૫૮૫ જેટલી પોળ છે, જે સ્થાપત્ય - સમાજ જીવનના અભ્યાસુ માટે સંશોધનનો વિષય ગણાય છે.

પ્રાચીન કથા મુજબ કૂતરા પર સસલાએ ચઢાઇ કર્યાનું જોઇને બાદશાહ અહેમદશાહે ગર્વિલી ભૂમિ પર અમદાવાદ વસાવ્યું હતું.

કર્મ ફળ

## કોઇને નાનો ના સમજો સાહેબ, કેમકે દિવસો ભેગા મળીને વર્ષને પણ બદલી નાખે છે!



ભોલાભાઈ ગોલીબાર

અટલ બિહારી બાજપાઈએ આ દુનિયામાંથી અંતિમ વિદાય લીધી, પણ એમની વાકપટુતાના કિસ્સાઓના કારણે એ આજે પણ આપણી વચ્ચે જીવંત હોય એવું લાગ્યા કરે. અટલજી પાકિસ્તાન - લાહોરની યાત્રાએ ગયા ત્યારે પાકિસ્તાનની મહિલા પત્રકારે પૂછ્યું કે, 'સર, તમે આજ સુધી કુંવારા છો. એટલે હું તમારી સાથે એક શરતે લગ્ન કરવા તૈયાર છું. શરત એ છે કે તમારે મને 'મુંહ દિખાઇ' વિધિમાં કાશ્મીર ગીફ્ટમાં આપવું પડશે...' અટલજી પણ કંઇ કમ નહોતા. એમણે હસતાં-હસતાં કહ્યું, 'મને તમારી વાત કબૂલ છે, પણ મને દહેજમાં આખું પાકિસ્તાન જોઈએ...'

અટલજીને શત શત નમન...

★

ગુજરાતીમાં કહેવત છે કે 'કર્યું કાર્ય એળે નથી જતું.' જેમ બનાવવું અઘરું છે, પણ તોડવાનું કામ સહેલું છે. એક ગામમાં એક ડૉક્ટર રહેવા ગયો. ડૉક્ટરનો સ્વભાવ અને વિચાર સારા હતા. એની સાથે ભણેલા ડૉક્ટરો હંમેશાં એને મેણા મારતા અને કહેતા, 'તું ક્યાં ગામડાંમાં જઈને પડ્યો છે અને તારી ટેલેન્ટને બરબાદ કરી રહ્યો છે. શહેરમાં આવી જા, ખૂબ પૈસા બનાવીશું.'

પણ એ વાત એને રાસ નહોતી આવતી. ધીરે ધીરે ડૉક્ટરને કામ કરતા કરતા વરસો વીતી ગયા. એક દિવસ ડૉક્ટરને એક મીટિંગ માટે મુંબઈ જવું પડ્યું.

ડૉક્ટર સ્ટેશન પર ઉતર્યો અને એક કુલીએ દોડતા-દોડતા આવી ડૉક્ટરનો સામાન હાથમાં ઉઠાવી લીધો. સિદ્ધાંતવાદી ડૉક્ટરે કુલીથી નારાજ થતા કહ્યું, 'તેં એ પણ ના કહ્યું કે કેટલા પૈસા લઈશ.' કુલીએ મુસ્કુરાતા કહ્યું, 'સાહેબ, જે ઠીક લાગે તે આપી દેજો.' આવું કહીને કુલી સ્ટેશનની બહારના રસ્તા તરફ સામાન લઈ નીકળવા લાગ્યો. બહાર ડૉક્ટર માટે કંપનીની ગાડી ઊભી હતી. ગાડીમાં સામાન રાખ્યા પછી ડૉક્ટરે કુલીને પૈસા આપ્યા. કુલીએ પૈસા લેવાનો ઈન્કાર કરી દીધો અને કહ્યું, 'ના સાહેબ.' ડૉક્ટરે કહ્યું, 'અરે ભાઈ, મેં હંમેશાં કુલીઓને પૈસાની રકઝક કરતા જોયા છે અને તું પૈસા લેવાની ના પાડે છે.' કુલીએ પોતાના પગ ઉપરની પાટલુન ઊંચી કરી અને કહ્યું, 'ડૉક્ટર સાહેબ, આ મારો કૃત્રિમ પગ! હું એ જ ગામનો રહેવાસી છું, જે ગામમાં તમે પ્રેક્ટિસ કરો છો. થોડા વરસો પહેલા એક અકસ્માતમાં મેં મારો પગ ગુમાવી દીધો હતો. તમે ભલામણ કરી, એક સંસ્થા પાસેથી મને કૃત્રિમ પગ અપાવી દીધો હતો.'

કુલીની વાત સાંભળી ડૉક્ટરસાહેબે કુલીને ગળે લગાડી દીધો. ડૉક્ટરને આત્મસંતોષ થયો અને જાણે દુનિયાભરની સંપત્તિ મળી ગઈ હોય એવું લાગ્યું.

મિત્રો, કહેવાનો અર્થ એ છે કે આપણા સારા કર્મોના ફળ ક્યાં, ક્યારે અને કયા રૂપમાં મળી જાય છે એ કંઈ કહી નથી શકાતું. કોઈકે સરસ વાત કહી છે, 'ઓળખાણથી મળેલું કામ થોડા સમય સુધી રહે છે, જ્યારે કામથી મળેલી ઓળખાણ આખી જિંદગી સુધી રહે છે.'

*ગોલીબાર પબ્લિકેશન્સ,*
*કાશીરામ ટેક્ષટાઈલ્સની પાછળ,*
*બોમ્બે હાઈવે, નારોલ, અમદાવાદ-૩૮૨ ૪૦૫.*
*ફોન : ૨૫૩૨૯૧૮૧, ૨૫૩૨૯૬૭૧*

## લોકશાહીમાં રાજનીતિ

*લોકશાહીની એક મર્યાદા છે. લોકો દ્વારા ચૂંટવામાં આવેલા નેતા લોકોને ન ગમતી હોય તેવી રાજનીતિ કરી શકતો નથી, પછી ભલે તે રાજનીતિ ગમે તેટલી જનહિત અને જનસુખની હોય તો પણ તે જનતાની લાગણી વિરુધ્ધ જઈ શકતો નથી. અને જાય તો શું થાય તેનું શ્રેષ્ઠ ઉદાહરણ જર્મનીના ચાન્સેલર અન્ગેલા મેર્કલ છે. વિશ્વની સૌથી તાકાતવાર મનાતી મહિલા છેલ્લા ત્રણ-ચાર વર્ષમાં ખૂબ જ ઝડપથી નબળી પડી ગઈ છે.*

જબાન

# શબ્દશોધ
# અંગ્રેજી શબ્દોની ગુજ્જુગ્રાફી – (૫)



તુલસી કંસારા

**Articulate = આર્ટીક્યુલેટ.**

પોતાના વિચારો અને લાગણીઓને સહેલાઈથી સ્પષ્ટ રીતે વ્યક્ત કરી શકે તેને અંગ્રેજીમાં આર્ટીક્યુલેટ કહેવામાં આવે છે. વિશેષણ તરીકે વાપરતાં તેને આગવું કે લાક્ષણિક કહી શકાય. કોઈ સારા વક્તા માટે દા.ત. આપણા પી.એમ. મોદી માટે કહી શકાય કે તેઓ લાક્ષણિક ભાષણકર્તા છે. આર્ટીક્યુલેશનમાં સ્પષ્ટતા, અસરકારકતા, છટાદાર શૈલી, ગમે ત્યારે બોલવાની ક્ષમતા (કોઈ પણ જાતની તૈયારી વગર કે તૈયારી સાથે) અને સર્વગ્રાહિતા, સમગ્ર શ્રોતાઓને સમજી શકાય તેવી રીતે, અર્થસૂચક બોલવાની કળાનો સમાવેશ થાય છે. આ જ બાબતો તેમના લખાણમાં પણ પ્રદર્શિત થતી હોય તો આર્ટીક્યુલેટ લેખક કહી શકાય.

**Beleaguer = બીલેગુઆર.**

આ શબ્દનો અર્થ થાય છે અસ્પષ્ટ, ***ભ્રમિત***, ટેન્શન કે દબાણ હેઠળ. જયારે દુશ્મન દેશના દળ હલ્લો કરે ત્યારે કિલ્લો બચાવવા માટે ***દબાણ હેઠળ*** આવી જાય તેને Beleaguered Castle – દબાણ હેઠળનો કિલ્લો કહેવાય. અત્યારની પરિસ્થિતિમાં જોઈએ તો પાકિસ્તાન ખૂબ જ દબાણ હેઠળ છે અને ભારત સાથે વાતચીત કરવા માટે તત્પર થયેલ છે, તો તેને બીલેગુઆર્ડ દેશ કહી શકાય. હાલમાં જ સિધ્ધુની પાકિસ્તાનની મુલાકાત બાદ તેને એક પત્રકાર મિત્ર દ્વારા તે વિશે પ્રશ્ન પૂછાતાં તે ઉશ્કેરાઇ ગયેલ અને આર.ન્યુઝના તે પત્રકારને આક્રમક થઇને પ્રતિક્રિયા આપી હતી અને તેને મારવા લીધેલ. જે તેની ***ભ્રમિત*** દશા દર્શાવે છે. આવી જ રીતે ''મી-ટૂ''ની ઝુંબેશ બાબતમાં ઘણાં પોલીસમેન અને સ્ત્રીઓને ***અસ્પષ્ટતા*** અને ગેરસમજ લાગે છે, તેને કારણે તેઓ પ્રસિદ્ધિ માટે કે અન્ય કારણોસર ખોટી ફરિયાદો પણ કરી બેસે છે.

**Rational = રેશનલ = બુદ્ધિગમ્ય, વિચારશક્તિવાળું, તર્કસંગત, હકીકત પર આધારિત.**

આજકાલ ટી.વી. કે અખબારોમાં મનઘડંત સમાચારો આવતા હોય છે જેનો ઘણી વખત કોઈ આધાર હોતો નથી. આવા સમાચારોને ફેક = ખોટા કે ઉપજાવી કાઢેલ સમાચાર કહેવામાં આવે છે. આને રેશનલ શબ્દથી વિરુદ્ધ ઈરેશનલ પણ કહી શકાય. દા.ત. બટાટા ફેક્ટરીમાં પેદા કરવાની વાત તદ્દન વાહિયાત કહેવાય. તેવી જ રીતે પોતે ગીતાના કોઈ શ્લોક ઉપર ટીપ્પણી કરીને સામેની વ્યક્તિ હિંદુ ધર્મ વિશે પાયાની વાત નથી જાણતી કહેવું એ એટલી હદે અતાર્કિક કહેવાય કે આપણે તેને બુદ્ધિ વગરની વાત કે બાલીશ વક્તવ્ય કહી શકીએ. આ શબ્દ ઉપરથી ઉતરી આવેલ રેશનાલિસ્ટ શબ્દ જેનો અર્થ બુદ્ધિવાદી કરી શકાય, તેઓ તો ઈશ્વરનું પણ પ્રમાણ માંગે છે અને તેઓ સામ્યવાદીઓ કહેવાય છે અથવા તો નાસ્તિક કહેવાય છે. આસ્થા કે માન્યતાઓની વાત હોય ત્યાં તર્ક કામ ન આવે અને તેથી જ કોંગ્રેસ જેવી પાર્ટી જે ધર્મનિરપેક્ષતામાં (= બિનસાંપ્રદાયિક, ધાર્મિક બાબતો સાથે સંબંધ ન ધરાવનારું, ધર્મનિરપેક્ષ) માનતી હતી તે બહુમતીને ધ્યાનમાં રાખી એક તરફ હિંદુ ધર્મની વાત કરે અને બીજી તરફ બંધારણમાં ન હોવા છતાં પણ, અન્ય ધર્મીઓને પછાત લેખાવી અનામત અને અન્ય લાભો આપવાની વાત કરે તે દેખીતી રીતે જ તર્કસંગત ન હોય કારણકે લોકશાહીમાં નિર્ણયો બંધારણ પ્રમાણે લેવાતા હોય છે અને તેથી રામમંદિર જેવો મુદ્દો સુપ્રીમ કોર્ટના નિર્ણયની રાહ જુએ છે અથવા તો વટહુકમ કે પાર્લામેન્ટમાં બીલ પસાર કરી કાયદો કરવાની વાત ચર્ચામાં છે. ■


## આપણા બૌદ્ધિક જનોની માનવ અધિકાર અંગેની ચર્ચા

ભીમને ગાળો દેવી અને બકાસુરના માનવ અધિકારોની ચર્ચા કરવી એવો ખેલ ટી.વી. પર લંબાયે જતી ચર્ચામાં રોજ જોવા મળે છે. આપણા બૌદ્ધિકજનો સતત લશ્કરની નિંદા જ કરતા રહે છે અને આતંકવાદીઓ જેવા લોકોની માનવ અધિકારોની વાતોનું રટણ કરતા રહે છે.


नींबू सा
नटखट
Nimbupani Candy
MICHI'S
Slicy™
Maha Masti
₹1/-
PER PIECE
MICHI'S®
Candies & Toffees
क्लासी भी
ज्युसी भी
ऑरेन्ज सा
मस्त-मस्त
Orange Masala Candy
नींबूपानी केन्डी
ऑरेन्ज मसाला केन्डी
JRJ FOODS
PVT. LTD.
MANUFACTURER & MARKETER OF
CONFECTIONERY PRODUCTS
MichisTreats
Plant & Registered Office :
Plot Nos.: 314/315, Phase 1, GIDC - Chhatral, Taluka - Kalol,
Dist. - Gandhinagar 382 729. Gujarat, India.
+91 2764 234400 / 11 / 12
info@jrjfoods.com
jrjfoods.com

સ્વાસ્થ્ય

# ૨૧મી સદીમાં માનસિક બાળ ઉછેર – (૨)


ડૉ. મણિલાલ ગડા
(મનોચિકિત્સક)


ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

ત્રીસેક વર્ષો પહેલાં અહીં આપેલ “માતાપિતાની પ્રાર્થના” વાંચવા મળી. લેખકનું નામ મળ્યું નહીં પરંતુ મનોચિકિત્સક તરીકે અનામી લેખકને નતમસ્તકે નમન કરીએ છીએ. આજની ૨૧મી સદીમાં પણ “માતાપિતાની પ્રાર્થના” એક માર્ગદર્શન આપે છે. બાળકે નહીં પરંતુ માતા-પિતાએ બાળક માટે શું સમજવું જોઈએ તથા પોતાના વલણમાં શું ફેરફારો કરવા જોઈએ એ બાબત ઉંડાણમાં, સાદી, સરળ ભાષામાં વર્ણવી છે અને પ્રભુને પ્રાર્થના કરી છે કે માતા-પિતામાં ફેરફારો કરવાની શક્તિ આપે.

દરેક માતા-પિતા તથા વડીલોને નમ્ર વિનંતી છે કે એક એક ફકરો ધ્યાનપૂર્વક સમજીને વાંચો, વારંવાર વાંચો તથા અમલમાં લાવવાનો પ્રયત્ન કરો.

## માતા-પિતાની પ્રાર્થના

*હું પ્રાર્થના કરું છું કે હું મારા બાળકને એની પોતાની જિંદગી જીવવા દઉં. મેં જીવવાની ઈચ્છા કરી હતી તેવી જિંદગી નહીં અને એટલે જે કરવામાં મને નિષ્ફળતા મળી હતી તે કરવાનો બોજ એના પર લાદવા સામે હે પ્રભુ, મને સાવધ રાખજે.*

*તેણે જે લાંબો માર્ગ કાપવાનો છે તેને ખ્યાલમાં રાખીને હું એનું આજનું ખોટું પગલું જોઈ શકું એ માટે મને સહાય કરજે પ્રભુ. અને એની ધીમી ગતિ માટે ધીરજ રાખવા જેટલી ઉદારતા મને આપજે.*

*એની ઉંમરના નાના નાના તોફાનો સામે ક્યારેક હસી લેવું અને તેને જેનો ભય લાગે છે ને જેના પર તે કાબૂ મેળવી શકતો નથી તેવા આવેગો સામે ક્યારેક સંરક્ષક દૃઢતાથી કામ લેવું તે જાણવા જેટલું ડહાપણ પ્રભુ તું મને આપજે.*

*તેના ગુસ્સાભર્યા શબ્દોનો કોલાહલ ભેદીને કે તેના ગુમસુમ મૌનની ખાઈ ઓળંગીને તેના હૃદયની વ્યથા સાંભળવામાં મને સહાય કરજે. હે પરમાત્મા, મને એ ઔદાર્ય આપજે જેથી અમારા વચ્ચેની એ ખાઈ હું હૂંફભરી સમજદારી વડે પૂરી દઈ શકું.*

*હું પ્રાર્થના કરું છું કે મારો અવાજ ઊંચો થઈ જાય તો તેણે કંઈક કર્યું હોય તે માટેના ગુસ્સાને લીધે નહીં પણ તે જે છે તેના આનંદોલ્લાસને લીધે. જેથી રોજરોજ તે પોતાની જાતમાં શ્રધ્ધા સાથે મોટો થતો રહે.*

*મને સહાય કર કે હું એને એવી ઉષ્માથી મારા હૃદય સરસો ચાંપી શકું જેથી બીજાઓ પ્રત્યે તેનામાં મૈત્રીભાવ પ્રગટે.*

*અને પછી મને ધૈર્ય આપ કે તેના માર્ગ પર તે મજબૂતાઈથી જઈ શકે તે માટે તેને મુક્ત કરું.*

*– અનામી લેખક*

(***મનોવિશ્લેષણ*** **:** બાળકના વિચારો, ભાવનાઓ, વર્તણૂંકને (હકારાત્મક અને નકારાત્મક બંને) માતા-પિતા ધીરજપૂર્વક હૂંફભરી સમજદારીથી સમજે અને મનથી સ્વીકારે. જરૂરત જેટલું જ માર્ગદર્શન આપે. બાળકને લીધેલા નિર્ણયો તથા કાર્યોની જવાબદારી લઈ પરિણામ સ્વીકારવાની મનથી તૈયારી કરે.)

- **બાળકના વ્યક્તિત્વનું ઘડતર તથા વ્યક્તિત્વનો વિકાસ :**

બાળકના વ્યક્તિત્વના ઘડતર તથા વિકાસમાં માતા-પિતા તથા વડીલોનો સિંહફાળો હોય છે. યોગ્ય ઘડતર તથા યોગ્ય વિકાસ માટે માતા-પિતાના સ્વભાવ તથા વલણમાં નીચે વર્ણવેલા મુદ્દાઓને ધ્યાનમાં રાખી વલણમાં તથા વર્તણૂંકમાં જરૂરી ફેરફારો લાવવા જરૂરી છે.

**૧. બાળક માટે સમય ફાળવવો (Time) :**

માતા-પિતાએ પોતાના બાળક માટે સમય ફાળવવો જોઈએ. આજે મુંબઈ જેવા શહેરમાં ઘણાં માતા-પિતા એવા

છે કે પોતાના બાળક માટે સમય ફાળવતા નથી. માતા-પિતા બંને વ્યવસાયિક કામ કરતા હોય ત્યારે સમય ફાળવવો કઠીન છે. ઘણા માતા-પિતા પાસે સમય હોય છે પરંતુ બાળકો માટેના સમયની Priority માતા-પિતાને સમજાતી નથી. બાળક પાસે સમય હોય એ પ્રમાણે માતા-પિતાએ શક્ય એટલો સમય ફાળવવો જોઈએ. પોતાના બીજા કામોને આગળ-પાછળ ગોઠવી, બાળક જોડે સમય ગાળવો જોઈએ.

રાતનું જમવાનું કુટુંબના બધા સભ્યો સાથે લે. દરેક કુટુંબીજન પોતાના અન્ય કાર્યોનું આયોજન એવી રીતે કરે કે રાતનું ભોજન સૌ સાથે લે. એકબીજા જોડે એ વખતે સંવાદ (વાતચીત) અગત્યની છે. એ વખતે જમવા સિવાયની અન્ય પ્રવૃત્તિઓ ટાળવી જોઈએ. ટી.વી. નહીં, ફોન પર વાતચીત નહીં. તાત્પુરતો મોબાઈલ ફોન બંધ કરવો જોઈએ. આથી આપસમાં પ્રેમ ભાવના વધશે. બાળકને માતા-પિતા તથા વડીલોની હૂંફ મળશે. પરસ્પરના સંબંધો હકારાત્મક થશે.

અઠવાડિયાની રજાના દિવસે ૨થી ૪ કલાક સમય મળી શકે.

**૨. ગુણવત્તાભર્યો સમય (Quality Time) :**

ફાળવેલા સમયમાં શું કરવું એ એક મોટો પ્રશ્ન ઘણા માતા-પિતા માટે બની જાય છે. બાળકની ઉંમર, એનો અભ્યાસ, બાળકના ગમા-અણગમાને ધ્યાનમાં લઈ આ સમયમાં બાળક જોડે સંવાદ કરો. વધારે અગત્યનું છે બાળકને સાંભળો. બાળકની વાતો રસથી, ધ્યાનથી એકચિત્તે સાંભળો. વચ્ચે વચ્ચે વધુ માહિતી મેળવવા યોગ્ય સવાલ પૂછો. આથી બાળકને થશે કે માતા-પિતા ધ્યાનથી એની વાતો સાંભળે છે. આથી બાળકને માતા-પિતા માટે હકારાત્મક લાગણી થશે. માતા-પિતા તથા બાળક વચ્ચે લાગણીનો સેતુ બંધાશે. બાળકને નાનું માની, એની વાતોને અવગણશો નહીં. "તને ખબર ન પડે, તું નાનો છે" કહી એને તરછોડશો નહીં, એનું અપમાન કરશો નહીં. એની સમજણ શક્તિ પ્રમાણે બાળક જોડે સંવાદ ચાલુ રાખો. બાળક સમજતું નથી એમ કહેવાને બદલે બાળકને સમજાવવાની ત્રેવડ, આવડત, પધ્ધતિમાં માતા-પિતા તથા વડીલોએ સમજદારીપૂર્વકના પ્રયત્નો કરવા જોઈએ.

બાળકને સલાહ આપવાનું ટાળો. ઘણી બાબતમાં એનો અભિપ્રાય જાણવાની કોશિશ કરો. આથી બાળકમાં વિચાર કરવાની શક્તિનું સિંચન થશે અને એનો આત્મવિશ્વાસ વધશે.

**૩. સલામતી (Security) :**

બાળકને પોતાના ઘરમાં સલામતી લાગવી જોઈએ. એને સલામતી મહેસૂસ થવી જોઈએ. બાળકને હંમેશાં અને સતત લાગવું જોઈએ કે તકલીફના સમયમાં મારા માતા-પિતા કે વડીલો મને સાચવી લેશે, મને હૂંફ આપશે. મારી સમસ્યાઓનો યોગ્ય નિકાલ લાવી દેશે. ઘરમાં સલામતીભર્યું વાતાવરણ અને સલામતીની ભાવના બાળકના વ્યક્તિત્વના વિકાસ માટે પાયાની જરૂરિયાત છે. ઘરમાં સલામત બાળક દુનિયાનો તથા બહારથી આવનારી તકલીફોનો વ્યવસ્થિત રીતે સામનો કરી શકે છે.

તમારા બાળક અને પડોશીના બાળકનો ઝઘડો થાય છે. પડોશીના બાળકની મમ્મી તમારે ત્યાં આવીને તમારા બાળકની ફરિયાદ કરે છે. તમે શું કરશો? તમારા બાળકનું સાંભળ્યા વગર તમારા બાળકને ગુસ્સે થઈ ધમકાવશો? બધાની વચ્ચે તમારા બાળકનું અપમાન કરશો? એને ઉતારી પાડશો?

બાળઉછેરના દૃષ્ટિકોણથી પડોશીના બાળકની મમ્મીની ફરિયાદ શાંતિથી સાંભળી લો. તમારા બાળકને બાજુમાં એકાંતમાં લઈ જાઓ. આખા પ્રસંગ વિશે એનું મંતવ્ય સાંભળો. એની વાત શાંતિથી, સમજદારીપૂર્વક સાંભળો. એની વાત પર ભરોસો રાખો. તમારી જાતને એની જગ્યા પર મૂકો અને વિચાર કરો કે તમે એ વખતે શું કર્યું હોત.

તમારા બાળકની વર્તણૂંક યોગ્ય હોય તો એનો પક્ષ લઈ (જેમ પડોશીની મમ્મી એના બાળકનો પક્ષ લઇ તમારી જોડે ચર્ચા / ઝઘડો કરવા આવી) પડોશી બાળકની મમ્મી જોડે શાંતિથી, મક્કમતાથી ચર્ચા કરો. તમારા બાળકની ભૂલ હોય તો તમારા બાળકને એકાંતમાં જ (બધાની હાજરીમાં નહીં) શાંતિથી ગુસ્સે થયા વગર એને સમજાવો. પડોશી બાળકની મમ્મીને કહો કે હું એની જોડે વાત કરી લઈશ.

આ વર્તણૂંકથી બાળકને સમજાશે કે ભૂલ હોય ત્યારે માતા-પિતા સમજાવે છે પરંતુ યોગ્ય વર્તણૂંક હોય ત્યારે તેઓ એનો પક્ષ લે છે. આથી માતા-પિતા બાળક વચ્ચે હકારાત્મક ભાવનાઓનો સેતુ મજબૂત થશે તથા બાળકમાં આત્મવિશ્વાસ વધશે.

*(ક્રમશઃ)*

*મનોસ્મૃતિ પોલી ક્લિનિક,*
*'પ્રભુકૃપા', એલ.બી.એસ. માર્ગ,*
*સર્વોદય હોસ્પિટલ અને હોટલ રાધાકૃષ્ણની બાજુમાં,*
*ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬. ફોન : (૦૨૨) ૨૫૧૪૮૮૫૯*

*ગ્રુમિંગ માઇન્ડ્સ, ૯૦૯ જી સ્ક્વેર,*
*કલ્યાણ જ્વેલર્સની ઉપર, રેલવે સ્ટેશન તથા ઘાટકોપર મેટ્રો*
*સ્ટેશનની પાસે, ઘાટકોપર (ઇસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭.*
*ફોન : (૦૨૨) ૨૫૦૧૦૦૦૯*

સાયન્સ

# સ્ટેન્ટ્સ જેવા ઉપકરણોના આરોપણનો ‘ઘાતકી’ કારોબાર

માનવ શરીરમાં કોરોનરી સ્ટેન્ટ્સ અને પેસમેકર જેવા તબીબી ઉપકરણો બેસાડવાથી માંડીને પગના ઘૂંટણ, થાપા જેવા અંગોના આરોપણની અત્યંત ખર્ચાળ શસ્ત્રક્રિયા નિષ્ફળ જાય, જેના માઠાં પરિણામરૂપ દર્દીની પીડા વધવા સાથે ખર્ચ પાણીમાં જવાનો આઘાત સામાન્ય માણસને હતાશ કરી દે છે. લોકોના જીવને જોખમમાં મૂકી દેવાની હદ સુધી ખતરનાક બનતા કારોબાર તળે ભારતમાં વેચાતા આયાતી ઉપકરણોની ગુણવત્તાની ખરાઈ, તપાસ કે નિયમન માટે કોઈ નિયામક ‘ધોરીધણી’ આટલા મોટા દેશ પાસે છે જ નહીં, તેવું વરવું ચિત્ર એક વૈશ્વિક સ્તરની ‘તપાસ’માં ઉપસ્યું છે.

પેસમેકર્સ, સ્ટેન્ટ્સ સહિતના તબીબી ઉપકરણોના વેપલા પર નજર કરીએ તો આજની તારીખે આપણા દેશમાં આયાતી તબીબી ઉપકરમોથી છલકતી મહાકાય બજાર ૫.૨ અબજ અમેરિકી ડોલર એટલે કે ૩૫ હજાર કરોડ રૂપિયાથી વધુનો જંગી કારોબાર ધરાવે છે.

ભારતમાંથી ઈન્ડિયન એક્સપ્રેસ સહિત દુનિયાભરના ૩૬ દેશોમાંથી ૫૯ મીડિયા ગૃહોના ૩૫૩ પત્રકારોને સમાવતા ઈન્ટરનેશનલ કોન્સોર્ટિયમ ઓફ ઈન્વેસ્ટિગેટીવ જર્નાલિસ્ટ્સ (આઈ.સી.આઈ.જે.) દ્વારા માનવ શરીરમાં બેસાડાતા દરેક ઉપકરણની કિંમત, ગુણવત્તા વગેરે પાસાની ઊંડાણપૂર્વકની તપાસનો ભગીરથ વ્યાયામ હાથ ધરાયો હતો.

આ ‘મેગા તપાસ અભિયાન’ના અનેક ચોંકાવનારા, ચિંતાજનક તારણો મળ્યા છે. મોટાભાગના વિદેશથી આયાત થતા ઉપકરણોની જાહેરાત, વેચાણ તેમજ શસ્ત્રક્રિયા કરીને દર્દીના શરીરમાં બેસાડવાની સમગ્ર ‘ધંધાદારી’ પ્રક્રિયા થાય છે. તેના પર નિયંત્રણ માટેની કોઈ અસરકારક યંત્રણા અસ્તિત્વમાં નહીં હોવાનું જણાય છે.

વિદેશી ઉપકરણોનો કારોબાર ધરાવતી વિશ્વસ્તરની મેડટ્રોનિક, સ્ટ્રાઈકર, એબોટ, બાયર ઉપરાંત જહોન્સન એન્ડ જહોન્સન જેવી ખમતીધર કંપનીઓ આપણા દેશમાં હોસ્પિટલો અને તબીબો સાથેની શંકાસ્પદ સાઠગાંઠથી ભારતમાં કારોબાર કરે છે.

આ તારણો ઈન્ડિયન એક્સપ્રેસ દ્વારા હાથ ધરાયેલી અને ૧૦ મહિના સુધી ચાલેલી તપાસની મેરેથોન કવાયતના અંતે મળ્યા છે.

તપાસમાં એવું જાણવા મળ્યું છે કે, એઈમ્સ ખાતે ડીડીએના ફ્લેટ્સમાં બેઝમેન્ટમાં આવેલા ઓપરેશન થિયેટર્સમાં બ્રેસ્ટ ઈમ્પ્લાન્ટ્સ કરાય છે. અંગ આરોપણની થીગડથાગડ થયેલી શસ્ત્રક્રિયાથી પરેશાન દર્દીઓના ટોળેટોળાથી હોસ્પિટલ ઊભરાય છે.

જહોન્સન એન્ડ જહોન્સનના ખામીયુક્ત હીપ ઈમ્પ્લાન્ટ્સ એટલે કે થાપાના આરોપણની નિષ્ફળ શસ્ત્રક્રિયાથી ભારતમાં ચાર હજાર કરતાં વધુ દર્દીઓને હેરાનગતિ વેઠવી પડી છે. આ મામલો સુપ્રીમ કોર્ટમાં છે.

મેડટ્રોનિક કંપનીએ ચાર વર્ષમાં તબીબોને વિવિધ ઉપકરણોની ગુણવત્તામાં ‘જતું કરવા’ના બદલામાં ૫૦ કરોડથી વધુના મફત ઉપકરણોની લાલચ આપી હોવાના ચોંકાવનારા તથ્યો સામે આવ્યા છે.

*(વર્તમાનપત્રના આધારે)*

## કચ્છને વર્લ્ડ હેરિટેજ કેમ જાહેર ન કરી શકાય?

***દક્ષિણ આફ્રિકામાં જ્યાંથી પ્રથમ માનવના અવશેષો મળ્યાં એ સ્થળ હવે વર્લ્ડ હેરિટેજ છે અને હજારો પ્રવાસીઓ એ ગુફા જોવા આવે છે. કચ્છ જિલ્લામાં જે રીતે અવશેષો મળી આવે છે એ બધા ભાગને વર્લ્ડ હેરિટેજ જાહેર કરવા માટે અરજી કરવી જોઈએ. કચ્છની ધરતીમાંથી પ્રથમવાર ભચાઉ-ભુજ વચ્ચે આવેલા દૂધઈ પાસેથી ૧.૧ કરોડ વર્ષ જૂના વાનર અવશેષ મળી આવ્યા છે. કચ્છની ધરતીમાં તો હજુ અનેક રહસ્યો ધરબાયેલા પડ્યા છે. પરંતુ આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયાએ પૂરતું સંશોધન જ નથી કર્યું. પુરાતત્ત્વ સંશોધન માટે અતિ મહત્ત્વની આ સંસ્થા પાસે પૂરતો સ્ટાફ નથી અને જે સ્ટાફ છે તે સ્મારકોની દેખરેખ રાખવામાં વ્યસ્ત છે. ધોળાવીરામાં ઘણા રહસ્યો દબાયા હોવા છતાં તેનું ખનન નથી થતું. એ રીતે ધોળાવીરાની જેટલી સાઈટ મળી આવી છે તેની પણ કાળજી લેવાતી નથી. વૈશ્વિક સ્તરે જો કચ્છનું ખમીર દર્શાવવું હોય તો કચ્છની ધરાને હેરિટેજ જાહેર કરવા માટે પ્રયાસો કરવા જોઈએ.***

લઘુ કથા

# પરિવર્તન



નવીન ત્રિપાઠી 'અલ્પ'

ગામઠી શાળામાંથી નિવૃત્ત થયેલા હરજીવનભાઈને નિવૃત્તિ સમયે મળેલી રકમ સામાજિક પ્રસંગોમાં ક્યારનીય વપરાઈ ચૂકી હતી. પુત્ર સાથે રહીને આર્થિક પરિસ્થિતિ સાથે સમાધાન કરતાં શીખી ગયેલા તેઓ પ્રસંગોપાત શહેરમાં પગપાળા જ જતા. રસ્તામાં મિત્રોને રિક્ષા, સ્કુટર કે ગાડીમાં જતા જોઈ તેમને પણ તેવી ઇચ્છા થતી.

રસ્તે નાસ્તાની રેંકડીઓમાંથી ભેળ - ભજિયા - દહીંવડા વગેરેની સોડમ આવતાં તેઓ રસ્તો જ બદલી નાખતા! ન જોવું કે ન મન થવું!

દિવસનો મોટાભાગનો સમય પૌત્રને રમાડવા ને સાચવવામાં જ પસાર થતો.

એક દિવસ પૌત્રના નાસ્તા માટે વાટકીમાં રાખેલો ગોળ પાપડીનો ટુકડો પૌત્રને થોડોક ખવડાવી બાકીનો ટુકડો તેમણે આજુબાજુ નજર કરી, ધીમે ધીમે સેરવીને બંડીના ખિસ્સામાં સરકાવ્યો...

ભૂખ્યો થયેલો પૌત્ર રડવા લાગ્યો. તેની મમ્મી દોડતી આવીને બોલી, મારો સિં દીકરો એટલીવારમાં ગોળપાપડી ખાઈ ગયો? કે પછી... કતરાતી આંખે સસરા તરફ જોઈને છણકો કર્યો! અપરાધભાવ અનુભવતા હરજીવનભાઈ મૌન રહ્યા.

તે સાંજે જ બિસ્કીટનું નાનું પેકેટ લગભગ ઘા કરતો પુત્ર બોલ્યો, 'પપ્પા! નાસ્તો જોઈતો હોય તો માંગી લેવાનો! છોકરાનો નાસ્તો આમ છાની રીતે ખાઈ જવાય કે? તેને માટે ક્યારેક નાસ્તો લઈ આવવાનું તો એકબાજુ રહ્યું! મેં શું કહ્યું તે તમેં સમજ્યાને?'

સહનશક્તિની હદ આવી ગઈ હોવા છતાં હરજીવનભાઈ નમ્ર થઈ મક્કમ સ્વરે બોલ્યા, 'આવો! તમે બંને અહીં આવો!!' કહી ઓરડામાં ગયા ને પ્લાસ્ટિકના ડબ્બા ખોલીને કહ્યું, 'જુઓ, જુઓ ઓ ગોળપાપડી... આ બિસ્કીટના કટકા... આ સેવ મમરા... તમે તેને નાસ્તામાં વાટકીમાં આપતા તે જ છે ને?આ બધું હું મારા માટે નથી લેતો બેટા! કાંઈક તો સમજો! તમારી ગેરહાજરીમાં તેને રમાડવા - જમાડવા, ને રડે ત્યારે છાનો રાખી સાચવવા માટે આ નાસ્તો તેને આપું છું. દુકાનેથી તો હું ક્યાંથી લાવું? કેમ લાવું?? તને ક્યાંથી ખબર હોય? તું નાનો હતો ને ત્યારે તારી મમ્મી બહાર જતી વખતે તારો નાસ્તો આપતી વખતે મને કહેતી... તમે પણ ખાજો હોં ને? ને વધારે જોઈએ તો આ ડબ્બામાંથી લઈ લેજો...

બેટા, તારી મમ્મી તો... બહુ લાગણીવાળી...' દીવાલ પર ટાંગેલી તસવીર સામે જોઈને તેઓએ સજલ પાંપણના છેડા ઝડપથી લૂછી નાખ્યા!

બીજે દિવસે પૌત્રને રમાડતા હતા ત્યારે પુત્રવધૂ ટેબલ પર નાસ્તાની ડિશ મૂકતા બોલી, 'પપ્પા! આજે તો મેં તમને ભાવતા બટાકાપૌંઆ ખાસ તમારા માટે જ બનાવ્યા છે!'

સસરા હસતા હસતા બોલ્યા, તો પછી અડધો કપ ચા પણ બનાવજો!

*ડી-૫, અરિહંત નગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૮૨૫૭ ૬૫૬૬૨*

Splendid
**P & G Enterprise**
*Kitchenware, Household Products & Corporate Gifts*
157, Titanium City Centre Mall,
Opp. Seema Hall, Prahladnagar Road,
Ahmedabad-380 015.
**(M) : 9106682565, 9724932540**
**E-mail : pandgenterprise@gmail.com**
**• PACKED & MARKETED BY •**
**P & G Enterprise**
Sundha Estate, Sarkhej, Ahmedabad.
**M. : 91066 82565**

# વલોવતન

## અવશેષો ધરબીને બેઠેલી કચ્છની ધરામાંથી વધુ એક રહસ્ય બહાર આવ્યું
## ભારતની ધરતીમાંથી પ્રથમવાર કચ્છમાં ૧.૧ કરોડ વર્ષ જૂનાં વાનર-અવશેષ મળ્યા

કચ્છની ધરતીમાંથી પુરાતત્ત્વ શાસ્ત્રીઓને સતત કંઈકને કંઈક નવું મળતું રહે છે. પેલિએન્ટોલોજિસ્ટ (પુરાતત્ત્વિય સજીવોનો અભ્યાસ કરતા વિજ્ઞાનીઓ)ને હવે કચ્છના ભચાઉ - ભુજ વચ્ચે આવેલા દૂધઇ પાસેથી વાનરાવશેષો મળી આવ્યા છે. આ અવશેષ જો કે માત્ર ઉપલા જડબાના હાડકાં જ છે, પરંતુ તેની ઉંમર ૧.૧ કરોડ વર્ષ છે. ભારતના મેદાની પ્રદેશમાંથી મળેલા આ પ્રથમ વાનર (એપ) અવશેષો છે. અગાઉ હિમાલયના ઊંચાઈ પરથી કેટલાક પુરાવા મળ્યા હતા, પરંતુ અવશેષો મળી શક્યા નથી. પુરાતત્ત્વિય અભ્યાસ માટે આ અતિ મહત્ત્વનું સંશોધન છે.

સંશોધકોએ વિજ્ઞાન સંશોધન અંગેના જર્નલ 'પ્લસ-વન'માં આ અહેવાલ પ્રગટ કર્યો હતો. 'પ્લસ-વન' એ અમેરિકાની 'પબ્લિક લાઈબ્રેરી ઑફ સાયન્સ'નું સંશોધનપત્ર છે અને તેમાં છપાતા અહેવાલો વિજ્ઞાન જગતમાં ઊંચો આદર ધરાવે છે. પૂરતી ખરાઈ કર્યા વગર આ સંશોધનપત્રમાં કોઇ રિસર્ચ પ્રગટ થતું નથી. એટલે જ ૨૦૧૧માં મળી આવેલા અવશેષોની પૂરતી તપાસ કર્યા પછી ૨૦૧૮માં સંશોધકોએ તેના વિશેની વિગતો જાહેર કરી હતી. વિજ્ઞાનીઓની ભાષામાં આ અવશેષો હોમોનોઇડ પ્રકારના વાનરોના છે. આ પ્રકારના વાનર ૮થી ૧૨ કરોડ વર્ષ પહેલાં ધરતી પર વિચરતા હતા. ભારતમાં હિમાલયમાં આ પ્રકારના વાનરો વસતા હોવાની વિજ્ઞાનીઓની ધારણા છે. માટે તેમને શિવાલિક પર્વતમાળા પરથી 'શિવાપેથિક્ટ્સ' નામ આપવામાં આવ્યું છે.

કરોડો વર્ષ પહેલા વાનરો અને તેમનાય પૂર્વજો આફ્રિકા ખંડના દક્ષિણ ભાગમાં ઉદ્‌ભવ્યા હતા. એ પછી તેઓ વિચરતા વિચરતા દુનિયાના અલગ અલગ ભાગોમાં ફેલાયા હતા. સમય જતાં તેમાથી આદિમાનવ અને છેવટે માનવ સ્વરૂપ મળ્યું હોવાની વિજ્ઞાનીઓની થિયરી છે અને પુરાવા પણ છે. સંશોધકોને એ વાતનું પણ અચરજ થયું છે કે શિવાલિક વિસ્તારથી હજાર કિલોમીટર જેટલા દક્ષિણેથી આ અવશેષો મળ્યા છે. દક્ષિણમાંથી અવશેષો મલ્યાની પણ આ પહેલી ઘટના છે. ૨૦૧૧માં લખનૌ સ્થિત 'બિરલા સહાની ઈન્સ્ટિટ્યૂટ', 'દહેરાદૂનની વાડિયા ઈન્સ્ટિટ્યૂટ ઑફ હિમાલયન જિનોલોજી' અને 'આઈઆઈટી રૂરકી'ના સંશોધકો સંયુક્ત રીતે ખોદકામ કરી રહ્યા હતા એ વખતે આ જડબાનું અવશેષ હાથ લાગ્યું હતું. એ પછી દેશ-વિદેશની કેટલીક પ્રયોગશાળામાં તેના એક્સ-રે અને સિટી સ્કેન સહિતની કાર્યવાહી કરવામાં આવી હતી.

ઓક્ટોબર ૨૦૧૭માં કચ્છમાંથી મત્સ્ય ગરોળી (ઇક્થિયોસોરસ)ના અવશેષો મળ્યાંની સંશોધકોએ જાહેરાત કરી હતી. ભુજ પાસેના લોડાઇ ગામ નજીક પાસેથી આખી ગરોળીનું ૧૮ ફીટથી વધારે લાંબુ હાડપિંજર મળ્યું હતું. સંશોધકો તેને ફિશ-લિઝાર્ડ તરીકે ઓળખાવે છે. ભારતની ધરતી પરથી એ પ્રકારના સજીવના અવશેષો મળવાનો એ પ્રથમ પ્રસંગ હતો. એ હાડપિંજર તો છેક ૧૫ કરોડ વર્ષ જૂનું હતું. ફિશ-લિઝાર્ડના ફોસિલ મળવાનો મતલબ એવો પણ થાય કે આજે કચ્છની ધરતી છે, ત્યાં અગાઉ દરિયો હતો એ વાતને વધુ એક વખત સમર્થન મળ્યું છે. પૃથ્વી પર જીવન કઈ રીતે વિકસ્યું અને કઈ રીતે વાનરમાંથી માનવોત્પત્તિ થઈ તેના સંશોધનમાં કેટલીક મહત્ત્વની કડી ખૂટે છે. આ પ્રકારના અવશેષો મળતાં થાય એટલે ખૂટતી કડીઓ અંગે વિજ્ઞાનીઓને માર્ગદર્શન મળે.

## મોમ્બાસાના કચ્છીએ ૨૦ કરોડના દાનનો ઇતિહાસ રચ્યો

કચ્છી દાનેશ્વરીઓની સખાવત કોઈ નવી વાત નથી. પરંતુ કોઈ એક દાતા દ્વારા એક જ હેતુ માટે ૨૦ કરોડ રૂપિયાનું દાન આપવામાં આવ્યું હોય તેવા લેવા પટેલ ચોવીસીમાં આ પ્રથમ બનાવ છે. **આ દાન આપ્યું છે મૂળ ફોટડીના મોમ્બાસા નિવાસી હસુભાઈ કાનજી ભુડિયા તથા તેમના પરિવારે.**

અમદાવાદમાં અભ્યાસ માટે આવતી કચ્છી દીકરીઓના આવાસ, ભોજન, છાત્રાલય માટે હાલના સમાજના બે કિ.મી. પૂર્વમાં રેલવે ક્રોસિંગ પાસે ૨૮ ફ્લેટ ધરાવતા સાત માળના બિલ્ડિંગ માટે અપાયેલા ૨૦ કરોડ રૂપિયાનું દાન સમાજના ઈતિહાસમાં સુવર્ણાક્ષરે લખાશે તેવી લોકલાગણી દાતા પ્રત્યે અહોભાવથી વિશ્વવાસી લેવા પટેલ જ્ઞાતિજનો, સત્સંગ સંલગ્ન હરિભક્તો, વરિષ્ઠ સંતો અને સંસ્થાઓએ વ્યક્ત કરી હતી. મોમ્બાસાથી 'કચ્છમિત્ર' સાથે વાત કરતા દાતા પ્રેમજી જેઠા ભુડિયા સમસ્ત પરિવાર વતી યુવા ઉદ્યોગપતિ હસુભાઈ ભુડિયાએ કહ્યું, 'માતા

વેલીબેન કાનજી પ્રેમજી ભુડિયા કન્યા અને કુમાર સેવા સદન - મોમ્બાસા (કેન્યા)' નામકરણ સાથે આ દાન અપાયું છે. અહીં ૩૨૫ દીકરીઓ માટે સંપૂર્ણ વ્યવસ્થાઓ હશે. ૨૮ ફ્લેટ્સ પૈકી નાના રૂમમાં બે અને મોટામાં ૧૦થી ૧૧ દીકરીઓ અભ્યાસ કરી ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરશે.

જગ્યાના અભાવે ના પાડવી પડે તેવી સ્થિતિ ભોગવતા અમદાવાદ લેવા પટેલ સમાજ - નારાણપુરામાં હવે ૧૨૦ ઉતારુઓ રહી શકશે. અમદાવાદ મેડિકલ હબ બનતાં યુ.કે., આફ્રિકા અને કચ્છથી સંખ્યાબંધ દર્દીઓ પણ અહીં સારવાર અર્થે આવતા હોઈ તેમની સગવડમાં પણ વધારો થશે. ૩૨૫ કન્યાઓ, ૩૦૦ કુમાર અને ૧૨૦ ઉતારુ મળી કુલ ૭૪૫ વ્યક્તિ એકસાથે સગવડ પામશે. અપાયેલા આ મહાદાનથી સમગ્ર જ્ઞાતિએ દાતા પરિવારને અભિનંદન સહ રાજીપો દર્શાવ્યો હતો. અમદાવાદ સમાજ પ્રમુખ શિવજીભાઈ શિયાણી, ઈશ્વરભાઈ પૂંજાણી તથા કારોબારી સભ્યોએ આભાર પ્રસ્તાવ રજૂ કર્યો હતો. તો ભુજ સમાજ, નાઈરોબી, મોમ્બાસા, યુ.કે. કોમ્યુનિટી તેમજ ચોવીસીના ગામેગામના સમાજોએ આભાર વ્યક્ત કર્યો હતો.

## અછતના સામનામાં મુંબઇગરા કચ્છી સહયોગ દે

ગુજરાતના મુખ્ય પ્રધાન વિજયભાઈ રૂપાણીએ કચ્છીઓની દરિયાદિલીને બિરદાવીને કહ્યું કે કચ્છમાં અછતની પરિસ્થિતિ સર્જાઈ છે, ત્યારે સરકારે તો પોતાના પ્રયાસો આરંભી દીધા છે. આપત્તિ ટાણે અહીંના કચ્છીઓએ હંમેશાં મદદ કરી છે. આ વખતે મદદની આવશ્યક્તા છે જેની ટહેલ નાખવા આવ્યો છું.

મુખ્ય પ્રધાન રૂપાણીએ તાજેતરમાં કચ્છી સમાજ સાથેની બેઠકને સંબોધતાં કહ્યું કે સરકારે આ વખતે વાસ્તવિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સંવેદના સાથે ઘણા નિર્ણયો કર્યા છે. **નિયમોની ઉપરવટ જઇને બે મહિના પહેલાં કચ્છમાં અછત જાહેર કરી દીધી છે. એનું કારણ એ છે કે, કચ્છમાં સૌથી વધુ પશુધન છે.** અગાઉથી આયોજન થાય તો જ છેક આગામી જૂન સુધી પહોંચી શકાય. એક પણ પશુ ઘાસ વિના ટળવળે નહીં તેની ચિંતા સરકારે રાખી છે. આ વખતે રાજ્યમાં ૫૧ તાલુકામાં અછત જાહેર કરી છે અને તેમાં બીજા ૪૫ તાલુકા ઉમેરીને કુલ ૯૬ તાલુકામાં સહાનુભૂતિપૂર્વક મદદ કરવાનો નિર્ણય કર્યો છે. તેનાથી સરકાર પર કેટલો બોજો પડશે તેની ચિંતા કરી નથી.

મુખ્ય પ્રધાને જણાવ્યું કે, સરકારે આ વખતે ત્રણ રીતે મદદની વ્યવસ્થા ગોઠવી છે. મજૂરીનો મજૂરીકામ, લોકોને પીવાનું પાણી અને પશુને ઘાસ પૂરું પાડવામાં આવ્યું છે. કચ્છમાં બે લાખ ખેડૂતો છે જે દરેકનાં ખાતામાં હેક્ટરદીઠ ૬૮૦૦ રૂા. જમા કરાવાશે. વધારામાં પાક વીમો પ્રીમિયમ ભરનાર ખેડૂતને અપાશે. સામાન્ય રીતે ૧૦૦ દિવસ મજૂરીકામ અપાય તેના બદલે ૧૫૦ દિવસ અપાશે જે એક દિવસના રૂા. ૧૯૨/- લેખે ચૂકવાશે. ૧૫ ડિસેમ્બરથી ઢોરવાડા શરૂ કરાશે જેમાં તૈયાર કરાયેલા માસ્ટર પ્લાન પ્રમાણે છ હજાર કરોડ રૂપિયા ચૂકવાશે. રૂપાણીએ કહ્યું કે, મુશ્કેલીના છ મહિના કાઢવાના છે. **જાન્યુઆરીથી જૂન સુધીનો સમય સારો જાય એ માટે કચ્છમાં ડાયરા શરૂ થઈ ગયા છે.** મદદની શરૂઆત થઈ છે, મુંબઈવાસી કચ્છીઓ આપત્તિ વખતે મોટા પાયે મદદ કરે છે. આ વખતે પણ પાછીપાની નહીં કરે તેની મને ખાતરી છે. સરકાર અને તમે (કચ્છીઓ) જે કામ કરો તેમાં સંકલન કરવું જોઈએ જેથી મદદ બેવડાય નહીં અને કોઈ રહી જાય નહીં.

પીવાનાં પાણીની વ્યવસ્થા સરકાર કરશે. ટપ્પર ડેમ નર્મદાના પાણીથી એકવાર ભર્યો. જાન્યુઆરીમાં બીજીવાર ભરાશે. છેવાડાના ગામોમાં ટેન્કરોથી પાણી પહોંચાડાશે. માણસ કે ઢોરને પાણીની ખેંચ નહીં નડે. પાંજરાપોળના પશુઓ માટે મદદની આવશ્યક્તા છે.

મુખ્ય પ્રધાને તારાચંદભાઈ છેડાના શબ્દોને ટાંકીને કહ્યું કે, કચ્છમાં આ વખતનો દુકાળ છેલ્લો હશે એ વાત સાચી ઠરશે. કારણકે, નર્મદાનું કામ એક વર્ષમાં પૂરું કરવાની ધારણા છે. બીજું દરિયાના પાણીને મીઠું કરવા ડી-સેલિનેશન પ્લાન્ટ નખાશે જે ખેતી, ઉદ્યોગને કામ આવશે. ૫૦૦ કરોડના ખર્ચનો એક એક પ્લાન્ટ ૧૦ કરોડ લિટર પાણી આપશે. કચ્છ, દ્વારકા, વેરાવળ, પીપાવાવ, ભાવનગર અને દહેજમાં આવા પ્લાન્ટ નખાશે. વપરાયેલું પાણી રિસાઇકલિંગ કરીને શુદ્ધ કરાશે જેનો પ્લાન્ટ અંજાર પાસે છે. આ બધી યોજના પૂરી થશે ત્યારે સાચા અર્થમાં કચ્છડો બારે માસ પુરવાર થશે. અંતમાં આજના દિવસે આતંકી હુમલામાં મૃત્યુ પામેલા સર્વેને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

આરંભમાં પૂર્વ રાજ્ય પ્રધાન તારાચંદ છેડાએ કહ્યું કે, મુખ્ય પ્રધાને કચ્છ માટે અછતનો નિર્ણય સમયસર લઈને કામગરીનો આરંભ કરાવી દીધો છે. વિધાનસભા પત્યા પછી બીજા જ દિવસે કચ્છ આવીને દુકાળની સ્થિતિની ચર્ચા કરીને પહેલ કરી હતી અને મુંબઈમાં કચ્છીઓની બેઠક બોલાવવા કહ્યું હતું.

કચ્છ જિલ્લા કલેક્ટર રેમ્યા મોહને કચ્છની પરિસ્થિતિનો ચિતાર આપ્યો હતો અને તંત્ર કઈ રીતે કામ કરી રહ્યું છે તેનો ખ્યાલ આપ્યો હતો. વલસાડથી ૯ રેલવે રેક ઘાસ આવ્યું છે. પંજાબ-હરિયાણાથી ઘાસ મંગાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. પશુપાલકોને ઘાસની વાવણી કરવા ફ્રી કીટ અપાઈ છે. પશુ દીઠ રૂા. ૨૫/- સબસીડી તા. ૧-૧૦-૧૮થી શરૂ કરાઈ છે.

આ બેઠકનું આયોજન કચ્છ યુવક સંઘે કર્યું હતું. સંસ્થાના મોભી કોમલ છેડાએ સંચાલન કર્યું હતું. આ બેઠકમાં કચ્છના સાંસદ વિનોદ ચાવડા પણ ઉપસ્થિત રહ્યા હતા.

હોટલ ટ્રાયડન્ટના રિગલ રૂમમાં યોજાયેલી આ બેઠકમાં

પાંજરાપોળ અને સેવાભાવી સંસ્થાઓના આગેવાનો, અન્ય આગેવાનો જાદવજીભાઈ એન્કરવાલા, પ્રવીણભાઈ છેડા (એસ.પી.એમ.), પીયૂષ વસનજી શાહ, નરેશ શેઠિયા, પ્રતાપભાઈ જોઇસર, વલ્લભદાસ ભદ્રા, કાનજી રીટા, નાગજી રીટા, મહેન્દ્ર સંગોઇ, રમેશ ગાલા, વસનજી સોની, નીલેશ ગાલા, લક્ષ્મીચંદ ચુરલા, તલકશી ફુરિયા, લક્ષ્મીચંદ ગાલા, ભરત ગોગરી, પાંચ કોર્પોરેટરો – હરીશ છેડા, હેતલબેન, નરેશ શાહ, મૂળજી પટેલ અને કેસરબેન પટેલ, પ્રભાબેન પોપટ, શાંતિલાલ મારૂ (સુવિધા) વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## નાણાં પડાવવા કચ્છના ઉદ્યોગોની કનડગત ગંભીર

વિનાશક ભૂકંપ બાદ કચ્છને બેઠું કરવા કેન્દ્ર તથા રાજ્ય સરકારોએ આપેલા ટેક્સ હોલીડેનો લાભ લઇને આ સીમાવર્તી જિલ્લામાં આવેલા ૧.૪૦ લાખ કરોડનું રોકાણ ધરાવતા ઉદ્યોગોમાંથી નાણાં પડાવવા પ્રવૃત્ત કેટલાક લેભાગુ તત્ત્વોને લઇને ઊભી થયેલી કનડગતે છેલ્લા પાંચેક વર્ષથી ગંભીર સ્વરૂપ ધર્યું છે. જેનો પડઘો આ ઉદ્યોગોના સંગઠન ફેડરેશન ઓફ કચ્છ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન (ફોકિયા)એ તાજેતરમાં ગાંધીનગરમાં રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સમક્ષ પાડ્યો હતો. આ સમગ્ર બાબતે કાનૂની રાહે કડક પગલાંની માંગ પણ કરી હતી.

ફોકિયાના મેનેજિંગ ડાયરેક્ટર નિમેષભાઈ ફડકેએ જણાવ્યું હતું કે મુખ્યમંત્રીને મળીને એક આવેદનપત્ર પાઠવાયું હતું અને વિસ્તૃત રજૂઆત પણ કરાઈ હતી. રજૂઆતમાં જણાવ્યા પ્રમાણે કચ્છમાં કાર્યરત અને આ સંસ્થાના સદસ્ય એવા ઔદ્યોગિક એકમોમાં કોન્ટ્રાક્ટ મેળવવા, પોતાના સગા-સંબંધી, ઓળખીતાઓને નોકરીએ લગાડવા જેવા હેતુ બર લાવવા આ એકમોને કેટલાક લેભાગુઓ દ્વારા ખોટી ફરિયાદો કરીને પરેશાન કરાઈ રહ્યા છે. આવી રીતે અનેક ખોટી અને ઉપજાવી કાઢેલી ફરિયાદો થઈ રહી છે.

આ લેભાગુ તત્ત્વો ઉદ્યોગ ગૃહોને તેમની સી.એસ.આર. પ્રવૃત્તિમાંથી જરૂરી ન હોય તેવા કામો હાથ ધરવા પણ મજબૂર કરે છે. કેટલાક કિસ્સામાં તો આવા તત્ત્વો દ્વારા ઉદ્યોગગૃહોના જવાબદારોને ધાકધમકી અપાઈ રહી છે તો ક્યાંક માર પણ મારવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. કેટલાક ઉદ્યોગગૃહોના જવાબદારો સામે ખોટી પોલીસ ફરિયાદ પણ કરાઈ છે.

આવા લેભાગુઓ હવે માહિતીના અધિકારનો પણ પોતાનો હેતુ બર લાવવા ઉપયોગ કરી રહ્યા છે. ઉદ્યોગગૃહમાં પાણીના વપરાશના આંકડા, પ્રદૂષણની માત્રા વગેરે આંકડા માહિતીના આધાર તરીકે મેળવીને તેના દ્વારા ઉદ્યોગોને નિશાન બનાવાય છે. કેટલાક કિસ્સામાં તો જાહેરહિતની અરજી પણ દાખલ કરી દેવાય છે. જમીન માફિયા પણ આવા લેભાગુ અરજદારોની પાછળ કાર્યરત હોવાનું આવેદનપત્રમાં જણાવાયું છે. ઘણા ઉદ્યોગકારો પોતાના ભાવિ પ્લાન્ટ વિસ્તરણને લઇને વધારાની જમીન મેળવવા પ્રયાસ કરતા હોય છે ત્યારે આવા તત્ત્વો કાનૂની વિવાદ પણ કરી દઇને ઉદ્યોગગૃહોને કનડે છે. પાછળથી આ કેસોની આડમાં ઉદ્યોગકાર પાસેથી મોટી રકમ પડાવે છે.

આ પ્રકારની માફિયાગીરીને લઇને કચ્છમાં ઉદ્યોગો અને સમાજ વચ્ચેના સંબંધોમાં તિરાડ ઊભી થાય છે. કચ્છમાં હાલમાં કાર્યરત અને આગામી સમયમાં આવનારા ઉદ્યોગો સામે આ ગંભીર પડકાર ઊભો થયો છે.

દરમિયાન સૂત્રોના જણાવ્યા પ્રમાણે ખોટી-સાચી ફરિયાદો સરકારી તંત્રો પાસે આવે છે ત્યારે આશ્ચર્ય વચ્ચે જે તે તંત્રના અધિકારી, કર્મચારીઓ પણ તેજ ગતિએ તેની તપાસમાં ઝંપલાવે છે. આ બાબત પણ આશ્ચર્ય પમાડે તેવી છે.

ફોકિયાએ મુખ્યમંત્રી સમક્ષ આ સમગ્ર મામલે યોગ્ય પગલાં લેવા તથા કચ્છના જિલ્લા પ્રશાસનને સૂચના આપવા અનુરોધ કર્યો છે.

મુખ્યમંત્રીને મળેલા પ્રતિનિધિ મંડળમાં શ્રી ફડકે ઉપરાંત ફોકિયાના જોઇન્ટ એમ.ડી. ચિંતન ઠક્કર, આશાપુરા ગ્રુપના સી.એમ.ડી. ચેતન શાહ, સી.ઈ.ઓ. ગીતા નેરૂરકર, અદાણી પોર્ટ્સ એન્ડ એસ.ઇ.ઝેડ.ના સી.ઓ.ઓ. પ્રીતપાલસિંઘ, એ.એસ.આર. મલ્ટીમેટલ્સના ડાયરેક્ટર અતુલ અગ્રવાલ, ઇલેક્ટ્રોથર્મ (ઇન્ડિયા) લિ.ના ડાયરેક્ટર શૈલેષ ભંડારી, કોસ્ટલ ગુજરાત પાવર લિ.ના હેડ એડમિન અનિલ સિંઘ, આઈ. રાવ, સિનિ. મેનેજર દીપક ગઢવી, મોનો સ્ટીલ (ઇન્ડિયા) લિ.ના ડાયરેક્ટર હિતેશ શાહ, વેલસ્પન ગ્રુપના એ.વી.પી. મહેન્દ્રસિંઘ એચ. સોઢા તથા ફોકિયાના મેનેજર રાહુલ જોષીનો સમાવેશ થતો હતો.

## અમેરિકામાં વિન્ટેજ કાર સ્પર્ધામાં મૂળ કચ્છી બીજા ક્રમે

અમેરિકામાં તાજેતરમાં વિન્ટેજ કારની સ્પર્ધા - પ્રદર્શન યોજાયા હતા. જેમાં વિશ્વભરની પ્રાચીન કારના શોખીનોએ ભાગ લીધો હતો. કુલ ૧૧ સ્પર્ધકમાંથી મૂળ કચ્છના નલિયાના વતની એવા નીતિન ડોસા તેમની મયૂરભંજ રાજાની ૧૯૩૬ની એલ્વિસ સ્પીડ-૨૫ ગાડી સાથે બીજા ક્રમે આવ્યા હતા. સ્પર્ધામાં ભાગ લઈ રહેલા પૈકીની શ્રી ડોસાની ગાડી સૌથી મોંઘી ગાડી હતી. શ્રી ડોસા વિન્ટેજ કારનો શોખ ધરાવે છે અને વેસ્ટર્ન ઇન્ડિયા ઓટોમોબાઇલ એસોસિએશન (ડબલ્યુ.આઈ.એ.એ.)ના અધ્યક્ષ છે. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે મુંબઇના અમીરભાઈ જેઠા અને તૃતીય ક્રમે ડબલ્યુ.આઈ.એ.એ.ના વાઇસ ચેરમેન જગદીશ ઠાકરશી રહ્યા હતા.

# પ્રતિભાવ

**'કચ્છશ્રુતિ' દીપોત્સવી-૨૦૧૮ અંક માટે ખૂબ ખૂબ અભિનંદન**

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત 'કચ્છશ્રુતિ' - ૨૦૧૮નો દીપોત્સવી – માહિતી વિશેષાંક મળ્યો. આ માહિતી વિશેષાંક માટે ખાસ કરીને આપશ્રીને તથા આપની આખી ટીમને જેટલા અભિનંદન પાઠવું તેટલા ઓછા છે. **ખાસ કરીને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આ અંક અતિ ઉપયોગી રહેશે.**

'કચ્છશ્રુતિ'ના દરેક અંકમાં વિવિધતાસભર માહિતી મળતી જ રહે છે અને ખાસ કરીને આપણા મુલકના વિકાસને લગતી બાબતો આપ ઉજાગર કરી વાચા આપતા રહો છો, તે માટે પણ **આપ સર્વેને ખૂબ ખૂબ અભિનંદન.**

*પુષ્પદાન એસ. ગઢવી, પૂર્વ સાંસદ - ભુજ*

★

**કચ્છશ્રુતિ' દીપોત્સવી વિશેષાંક ૨૦૧૮ : ખૂબ ખૂબ અભિનંદન**

દીપોત્સવી માહિતી વિશેષાંક મળ્યો. ગમ્યો. આભાર.

દીપોત્સવી અંક માટે આપશ્રીએ સર્વાંગી ઉપયોગી વિષયને પસંદ કરી કચ્છ, ગુજરાત અને ભારતની ઉપયોગી માહિતી આપી **સ્પર્ધાત્મક પરીક્ષાર્થીને કામ લાગે, સંદર્ભ સૂચિમાં ઉપયોગી થાય તેવા સંગ્રાહક વિશેષાંક માટે મહેનત લેવા બદલ ખૂબ ખૂબ અભિનંદન.**

કચ્છના જાહેર જીવનને સ્પર્શતા વિષયના તજજ્ઞો પાસેથી માહિતીપ્રદ લેખ લઈ સમયાંતરે ખાસ વિશેષાંક તૈયાર કરાય તો વાતનની સાચી સેવા મીડિયા ક્ષેત્રે કરી શકાય તેમ છે.

આજકાલ સામયિક ચલાવવા ખૂબ ખર્ચાળ છે, છતાં દાતાઓના સહકારથી આપના પ્રયત્ન પ્રશંસનીય છે.

*ગોવિંદ વી. ખોખાણી - માધાપર (ભુજ)*

★

**કચ્છશ્રુતિ' દીપોત્સવી-૨૦૧૮ માહિતી વિશેષાંક અંગેનો પ્રતિભાવ**

પ્રતિભાવ લખવાનો શરૂ કરું તે પહેલા જ મારા 'પ્રતિભાવ' બાબત અંગેનો પ્રતિભાવ પત્ની તરફથી આ પ્રમાણે આવી પડ્યો!

'તમે હંમેશાં લાંબા લાંબા પ્રતિભાવ લખો છો તેમાં બિચારા વાંચકોને વાંચતા વાંચતા જ ઊંઘ આવી જાય છે! તેથી આ વખતે પ્રતિભાવ ફક્ત એક જ લાઈનમાં લખશો!'

પત્ની દ્વારા પણ ક્યારેક ક્યારેક સાચી સલાહ અપાઈ જાય છે! એટલે પતિદેવે તે સહર્ષ સ્વીકારી લેવી જોઈએ કે જેથી પત્નીને પણ લાગે કે **પતિ તેમના કહ્યામાં છે!** (ધણીને ધાકમાં રાખો!)

તો હવે વાંચો એક લાઇનમાં અમારો પ્રતિભાવ!

**'કચ્છશ્રુતિ'નો માહિતી વિશેષાંક એટલે – "ગાગરમાં સાગર!"**

*ચિત્રસેન શાહ - ગાંધીનગર*
*મો. ૯૪૦૯૫ ૪૧૫૫૧*

★

**'કચ્છશ્રુતિ' દીપોત્સવી વિશેષાંક માટે લાખ લાખ અભિનંદન**

કચ્છશ્રુતિ દીપોત્સવી વિશેષાંક - ૨૦૧૮ જોઈને અત્યંત આનંદ, આશ્ચર્ય અને ગૌરવની લાગણી અનુભવી છે. અંકમાં કચ્છની, ગુજરાતની, ભારતની અને વિશ્વની જે આશ્ચર્યજનક અને આધારભૂત માહિતીઓ એક જ જગ્યાએ આપવાનો આપે જે પ્રયત્ન કર્યો છે તે માટે કેટલું આગોતરું આયોજન, કેટલી મહેનત, કેટલી ચોક્સાઈ અને કેટલી માનસિક કસરત કરવામાં આવી હશે તેની કલ્પના કરવી મુશ્કેલ છે. અલબત્ત, ટેકનોલોજીના ઉપયોગથી ઘણી બધી માહિતીઓ સરળતાથી મળી શકે છે. તેમ છતાં પણ તેની ઉપલબ્ધિ, ગોઠવણી અને છાનબીન અવિરત મહેનત અને લગન માંગી લે છે. **અંકમાં અપાયેલ માહિતીની અનુક્રમણિકા માત્ર જોઈને જ આપને લાખ લાખ અભિનંદન** આપવાની મારી ઈચ્છા રોકી શક્યો નથી.

**વાસ્તવમાં સરકારી જગ્યાઓની ભરતી માટે લેવાતી વિવિધ પરીક્ષાઓમાં બેસનારાઓને પણ આ અંકની માહિતી સફળતા અપાવવામાં અદ્‌ભુત કામ આવી શકે તેવી છે. આ અંક સંદર્ભગ્રંથ તરીકે સાચવવાની ખાસ કાળજી સૌએ લેવી પડશે** અને મારા અનુમાન મુજબ કદાચ આપને બીજી આવૃત્તિ પણ બહાર પાડવાની ફરજ પડશે.

કચ્છમાં નર્મદાના પાણીનું જે કંઈ અવતરણ થયું છે તે માટે આપે જે પુરૂષાર્થ, પત્ર વ્યવહાર અને જુદા જુદા ખાતાઓ સાથે માહિતીની આપ-લે, મુલાકાતો અને સંકલન અવિરતપણે હાથ ધરેલો તેનો મહત્ત્વનો ફાળો છે. ભલે કોઈ સ્વીકારે કે ન સ્વીકારે, કચ્છની પ્રજામાં 'પાંકે કુરો?'ની માનસિકતા જે લોહીમાં વણાઈ ગઈ છે તેથી કેટલાય અન્યાયો સામે જાહેર અવાજ ઉઠાવવામાં કચ્છના બુધ્ધિજીવીઓ પણ સંકોચ અથવા

ડર અથવા નિરપેક્ષતા અનુભવે છે અને તેના પરિણામે કચ્છનો અવાજ યોગ્ય રીતે પડઘાતો નથી. નર્મદાના વધારાના પાણીના આયોજનનો અભાવ તેનું ઉદાહરણ છે. આપે આ માટે જાગૃતિ લાવવાનો જે પ્રયત્ન કર્યો છે તે કારગત નીવડે તેવી પ્રભુને પ્રાર્થના કર્યા સિવાય બીજું કંઈ થઈ શકે તેમ નથી. કચ્છી પ્રજાનું કહેવાતું ખમીર ક્યારે કાર્યાન્વિત થશે તે યક્ષ પ્રશ્ન છે.

પરમકૃપાળુ પરમાત્મા આપ સૌને આયુષ્ય અને સમાજસેવાના ઉત્કૃષ્ટ કાર્યો કરવાની પ્રેરણા, બળ અને શક્તિ પ્રદાન કરે તેવી અભ્યર્થના સાથે ફરીથી ખૂબ ખૂબ ધન્યવાદ.

*શશીકાંત ઠક્કર, એડવોકેટ - માધાપર*
*મો. ૯૮૨૫૪ ૫૩૯૫૧*

★

### કચ્છશ્રુતિ' – દીપોત્સવી વિશેષાંક ૨૦૧૮

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના મુખપત્ર 'કચ્છશ્રુતિ'નો દીપોત્સવી અંક ૨૦૧૮ એકી બેઠકે વાંચી ગયો. તે અંગે મારા પ્રતિભાવ નીચે પ્રમાણે છે.

સૌપ્રથમ તો અનેક આસ્થાવાળા પ્રતીકોના સંગમ સમાન મુખપત્ર જોઈ ખૂબ જ આનંદ થયો. સંપુટ-૧ : **કચ્છ અંગેની માહિતી સચોટ તો છે જ, પણ સાથોસાથ સંગ્રહવાલાયક પણ છે.** કચ્છ જિલ્લા વિશે અનેક માહિતીઓ અજાણ હતી કે અધૂરી જાણવા મળતી હતી, તે ઉપરોક્ત વિશેષાંકથી જાણી શકાઈ. એવું જ સંપુટ-૨ : ગુજરાત અંગે પણ બેધડક કહી શકાય. સંપુટ-૩ : ભારત અંગે પણ આંકડાકીય માહિતી - સાલવાર સહિતની – પણ ઘણું ઘણું કહી જાય છે. સંપુટ-૪ : વિશ્વ અંગેની માહિતી પણ અદ્ભુત છે. જ્યારે સંપુટ-૫ માં પણ **લાલન કોલેજ વિશે શ્રી સૂર્યકાંત ભટ્ટે પણ સુંદર માહિતી આપી છે.** સર્વે લેખકો અને સંપાદક મંડળને તે માટે અભિનંદન પાઠવું છું.

*ધનજી ભાનુશાલી 'કડક બંગાલી', એડવોકેટ - ભુજ*
*મો. ૯૩૨૭૬ ૫૭૯૩૦*

★

### કચ્છશ્રુતિ' માસ નવેમ્બર-૨૦૧૮નો અંક

'કચ્છશ્રુતિ' ૧૫ નવેમ્બર, ૨૦૧૮નો અંક વાંચનમાં ગમ્યો. અશોકભાઈ મહેતાનો તંત્રીલેખ 'દેશના મહાનુભાવોને નત મસ્તકે વંદન' સરદાર પટેલની ગણના લોખંડી પુરુષ તરીકેની હતી. તેમના ઈતિહાસની વિગત જાણવા મળી. કાશ્મીર સમસ્યા અને તેની ગંભીરતા પ્રા. પૃથ્વી શાહનો લેખ સંબંધી ઐતિહાસિક વિગત જાણવા મળી. કચ્છના વહાણવટી કાનજી માલમની વાત અંગે ઈતિહાસકારો સંશોધન કરે એની વિગત ડૉ. મિહિર વોરાના લેખથી જાણવા મળી. અડધી સદી અગાઉનું અમદાવાદ સુનિલ અંજારીયાનો લેખ વાંચનમાં ગમ્યો. **'કચ્છશ્રુતિ'ના માહિતીસભર લેખ અને આકર્ષક ટાઇટલ્સ ઘણી જ સુંદરતા બતાવે છે.** વાચક વર્ગ માટે લેખન સામગ્રી, સમાચાર જે આપવામાં આવે છે તે પ્રશંસાપાત્ર છે. રસપ્રદ માહિતીસભર લેખો, કાવ્યો કચ્છશ્રુતિમાં આપવામાં આવે છે. જેથી તંત્રીશ્રી અને પૂરી ટીમને ધન્યવાદ... શુભેચ્છાઓ. નૂતન વર્ષાભિનંદન.

*મહાભાઈ આર. વોરા - ભુજ, કચ્છ*

## આખા વિશ્વમાં માનસિકતાનું ડિગ્રેશન

આખા વિશ્વમાં અત્યારે એવું વાતાવરણ છે કે ઉદાર મતની વાત કરનારા લોકો કે માનવતાની વાત કરનારા નેતાઓ પદ પરથી ફેંકાઈ રહ્યા છે. સંકુચિતતા દર્શાવનારા ધર્મનો, જાતિનો કે મૂળ વંશનો ઝંડો ઉઠાવનારા નેતાઓ સડસડાટ સીડી ચડી રહ્યા છે. ટેકનોલોજીનું અપગ્રેડેશન થાય છે પણ માનસિકતાનું ડિગ્રેડેશન થઈ રહ્યું છે.


Mahalaxmi
INFRACONTRACT PVT. LTD.
Mining for Better Tomorrow

• CORPORATE OFFICE •
B-21, Corporate House, Opp. Pakvan-2,
S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Phone : 079-26856711, 26856712
Fax : +91-79-26856713
CIN No. : U14200GJ2010PTC060146 Dt. 05-04-2010

• REGD. OFFICE •
102, Shanti Chambers, Nr. Bank of Baroda,
Station Road, Bhuj, Kutch, Gujarat, INDIA.
Phone : (02832) 256059
E-mail :mahalaxmi@miplgroups.com
E-mail : mahalaxmi_1994@hotmail.com
Website : www.miplgroups.com

# અન્ય સંસ્થા સમાચાર

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ આયોજિત ભુજ ખાતેની બિઝનેસ સમિટ



*બિઝનેસ સમીટ - ઉદ્‌ઘાટન સમારંભ*

સમાજમાં સામાન્ય રીતે વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન સેમિનાર, મહિલાઓ માટે ઉત્કર્ષ યોજના, તેવી જ રીતે વયસ્કો માટેના કાર્યક્રમો યોજવામાં આવે છે. પરંતુ પરિવારની મુખ્ય કમાનાર વ્યક્તિઓ માટે કોઈ પણ માર્ગદર્શક સેમિનારો યોજવાની સામાન્યપણે કોઈ પ્રથા નથી.

તેથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની શિક્ષણ અને ઈતર ડેવલપમેન્ટ સમિતિએ આ પ્રકારના બિઝનેસ સેમિનારના આખા દિવસનું આયોજન રવિવાર, તા. ૨૫-૧૧-૨૦૧૮ના દિવસે ભુજ ખાતે ગોઠવેલ હતું કે જેમાં ભુજ ઉપરાંત માંડવી, મુંદ્રા, ગાંધીધામ તથા અંજારના અનેક એન્ટરપ્રિન્યોર, ઉદ્યોગકાર, વિતરણકાર, વિવિધ કન્સલ્ટન્ટો વગેરે ઉપસ્થિત રહેલ હતા.

ઉદ્‌ઘાટન સમારંભના અધ્યક્ષ અને પૂર્વ રાજ્યમંત્રી શ્રી તારાચંદભાઈ છેડાએ જણાવેલ કે કચ્છમાં ખનિજ પુષ્કળ માત્રામાં છે. ટુરિઝમનો સારો એવો વિકાસ થઈ રહેલ છે. મોટા ગજાના ઉદ્યોગો પણ છે. આ સાથે નાના નાના અનેક કામો છે કે જેને જરૂર છે માત્ર દિશા સૂચનની, કે જે આવા સેમિનાર થકી પ્રાપ્ત થઈ શકશે. મુખ્ય અતિથિ વિશેષ અને સાત સંઘના પ્રમુખ શ્રી મૂકેશભાઈ ઝવેરીએ જણાવેલ કે હાલના સંજોગોમાં આ સેમિનાર કચ્છના વેપારીઓને ખૂબ જ ઉપયોગી સાબિત થઈ શકશે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડે સૌનું શાબ્દિક સ્વાગત કરતાં સમાજની પ્રવૃત્તિઓનો ચિતાર રજૂ કરેલ હતો.

આખા દિવસનો આ સેમિનાર પાંચ સેશનમાં વહેંચાયેલ હતો. વિવિધ પ્રકારના ૪ કન્સલ્ટન્ટોએ પોતાના વિષયે વક્તવ્ય આપેલ હતું કે જ્યારે પાંચમું સેશન પ્રશ્નાવલી વિશેનું રાખવામાં આવેલ હતું.

પ્રથમ સેશનમાં વિ-ટ્રાન્સ કંપનીના સ્થાપક શ્રી અશોકભાઈ શાહે વિવિધ માહિતીની જાણકારી સાથેનું પ્રેઝન્ટેશન આપેલ હતું.

દ્વિતીય સેશનમાં ગ્લોબલ નેટવર્કના સ્થાપક ‘મેન્ટોર ઓન રોડ’ માટેનો વિશ્વવિક્રમ બનાવનાર જગતભાઈ શાહે કચ્છમાંથી તમારી વસ્તુની નિકાસ કઈ રીતે કરી શકાય? કઇ કઇ વસ્તુની નિકાસ થઈ શકે? આ વસ્તુને પ્રોત્સાહન આપવા સરકારની અલગ અલગ આઠ સ્કીમો વિશે જાણકારી આપી હતી. રૂા. ૧ લાખથી રૂા. ૧ કરોડ સુધીના રોકાણવાળી અનેક પ્રોડક્ટ્સની વિગતો પણ તેમણે સમજાવેલ હતી.

તૃતીય સેશનમાં સફળ સલાહકાર અને મોટીવેટર તથા

'૩૯ સોલ્યુશન્સ'ના સ્થાપક શ્રી બશેસભાઈ ગાલાએ પોતાના વક્તવ્યમાં સફળતાના ૯ મંત્રો વર્ણવ્યા હતા.

ચતુર્થ સેશનમાં 'ડિઝાઇન બ્રેઇન્સ ડિજિટલ પ્રા.લિ.'ના પ્રણેતા શ્રી અક્ષય શેઠિયાએ સોશિયલ મીડિયાનો ઉપયોગ વેપાર ધંધાને વધારવામાં કેવી રીતે કરી શકાય એ અંગે માહિતી આપી હતી.

પાંચમા સેશનમાં ઉપસ્થિત યુવા વેપારીઓએ, ચારે મોટીવેટરોને પ્રશ્નો પૂછી પોતાની જીજ્ઞાસા સંતોષી હતી.

સેમિનારના અંતે ઉપસ્થિત અંદાજિત ૪૦૦થી પણ વધુ યુવા ઉદ્યોગપતિ / વેપારીઓએ આ પ્રકારના માર્ગદર્શક સેમિનાર કચ્છમાં વારંવાર યોજવામાં આવે તેવું મંતવ્ય વ્યક્ત કર્યું હતું.

આ સેમિનાર પાછળનું આર્થિક પ્રેરકબળ શ્રી મૂકેશભાઈ ઝવેરી, શ્રી કમલેશભાઈ સંઘવી, શ્રી ભદ્રેશભાઈ મહેતા તથા શ્રી ચિરાગભાઈ શાહે પૂરું પાડેલ હતું.

## બિઝનેસ સમિટમાં વક્તવ્ય આપનાર નિષ્ણાતોના બાયોડેટા

### શ્રી અશોકભાઈ શાહ

- મુંબઈ સ્થિત સફળ કચ્છી વ્યવસાયકાર.
- ૯૦૦ કરોડની વિ-ટ્રાન્સ ગ્રુપના માલીક.
- 'જીતો', સ્થાનકવાસી જૈન મહાજન, રોટરી જેવી અનેક સંસ્થાઓ સાથે સક્રિયપણે સંકળાયેલ છે.
- બોમ્બે ગુડ્સ ટ્રાન્સપોર્ટ એસોસિએશનના પ્રમુખપદે રહી ચૂકેલ છે.
- ટ્રાન્સપોર્ટ ઑનર માટે રોલ મોડેલ.
- ઉદ્યોગ રત્ન, ટ્રાન્સપોર્ટ પર્સનાલિટી, ધીરૂભાઈ અંબાણી ઍવોર્ડ જેવા અનેક સન્માન મેળવી ચૂકેલ છે.
- 'સુપર એચિવર્સ ઓફ કચ્છી જૈન કોમ્યુનિટી'માં તેમનો સમાવેશ થયેલ છે.
- 'જ્વેલ્સ ઑફ ગુજરાત' પુસ્તકમાં ગુજરાત રત્ન તરીકે તેમનો સમાવેશ થયેલ છે.

### શ્રી જગતભાઈ શાહ

- ઈન્ટરનેશનલ બિઝનેસમાં **Ph.D.** કરેલ છે.
- ડાયમંડ ટેકનોલોજિસ્ટ છે.
- ક્લસ્ટર ડેવલપમેન્ટના પ્રમાણિત નિષ્ણાત અને મેનેજમેન્ટ સલાહકાર છે.
- કેનેડાની મોનીટોબા સરકારના 'ટ્રેડ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ કમિશનર' તરીકે રહીને ભારતમાં ૯ વર્ષ કામ કરેલ છે.
- યુ.એસ.એ., બ્રુનેઇ, સેનેગલની સરકાર સાથે અનેક પ્રોજેક્ટ્સ માટે કામ કરેલ છે.
- ભારત સરકારના **MSME** અને કાપડ મંત્રાલય સાથે કામ કરેલ છે.
- **World Bank, USAID, UNIDO, Microsoft** વગેરે માટે વિદેશોમાં કામ કરેલ છે.
- ભારતના ઉદ્યોગ અને રોકાણના ૧૬૬ જેટલા પ્રતિનિધિ મંડળોની આગેવાની લઈને ૪૦ જેટલા દેશોમાં યોગ્ય સંપર્ક કરાવી આપવાનું આયોજન કરેલ છે.
- ૧૦૦થી વધુ ઉદ્યોગ ક્લસ્ટર્સને વૈશ્વિક બજારમાં પ્રવેશ કરાવી આપ્યો છે.
- **'Mentor on Road'** પ્રોજેક્ટ અંતર્ગત વર્ષ ૨૦૧૫માં ભારત ભ્રમણ કરી ૨૨ રાજ્યોના, ૧૨૦૦૦ કિ.મી.ના પ્રવાસ દરમિયાન નાના, મધ્યમ ઉદ્યોગો અને **Start Up** ને મળી, વેપારમાં એમને પડતી મુશ્કેલીના પ્રશ્નો અંગે ભારત સરકારને ૪૯ જેટલા સૂચનો મોકલ્યા, જે સરકારને **Ease of doing Business**ની પોલીસી બનાવવામાં ખૂબ જ ઉપયોગી નીવડ્યા.
- વર્ષ ૨૦૧૭માં અમેરિકી સરકારના વાણિજ્ય વિભાગ અને ભારતના **Start up** પ્રોજેક્ટની મદદથી અમેરિકાનું બાય રોડ ભ્રમણ કર્યું. ૮૨ દિવસમાં ૩૫ રાજ્યોના ૩૫ શહેરોને આવરી લીધા. ૨૦૦૦ કિ.મી.ના આ યાત્રા પ્રવાસ દરમિયાન ૪૦૦૦થી પણ વધુ કંપનીઓ, **Start Ups**, ઉદ્યોગ ગૃહો અને ભારતીય સમુદાયોને મળીને 'નયા ભારત' અને ભારતમાં વેપારની તકો અંગે તેઓને માહિતગાર કર્યા.
- છેલ્લા ૧૫ વર્ષમાં તેમણે ૨૦ દેશોમાં ૭૦,૦૦૦ કિ.મી.ની **Self Drive** કરી વિશ્વવિક્રમ સ્થાપ્યો છે.

### શ્રી બશેસ ગાલા

- **'39 Solutions'**ના સ્થાપક અને **CMD.**
- સફળતા મેળવવા માટેના માર્ગદર્શક.
- ભારતીય **SME** અને પારિવારિક ઉદ્યોગોને વિકસિત કરવા માટેના નીવડેલા સલાહકાર.
- ૧૦ વર્ષના કાર્યકાળમાં તેમણે ૫૦,૦૦૦થી વધુ ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન આપ્યું છે અને ૧૦,૦૦૦થી વધુ કલાકો તેમણે તાલીમ આપવામાં ગાળ્યા છે.
- આ ક્ષેત્રે તેમણે સમગ્ર વિશ્વને પોતાની કુશળતાનો અનુભવ આપેલ છે કે જેમાં **Wall Street**નો પણ સમાવેશ થાય છે.

- **Ted X** વક્તા જેમણે **'Best Training Leader of the Year'** તથા **'Best Business Mentoring Programme Award'** પોતાના નામે કરેલ છે.
- **'Leadership Award'** પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામના હસ્તે મેળવેલ છે.

### શ્રી અક્ષય શેઠિયા

- ડિઝાઈન બ્રેઈન્સ ડિજિટલ પ્રા.લિ.ના સ્થાપક ડાયરેક્ટર અને **CEO.**
- ટેકનોલોજીનો ઉપયોગ કરીને વેપારમાં વૃધ્ધિ કરાવવા અંગેના નિષ્ણાત.
- સોશિયલ મીડિયા માર્કેટીંગ, સર્ચ એન્જિન માર્કેટીંગ તથા ઓનલાઈન બ્રાન્ડિંગ અને માર્કેટીંગના વિશેષજ્ઞ.
- **IIM** - અમદાવાદ આયોજિત વર્લ્ડ માર્કેટીંગ કોન્કલેવમાં તેમણે પેપર પ્રેઝન્ટેશન કરી વક્તવ્ય આપેલ છે.
- તેઓ અનેક કંપનીઓ અને મોટા ઉદ્યોગગૃહોને ઓનલાઈન વેપાર અંગે માર્ગદર્શન આપે છે.

## શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ - અમદાવાદ દ્વારા શ્રી જલારામ જયંતીની ઉજવણી સફળતાપૂર્વક સંપન્ન

**★ પૂ. જલારામ બાપાના જીવન અને કવન ઉપરની ક્વિઝ આકર્ષણનું કેન્દ્ર ★ આ નિમિત્તે થેલેસેમિયા મેજર બાળકોના લાભાર્થે રક્તદાન કેમ્પનું પણ આયોજન ★ સરસ્વતી સન્માન સમારોહમાં સન્માનિત થતાં તેજસ્વી તારલાઓને મંચસ્થ કરી હોદ્દેદારો સભામાં બેઠા બાળકોને પ્રોત્સાહિત કરવાનો આ પ્રયોગ અત્યંત સફળ રહ્યો**

શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ - અમદાવાદ દ્વારા તા. ૧૪-૧૧-૨૦૧૮ના રોજ સોલા - અમદાવાદ ખાતે પૂ. જલારામ બાપાની જન્મજયંતી અત્યંત ધામધૂમથી ઉજવાઈ. સાંજે ૭ કલાકે પ્રમુખશ્રી, ટ્રસ્ટીમંડળ, કારોબારી સભ્યો, સમાજના પરિવાર સભ્યો તથા મુખ્ય યજમાન પરિવારની ઉપસ્થિતિમાં પૂ. જલારામ બાપાનું પૂજન, અર્ચન, સમૂહ આરતી દ્વારા કાર્યક્રમની શરૂઆત કરાઈ. ત્યારબાદ મુખ્ય સૌજન્ય શ્રી ડાહ્યાલાલ મોરારજીભાઈ ઘટ્ટા પરિવાર તથા ટ્રસ્ટીમંડળ અને હોદ્દેદારોએ દીપ પ્રાગટ્ય કર્યું. શ્રી મુકેશભાઈ હાલાણીએ સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્યા હતા. પ્રમુખ શ્રી હિમાંશુભાઈ ઠક્કરે પ્રાસંગિક ઉદ્બોધન કરી સૌને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. પૂ. જલારામ બાપાના જીવનમાંથી પ્રેરણા લઈ સૌને વધુને વધુ ઉદાર બનવા માટે અને શિક્ષણ અને આરોગ્યમાં આપણે સૌ જરૂરિયાતમંદ પરિવારોને મદદ કરી શકીએ તે માટે સહયોગ આપવા પણ અપીલ કરી હતી.

આ અવસરે ક્વિઝ અને સમૂહ ભોજનનું સુંદર રીતે આયોજન કરવામાં આવ્યું હતું, એમ સંસ્થાના મંત્રી શ્રી મુકેશભાઈ હાલાણીની એક પ્રેસનોટમાં જણાવાયું હતું.

## ભુજ ખાતે પુસ્તક મેળા સાથે પુસ્તક વિમોચનનો કાર્યક્રમ યોજાયો

### મ.વિજયરાજજી પુસ્તકાલયની સાર્ધ શતાબ્દી અને ગ્રંથાલય સપ્તાહ નિમિત્તે આયોજન

ભુજ ખાતે મહારાઓશ્રી વિજયરાજજી સાર્વજનિક પુસ્તકાલયની સાર્ધ શતાબ્દી અને રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહ ઉજવણીના અવસરે વી.આર.ટી.આઈ.ના સંયુક્ત ઉપક્રમે ત્રિ-દિવસીય ભાતીગળ પુસ્તક મેળાના શુભારંભ સાથે જાણીતા લેખક સંજય પી. ઠાકરના પુસ્તકનું વિમોચન કચ્છ યુનિ.ના કુલપતિ ડૉ. ચંદ્રસિંહજી જાડેજાના અધ્યક્ષસ્થાને યોજાયું હતું. **ઇન્ટરનેટ અને ગૂગલના જમાનામાં પણ પુસ્તકોની ઉપયોગીતા અને સાર્થકતા વક્તાઓએ વર્ણવી હતી.**

પુસ્તકાલયના મ.શ્રી ભૂપતસિંહજી હૉલ ખાતે આયોજિત ઉદ્ઘાટન કાર્યક્રમના પ્રારંભે ઉપસ્થિત મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય પછી પુસ્તકાલયના પ્રમુખ ઉપેન્દ્રભાઈ ઉપાધ્યાયે સૌને આવકારી સંસ્થાની વિવિધ સાંસ્કારિક પ્રવૃત્તિઓ જણાવી હતી. વી.આર.ટી.આઈ.ના સંયોજક ગોરધનભાઈ પટેલ 'કવિ'એ ગુજરાત સાહિત્ય અકાદમી અને ૧૮ પ્રકાશકોના સમૃદ્ધ પુસ્તકો ૫૦ ટકા વળતરથી આપવાની સાથે અનુદાન ન મેળવતી સંસ્થાઓ રૂા. ૫૦૦૦/-ની પુસ્તક ખરીદી પર ૧૫,૦૦૦/-ના પુસ્તકો મેળવી શકશે એવી વાત કરી હતી. **આ પ્રસંગે પુસ્તકાલયના ઉપપ્રમુખ અને જાણીતા લેખક સંજય ઠાકરના પુસ્તક 'સાત દાયકાનાં ૭૦ સીમાચિહ્નો'નું વિમોચન 'કચ્છમિત્ર'ના તંત્રી દીપકભાઈ માંકડે કર્યું હતું.** સાહિત્યકાર હરેશભાઈ ધોળકિયાએ પુસ્તકનો પરિચય કરાવતા જણાવ્યું હતું કે સ્વાતંત્ર્ય પછીનું કચ્છનું આ ઉત્તમ દસ્તાવેજીકરણ છે, જે કચ્છના વિકાસનું દર્શન કરાવે છે. લેખક સંજય ઠાકરે લેખન અને પુસ્તક સર્જનમાં મદદરૂપ થનારાઓનો આભાર માન્યો હતો.

આ અવસરે વી.આર.ટી.આઈ.ના નિયામક માવજીભાઈ બારૈયા, લેખક ભરત'કુમાર' ઠાકર, મોટી પોશાળ જાગીરના મહંત પ્રવીણ ગોરજી મંચસ્થ રહ્યા હતા. સમારંભનું સંચાલન પુસ્તકાલયના મંત્રી પીયૂષભાઈ પટ્ટણીએ કર્યું હતું. આભારવિધિ કારોબારી સભ્ય નરેશ અંતાણીએ કરી હતી. આ ગૌરવભર્યા કાર્યક્રમમાં પુસ્તકાલયના કારોબારી સભ્યો દર્શક બુચ, દિનેશ મહેતા, રેશ્માબેન ઝવેરી, જાગૃતિ વકીલ, કિશનભાઈ રૂપારેલ, એ.કે. શેખ, અશોક માંડલિયા, દિલીપભાઈ વૈદ્ય ઉપરાંત ગ્રંથપાલ કેતુલ શાહ, લધુજી સુથાર, મદનકુમાર ઠક્કર અને મહેશ ત્રિવેદી સહયોગી બન્યા હતા. આ પ્રસંગે સુભાષભાઈ વોરા, ઝવેરીલાલ સોનેજી, રસનિધિ અંતાણી, ધનજી ભાનુશાલી, ગૌતમ જોશી, ચંદ્રવદન મહેતા, અખિલેશ અંતાણી, મધુકર ઠક્કર, કૃષ્ણકાંત ભાટિયા, કનુભાઈ જોશી, લાલજી મેવાડા સહિત શહેરના અગ્રણીઓ અને સંજય ઠાકરના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

## બિન અનામત જ્ઞાતિ એકતા મંચ



બિન અનામત વર્ગની વિવિધ જ્ઞાતિઓના વિદ્યાર્થીઓને કૉલેજોમાં પ્રવેશ તથા આર્થિક અસમાનતામાં અન્યાય ન થાય અને રોજગાર મેળવવામાં પણ અસંતોષ ન રહે તે માટે ગત વર્ષે રાજ્ય સરકારશ્રી દ્વારા બિન અનામત આયોગ તથા ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની રચના કરી. પરંતુ છેલ્લા ૧ વર્ષ દરમિયાન નિગમ, આયોગ અને સરકારશ્રી વચ્ચે જરૂરી કાર્યદક્ષ સંકલનનો અભાવ અને સહાય આપવા માટે બનાવેલી યોજનાઓના અમલીકરણમાં જોવા મળેલી ઉદાસીનતાના પગલે અમદાવાદ મુકામે વિવિધ સવર્ણ જ્ઞાતિના હોદ્દેદારો તથા જ્ઞાતિ શ્રેષ્ઠીઓએ છેલ્લા છ માસ દરમિયાન કરેલા વિવિધ ઔપચારિક સંવાદોને અનુસંધાને બિન અનામત જ્ઞાતિ એકતા મંચ સંચાલિત ફેડરેશન ઓફ સોશિયલ રીફોર્મ્સ એન્ડ વેલફેર અંતર્ગત આયોગના ચેરમેન શ્રી હંસરાજભાઈ ગજેરા તેમજ નિગમના ચેરમેન શ્રી બી.એચ. ઘોડાસરા સાહેબને સમાજમાંથી ઉપસ્થિત થયેલી વિવિધ માગણીઓ અને મુદ્દાઓની તથા વિસંગતતાઓની વિગતે રજૂઆત કરી આવેદનપત્ર સુપરત કર્યું. સરકારશ્રી દ્વારા જાહેર કરાયેલ મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાના દરેક કૉલેજોમાં અને દરેક કોર્સીસમાં અમલીકરણ માટે તેમજ અનુસૂચિત જાતિ અને જનજાતિમાં પંચ દ્વારા જે લાભો આપવામાં આવે છે તે જ પ્રકારના લાભો બિનઅનામત આયોગ હેઠળ આવતી જ્ઞાતિઓને પણ મળે તે માટે મક્કમ રજુઆતો કરવામાં આવી. આગામી દિવસોમાં માનનીય મુખ્યમંત્રી શ્રી તથા નાયબ મુખ્યમંત્રીશ્રીને મળીને આ બાબતોની રજુઆતો કરી ઘટતું કરવા માટે સૌએ કટિબધ્ધતા વ્યક્ત કરી. ગુજરાતભરની વિવિધ એપેક્ષ સંસ્થાઓ તથા જ્ઞાતિ સંગઠનો આ બિનઅનામત જ્ઞાતિ એકતા મંચને જોરદાર સમર્થન કરી તમામ સવર્ણ જ્ઞાતિઓએ એક સૂરે તમામ યોજનાઓના અમલીકરણ માટે મક્કમતાપૂર્વક માંગ ઊઠાવી છે.

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### શ્રી કચ્છી જૈન સેવા ભવન - ગીતા મંદિર, અમદાવાદનો ઉપયોગ બધા જ કચ્છીઓ કરી શકશે

શ્રી કચ્છી જૈન સેવા સમાજ – અમદાવાદ દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ ઉપરાંત બહારગામથી અમદાવાદ પધારતા કચ્છીઓ માટે અતિથિ ભવનની સેવાઓ પણ ઉપલબ્ધ કરેલ છે. આ ભવનો એટલે (૧) ગીતા મંદિર ખાતેનું શ્રી કચ્છી જૈન સેવા ભવન, (૨) પાલડી ખાતેનું શ્રી કચ્છી જૈન ભવન તથા (૩) શાહીબાગ ખાતેના શ્રી કચ્છી વિશ્રામ ગૃહનો સમાવેશ થાય છે.

***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના તાજેતરના નિર્ણય અનુસાર એસ.ટી. સ્ટેન્ડ પાસે, ગીતા મંદિર ખાતેના શ્રી કચ્છી જૈન સેવા ભવનનો ઉપયોગ કોઈ પણ કચ્છી સમાન ધોરણે હવે પછી કરી શકે છે.***

*ફોન : (૦૭૯) ૨૫૪૬૧૨૭૦.*

# શબ્દ શોધ : ૭૮

મો. ૯૪૨૬૬ ૬૦૪૧૨

• પ્રદીપ જોશી - આદિપુર •

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ■ | ૨ | ■ | ૩ | ■ | ૪ | ૫ |
| | ■ | ૬ | | ૭ | | ૮ | ■ | |
| ૯ | ૧૦ | | ■ | | ■ | ૧૧ | ૧૨ | |
| ■ | | ■ | ૧૩ | | ૧૪ | ■ | | ■ |
| ૧૫ | | ■ | | ■ | | ■ | ૧૬ | ૧૭ |
| ૧૮ | | ■ | ૧૯ | | | ■ | ૨૦ | |
| | ■ | ૨૧ | | ■ | ૨૨ | ૨૩ | ■ | |
| ■ | ■ | | ■ | ૨૪ | ■ | | ■ | ■ |
| ૨૫ | | | | | | | | |

## આડી ચાવીઓ

૧. કચ્છ જિલ્લાનું એક શહેર (૨)
૪. નભ, આકાશ (૨)
૬. દરિયો (૫)
૯. જવું એ (૩)
૧૧. સીતાના અપહરણમાં નિમિત્ત બનેલો એક રાક્ષસ (૩)
૧૩. માનનીય, મુરબ્બી, પૂજ્ય (૩)
૧૫. " ____, તમે તો કમાલ કરી" (૨)
૧૬. રાંધેલા ચોખા (૨)
૧૮. ધરતીનો છેડો (૨)
૧૯. ભારતના એક રાષ્ટ્રીય નેતા (૩)
૨૦. પરવા, દરકાર (૨)
૨૧. "____નું કામ આજે જ કરો" (૨)
૨૨. એકથી એકવીસ વચ્ચેની એક સંખ્યા (૨)
૨૫. ભારતના એક વડાપ્રધાન (૯)

## ઊભી ચાવીઓ

૧. સર્પ, નાગ (૩)
૨. વેદીમાં હોમ કરતી વેળા બોલાતો ઉદ્‌ગાર (૨)
૩. શંકર ભગવાનનો એક પ્રસાદ (૨)
૫. ગુજરાતનો એક જિલ્લો (૩)
૬. "____ હોય તો માળવે જવાય" (૨)
૭. એક જંગલી પ્રાણી (૩)
૮. સુંદર સ્ત્રી (૨)
૧૦. સુંદર, ચિત્તાકર્ષક (૪)
૧૨. રહેણીકરણી, ચાલચલગત (૪)
૧૩. જંગલનો રાજા (૪)
૧૪. લવરી, નકામી વાત (૪)
૧૫. વાઘની માદા (૩)
૧૭. "____ને તેડું ન હોય" (૩)
૨૧. ચઢાણ, ચઢતો ક્રમ (૩)
૨૩. સરખું (૩)
૨૪. પથ્થરની છાટ, દગડ (૨)

## શબ્દશોધ : ૭૭નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| જ | લે | બી | ગાં | ઠિ | યા | ■ | બો | દું |
| ■ | વે | ■ | ઘી | ■ | દી | વા | ર | ■ |
| અ | ચ | ર | જ | ■ | લ | તા | ■ | સૌ |
| ન્યા | ■ | મ | યં | ક | ■ | ય | તી | મ |
| ■ | ભ | ર | તી | ■ | વા | ન | ર | ■ |
| ■ | ર | મા | ■ | મા | ન | ■ | ■ | વિ |
| ■ | ત | ટ | સ્થ | તા | ■ | હ | સી | ના |
| કા | કા | ■ | પ | ■ | અ | ર | મા | ■ |
| ગ | મ | ■ | તિ | હા | ર | ■ | ■ | ■ |

### શબ્દ શોધ : ૭૬ / ૭૭ નો ઉકેલ મોકલાવનારના નામ

- રશ્મિ એસ. સાવલા - ભુજ
- મહાભાઈ આર. વોરા - ભુજ
- નીલેશ વી. શાહ - ભુજ
- અશ્વિન પી. ઠક્કર - નખત્રાણા
- આર. કે. સૈયદ - મુંદ્રા
- ધનસુખ કે. પટેલ - ગાંધીધામ
- સુવાસ ડી. ગોર - ભુજ
- રમીલા જે. ગોર - ભુજ
- દિલીપ કે. શાહ - ભુજ
- અભય સી. મહેતા - મુંદ્રા
- વિશાલ ડી. અનમ - નખત્રાણા

*સ્વપ્ના સેવવામાં એક એવી અમર્યાદિત શક્તિ રહેલી છે, જે આપણને પ્રગતિ તરફ ઊંચે ચડાવે છે.*

વિવિધતા

# હાસ્ય મજાક સાથે જ્ઞાન વૃધ્ધિ
# આવી આવી લગ્નની મોસમ આવી...
# મહેંદી રસમ : તંબોલા ગેમ



ભાવના એ. ઝવેરી

લગ્નના દરેક ફંકશનમાં ભારેખમ, સ્ટાઈલીશ પોષાક, મસ્ત મેક-અપ અને બધાથી અલગ દેખાવું એ તો આજનો ટ્રેન્ડ છે.

લગ્નસરાના દરેક ફંકશનમાં નવી અલગ જાતની ગેમ રમાડવાનો ટ્રેન્ડ વધતો જાય છે. બધાને કંઈક નવું કરવું હોય છે.

ઈવેન્ટ મેનેજમેન્ટને સોંપતા પહેલાં તમે પણ પહેલેથી થોડી તૈયારી કરી રાખો. ડ્રેસકોડ નક્કી કરો. તેને અનુરૂપ ડેકોરેશન કરો. ફંકશનને અનુરૂપ ગેમ્સનું આયોજન કરો. પ્રસંગને ઍન્જોય કરો. બધાને મજા આવશે અને આવનાર મહેમાનોને કંઈક નવું માણ્યું એવું માનવામાં આવશે અને તમને વાહ વાહ મળશે. બસ, આનાથી વિશેષ આનંદ આપણા માટે શું હોય?

*મહેંદી તે વાવી માળવે ને એનો રંગ ગયો ગુજરાત રે...*
*મહેંદી રંગ લાગ્યો...*



***મહેંદી મૂકેલા હાથની કલર ઝેરોક્ષ અને પેન રમનાર બધાને આપો. તેમાં ૧૫ રાઉન્ડ આપેલા છે. તેમાં તમને મનપસંદ નંબર ૧થી ૯૦ની અંદરના ભરી નાખો. આ થઈ ગઈ તમારી હાઉસીની ટિકિટ. હાઉસીનો બોર્ડ અને નંબર લઈ આ ગેમ રમાડો.***

★ **નિયમો :**

૧. પાંચેય આંગળીના ટેરવામાં લખેલા નંબર થઈ જાય તે વિનર.
૨. પાંચેય આંગળીના નીચેના લખેલા નંબર થઈ જાય તે વિનર.
૩. હથેળીમાં આવેલ પાંચ રાઉન્ડના નંબર થઈ જાય તે વિનર.
૪. જેના બધા જ નંબર થઈ જાય તે ફુલ હાઉસી વિનર જાહેર થશે.

● **વિજેતાને જવાબ કઈ રીતે આપવાના રહેશે :**

વિજેતા બહેનને પોતાના નંબર વેરીફાય કરીને મહેંદી રસમને લગતાં ગીતની કડી ગાવાની રહેશે. ત્યારબાદ તેમને ઈનામ મળશે.

● **નોંધ :**

★ મહેંદી લીલા કલરની હોય છે. તો બધાનો ડ્રેસકોડ 'ગ્રીન થીમ' રાખો. ડેકોરેશન પણ ગ્રીન કલરનું કરો. આ ગેમ ઘરના બધા જ સભ્યો (ભાઈઓ પણ) રમી શકે.

★ જેમને મહેંદી નથી મૂકાવાની, તે પણ ગેમ દ્વારા છેલ્લે સુધી ઈન્વોલ્વ રહેશે, બોર નહીં થાય.

★ ગેમમાં મહેંદીના ગીત ગાવાના હોવાથી ફંકશનને અનુરૂપ શકનના ગીત પણ ગવાતા રહેશે. તેમાં પણ કોઈનો અવાજ સૂરીલો હશે તો તો... ગરબાની રમઝટ પણ થઈ જશે હોં...

● **સરપ્રાઇઝ ગીફ્ટ કેવી રીતે આપશો?**

★ તમે જે 'ગ્રીન કલર થીમ' રાખેલી છે. તે પ્રમાણે ગીફ્ટનું પેકિંગ પણ ગ્રીન કાગળથી રૅપ કરેલું હોવું જોઈએ.
★ પરફેક્ટ ડ્રેસ મેચિંગ વિથ ઓર્નામેન્ટ્સ.... – વિનર.
★ ડ્રેસ વિથ ટોટલ પંદર વસ્તુઓ ગ્રીન કલરની.
★ ગ્રીન કલરની સૌથી વધારે બંગડીઓ પહેરેલી.
★ ગ્રીન કલરની ભારે સાડી પહેરેલી હોય તે.
★ કપલનું ડ્રેસ ગ્રીન કલરમાં મેચિંગ હોય તે.
★ ગેમ્સમાં વિનર હોય તેને પણ ગિફ્ટ આપવી.

***ફ્રેન્ડ્સ, તમે આ રીતની તૈયારી કરી હશે તો મને આશા છે કે તમારી મહેંદી રસમ તો મસ્ત... મસ્ત મજાની રહેશે. બધા પહેલેથી છેલ્લે સુધી ઈન્વોલ્વ રહેશે જ.***

મહેંદી રસમને લગતા ગીતની કડી આપેલી છે. તમને ગેમ દરમિયાન યાદ નહીં કરવા પડે. તમારી પાસે તૈયાર હશે.


● **મહેંદીના ગીતો**

૧. મહેંદી લગા કે રખના... ડોલી સજા કે રખના...
૨. મહેંદી... મહેંદી... તૂટકે ડાલીસે હાથોમેં બિખર જાતી હૈ.
૩. મહેંદી હે રચનેવાલી, હાથોંમેં ગહેરી લાલી.
૪. મહેંદી રચય કે, બિંદિયા લગાકે, ચુડી પહનકે કંગના બજાઈકે
૫. મહેંદી રંગ લાઇ, આજ ભાઈ તેરી સગાઈ.
૬. મહેંદી સે લિખ ગોરી હાથ પર મેરા નામ.

# પુસ્તક પરિચય

***પુસ્તકનું નામ : ગુજરાતી કથાગીતો***

***સંકલન : જીના વીરેન શેઠ***




માતૃભાષા ગુજરાતીમાં નવું ખૂબ ઉમેરાય છે તે સારી વાત છે. પણ સાથે સાથે નવી પેઢીને જૂનું પ્રાપ્ત થતું નથી એ પણ એટલી જ સાચી હકીકત છે. એટલે જ 'ગુજરાતી કથાગીતો'નું વર્તમાન સમયમાં ખૂબ જ ઊંચું મૂલ્ય છે. એવું અતિશયોક્તિ વગર કહી શકાય કે આ પુસ્તકમાં આ કથા ગીતો સંગ્રહાયા ન હોત તો બીજા વીસ-પચ્ચીસ વર્ષ પછી તેની પ્રકાશિત પ્રત મળવી મુશ્કેલ બની જશે. કદાચ મેઘાણીજી પછી જો કથાગીતોનું ઉત્તમ સંકલન થયું હોય તો આ જ છે.

સંકલનકર્તા શ્રી જીના બહેને પચ્ચીસથી પણ વધારે સંદર્ભ ગ્રંથોની મદદ લઈ કથા ગીતો શોધ્યા છે. ખાસ તો ભાષાના તમામ ક્ષેત્રોને આવરી લેવાનો સંન્નિષ્ઠ પ્રયાસ થયો છે. પૂર્વ ભૂમિકામાં શ્રી રમેશ સંઘવી લખે છે કે "રાજમાર્ગ પર ભલે હાથી અંબાડી કે રથઘોડા ચાલ્યા હોય, લોકમાર્ગ પર તો ચાલ્યો હોય, નિરક્ષર મહેનતકશ જાણ સમુદાય. સાન, ભાટ, ચારણ, આખ્યાનકારની સાથે જેમના નામઠામ જણાયા નથી તેવા કેટલાય ગ્રામજનો - નારીઓ પણ સામેલ છે." અહીં સંકલનકર્તાએ તેમને પુનર્જીવિત કરવાનો પ્રયાસ કર્યો છે, તે અભિનંદનને પાત્ર છે.

પ્રસ્તુત પુસ્તકમાં અમર કથા ગીત, પૌરાણિક કથા ગીતો, ઐતિહાસિક કથા ગીતો, ચરિત્ર કથા ગીતો, ભક્તિમય કથા ગીતો, બાળ કથા ગીતો, અનુદિત કથા ગીતો, લોક કથા ગીતો, ફિલ્મી કથા ગીતો, લોકપ્રિય ગીતો વગેરે વિવિધ વિભાગો પાડવામાં આવ્યા છે. જેને કારણે વાચક પસંદગી અનુસાર માણી શકે અને વિભાગીય સંકલનથી વાંચન પ્રવાહ પણ ખૂબ સુંદર રીતે જળવાઈ રહે.

વિભાગની શરૂઆતમાં મૂકેલા ઉચિત ચિત્રો વિભાગ પ્રત્યે ઉત્કંઠા જગાડે છે.

ખાસ તો પ્રત્યેક કથા ગીતની સાથે સર્જક વિશે, કૃતિ નિર્માણ, કાવ્યમાંનો કથાસાર અને કાવ્યબોધ જેવા અભ્યાસપૂર્ણ વિસ્તૃત વિવેચનથી પુસ્તકને ચાર ચાંદ લાગી જાય છે. કેટલાય કથા ગીતો પાછળની ભૂમિકા તો કદાચ બહુ ઓછા લોકોને ખબર હશે. જેમકે 'ચારણ કન્યા'નું મેઘાણીજીએ નજરે જોયેલો પ્રસંગ છે.

કથા ગીતોનું ચયન પણ દાદ માંગી લે તેવું છે. શૌર્ય ગીત 'ચારણ કન્યા', તો ભાવસભર 'આંધળી માતાનો કાગળ' ને 'ગ્રામ્ય માતા' ને ભક્તિમય 'જળ કમળ' છે. 'સતી અનસુયા', 'શબરી' જેવા ચરિત્ર ગીતો છે તો 'વેરણ વીજળી'નું ઐતિહાસિક ગીત જેવા ગીત પણ વિશેષ ધ્યાન ખેંચે છે. 'કોઈનો લાડકવાયો', ને 'ઊંટ કહે...' ગીતો તો હજી હીથ સ્પર્શી છે. થોડું વધારે સંશોધન થયું હોત તો 'સૂના સમંદરની પાળે...' કે 'કાચબો-કાચબી' જેવા પૂર્ણ કથાગીતો ઉમેરી શકત. પુસ્તકનું મથાળું 'ગુજરાતી કથાગીતો' છે એટલે હિંદી ફિલ્મી કથાગીતો ન ઉમેરાયા હોત તો ચાલત. એકંદર તો ગીત ચયન અને વિશાળ સંગ્રહ અભિનંદનીય તો છે જ.

શારદા મુદ્રણાલયનું છાપકામ અને ડિઝાઈન ઉડીને આંખે વળગે તેવા છે.

વી.બી.સી. ગ્રુપ - ભુજ દ્વારા આયોજિત ડાયરી લેખન જેવા પ્રકલ્પમાં આવા મોટા ગજાના વિષયને ઉપાડી શ્રી જીનાબહેને જહેમત ઉઠાવીને પાર પાડી, તે માટે વી.બી.સી. ગ્રુપની ટીમની પણ જરૂર નોંધ લેવી જ પડે.

શ્રી હરેશભાઈ ધોળકિયાના મતે 'વિશિષ્ટ તૃપ્તિની અનુભૂતિ' કરાવતો ગ્રંથ ગુજરાતી ભાષાનું એક અણમોલ નજરાણું બની રહેશે. સોનામાં સુગંધ ભળે તેમ અમદાવાદની કલા સંસ્થા 'સ્વર સેતુ'એ આ પુસ્તકના આધારે કથા ગીતોનો સૂરીલો કાર્યક્રમ યોજ્યો. સંકલનકર્તા માટે એથી વિશેષ કયો આનંદ હોઈ શકે?

***પુસ્તક પરિચય કર્તા : દિનેશ માંકડ - અમદાવાદ***
***મો. ૯૪૨૭૯ ૬૦૯૭૯***

***(નોંધ : 'કચ્છશ્રુતિ'ના વાચક વર્ગને ઉપરોક્ત કથા ગીતોનો તેના કથા સાર વગેરે સહિતનો લાભ મળે એ હેતુથી કચ્છશ્રુતિના ચાલુ માસના અંકથી એક પછી એક કથાગીત કચ્છશ્રુતિના અંકોમાં રજૂ કરવામાં આવશે કે જેની નોંધ લેવા વિનંતી.***
***– તંત્રી મંડળ)***

***આ જગત પરની બધી જ સિધ્ધિઓ અને સમૃધ્ધિનાં મૂળિયાં એક વિચાર કે સ્વપ્નામાં રહેલા છે.***

## માડુ

માડુ કે કિત સમજેતો માડુ
ને અભેમાનમેં ફિરેતો માડુ.

ખબર આય ખીચો નાય ખપણમેં
છતા પણ કેટલો ભેરો કરેતા માડુ.

મિતે મથેતે છત ને બ-ટક માની
તેંલા સજી જિંધગી ઝઝુમેતો માડુ.

જડે મિલે લાગ તડે કરે હજમ,
નાય ભૂખ છતાં પ ચરેતો માડુ.

કડેક અચીંધો છેદર્ધે ધિલજો
ખુધા વટે ન્યાર ધુવા મંગેતો માડુ.

**દીપક પુરી (દર્દે દિલ) - ગાંધીધામ**
**મો. ૯૫૩૭૦ ૧૬૧૯૮**

## ભુજીયા ડુંગરજો પુનરોધ્ધાર

*કચ્છજા મહારાવશ્રી વીર ખેંગારજી જો ભુજીયો કિલ્લો સિંહાસન*
*કચ્છ પ્રદેશમેં પ્રમાણિક ઈમાનદારીસે ક્યોં રાજ શાસન.*
*કચ્છ પ્રદેશ જા સ્થાપક મહારાવશ્રી કાર્તિકેય પેલા ખેંગાર. (૧)*

*મહારાવશ્રી ભુજીયા ડુંગરતેં કિલ્લો બંધેજો કમ ક્યોં સે પૂર્ણ ન થેઓ*
*મહારાવશ્રી દેશલજી પેલા જા દીવાન દેવકરણ શેઠ હી કમ પૂર્ણ કેયો.*
*ભુજીયો કિલ્લો કચ્છજો ગૌરવ આય, કાયમ રોંધો યાધગાર. (૨)*

*અનેક યુધ્ધ તોફાન ધરતીકંપ જેડી કુદરતી આફત*
*રાજાશાહી લોકશાહી જેડા શાસનજી સડાઈ ડિયેંતો વિગત*
*કચ્છ પ્રદેશજી તવારિખજો ભુજીયો ડુંગર વતનલા વફાધાર. (૩)*

*ભુજજો જાંગીડો ભુજીયો ડુંગર તિડકો છાંઈમેં રોંધલ ન્યાર્યો ચમત્કાર*
*ગદગદિત થઈ ઊથ્યો પુનરોધ્ધારલા કરોડેંજો ખર્ચ ક્યોં રાજ્ય સરકાર*
*જૂને જમાનેંજો ભુજીયો ડુંગર નવા વાધા પેરિંધે સજધો શણગાર. (૪)*

*ભુજીયા ડુંગરતેં બંધેલ કિલ્લો લગેતો જોગીંધરજી જટા જેડો શોભાયમાન*
*ફણીધર ભુજંગ રાજ રોંધે ઈનજે નામસે થ્યો ભુજીયો નામ*
*ઈતે ભુજંગકે નાગ માનીંધે નાગ પંચમજે ડીં પૂજન કરીયેંતા રાજ ધરબાર. (૫)*

**મહાભાઈ આર. વોરા - ભુજ**
**મો. ૯૫૩૭૦ ૧૬૧૯૮**

***સ્વપ્ના આપણી એકાગ્રતાને તીક્ષ્ણ બનાવે છે અને***
***આપણા જીવનને ઉત્સાહ અને તરવરાટથી ભરી દે છે.***

## કેટલીય યાદ નીકળે (ગઝલ)

જીવનની કિતાબ ખોલું ને, કેટલીય યાદ નીકળે
ને સ્મૃતિની વાટ, શોધું ને કેટલીય વાત નીકળે.

આ ઝંઝાવાતી જીવને, કેટલીય હવે વેદના નીકળે,
ને નભ મહીં તારા ઝુંડમાં, કેટલાય લય નીકળે.

આંચકા મહીં ગઢ કાંગરા ખરતા નીકળે
ને પથ્થર ફાંફોસું ને કેટલાય પોલા નીકળે.

હું ખોવાયો છું મિત્રમાં તેની પહેચાન નીકળે,
હૃદય સ્મૃતિ આવતા આંખે અશ્રુ નીકળે.

આજીવન સફરનો આખરી અંજામ શું નીકળે
સ્મિત મહીં 'દિલકશ' રહુ ને કંઈક વિષ નીકળે.

**દિલીપ આચાર્ય 'દિલકશ' - ભુજ, કચ્છ**
**મો. ૯૯૨૫૪ ૨૬૯૮૮, ૮૫૩૦૭ ૧૬૦૪૬**

## હું કચ્છ છું....

રણ, દરિયો અને પહાડથી ઘેરાયેલો,
મુલક હું કચ્છ છું...

ધીંગી ધરાના માનવીની
ખુમારીનો સાક્ષી... હું કચ્છ છું...

ધૂળ, ડમરી ને અછતના
મુલકનો એવો ધણી... હું કચ્છ છું...

પથ્થરમાંથી પાણી કાઢનારા
એવો જીંદાદિલોની ધડકન... હું કચ્છ છું...

આવો એકવાર પછી
જાવ નહીં પાછા, એવો
નપાણિયો છતાં પાણીદાર
મુલક હું કચ્છ છું... હું કચ્છ છું...

**રમીલા પી. મહેતા - ભુજ**
**મો. ૯૪૨૭૨ ૭૨૯૧૯**

## પનોતી

અરે ઓ પનોતી...
આવતી તું એકલી તો હું ય તને જોઈ લેત,
પણ સામટી આ તકલીફો ને મુશ્કેલી તું લાવતી;
સામનો કરવાની હામ, તો ય તું ડરાવતી,
હારું - થાકું ભલે હું, મુજ હાસ્ય ન ડગાવતી.

**'આરસી' શાહ - અમદાવાદ • ફોન : (૦૭૯) ૨૭૪૩૮૧૬૩**

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

## ટ્રસ્ટ બોર્ડ તથા કારોબારી સમિતિની સંયુક્ત મીટિંગનો અહેવાલ



શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ટ્રસ્ટ બોર્ડ તથા કારોબારી સમિતિની એક સંયુક્ત મીટિંગ શનિવાર, તા. ૧-૧૧-૨૦૧૮ના રોજ સમાજની ઑફિસ ખાતે મળેલ હતી કે જ્યારે આ મીટિંગમાં શ્રી અશોક મહેતા, શ્રી હિમાંશુ ઠક્કર, શ્રી મનુભાઈ કોટડિયા, શ્રી દિનેશ મહેતા, શ્રી જગદીશભાઈ ઠક્કર, શ્રી શશીકાંતભાઈ પીંડોરિયા, શ્રી દક્ષેશ સંઘવી, શ્રીમતી રેખાબેન પટેલ, શ્રી રજનીકાંતભાઈ પારેખ, શ્રી દીપકભાઈ ચૌહાણ, શ્રી ચીમનભાઈ પલણ, શ્રી હસમુખભાઈ કે. મહેતા તથા શ્રી હીરેન પલણ ઉપસ્થિત રહેલ હતા.

૧. આ મીટિંગમાં વર્ષ ૨૦૧૮-૧૯ના હોદ્દેદારો માટે નીચે મુજબની વરણી કરવામાં આવેલ હતી.

| | |
|---|---|
| ઉપપ્રમુખ-૧ | શ્રી ભરતભાઈ ઓઝા |
| ઉપપ્રમુખ-૨ | શ્રી મેઘજીભાઈ પટેલ |
| ઉપપ્રમુખ-૩ | શ્રી ચીમનભાઈ પલણ |
| માનદ્ મંત્રી | શ્રી હિમાંશુભાઈ ઠક્કર |
| સહમંત્રી-૧ | શ્રી જેન્તીભાઈ લાકડાવાલા |
| સહમંત્રી-૨ | શ્રી દિનેશભાઈ મહેતા |
| ખજાનચી | શ્રી અતુલભાઈ સોની |

૨. આ સમાજની કોર ગ્રુપ સમિતિમાં નીચે મુજબના સભ્યોની વરણી કરવામાં આવેલ હતી.

| | |
|---|---|
| શ્રી ભરતભાઈ ઓઝા | કન્વીનર |
| શ્રી જગદીશભાઈ ઠક્કર | સભ્ય |
| શ્રી મનુભાઈ કોટડિયા | સભ્ય |
| શ્રી અતુલભાઈ સોની | સભ્ય |
| શ્રી દીપકભાઈ ચૌહાણ | સભ્ય |
| શ્રી હીરેનભાઈ પલણ | સભ્ય |
| શ્રી જેન્તીભાઈ લાકડાવાલા | સભ્ય |
| શ્રી હરસુખભાઈ પટેલ | સભ્ય |

૩. કચ્છશ્રુતિ તંત્રી મંડળની નીચે મુજબ રચના કરવામાં આવેલ હતી.

| | |
|---|---|
| શ્રી અશોકભાઈ મહેતા | મુખ્યતંત્રી |
| શ્રી દિનેશભાઈ મહેતા | તંત્રી મંડળના સભ્ય |
| શ્રી ભોલાભાઈ ગોલીબાર | તંત્રી મંડળના સભ્ય |
| શ્રી હસમુખ કે. મહેતા | તંત્રી મંડળના સભ્ય |

૪. કચ્છશ્રુતિ વ્યવસ્થાપક સમિતિ
શ્રી મનુભાઈ કોટડિયા કન્વીનર

૫. શૈક્ષણિક સમિતિ
શ્રી દીપકભાઈ ચૌહાણ કન્વીનર

૬. લાઇબ્રેરી સમિતિ
શ્રી દિનેશભાઈ મહેતા કન્વીનર

૭. ક્રિકેટ ટુર્નામેન્ટ સમિતિ
શ્રી ભરતભાઈ ઓઝા કન્વીનર

જે સમિતિમાં માત્ર કન્વીનરશ્રીની વરણી કરવામાં આવેલ છે ત્યાં દરેક કન્વીનરશ્રીએ પોતાની સમિતિના અન્ય સભ્યોના નામ સંસ્થાના કાર્યાલયમાં વહેલી તકે પહોંચાડી દેવાનું જણાવવાનું આવેલ હતું.

૮. સરસ્વતી સન્માનનો કાર્યક્રમ શનિવાર, તા. ૨૬-૧-૨૦૧૯ના રોજ રાખવાનું નક્કી કરવામાં આવેલ હતું.

૯. બિઝનેસ સમીટ બાબતે આગળ વધવાનું શ્રી હીરેનભાઈ પલણને જણાવવાનું આવેલ હતું.

૧૦. વર્ષમાં અષાઢી બીજના દિવસે એક ભવ્ય કાર્યક્રમ યોજવાનું નક્કી કરવામાં આવેલ હતું. જેમાં સરસ્વતી સન્માન, કચ્છશ્રુતિનો વિશેષાંક વગેરે બાબતોનો સમાવેશ કરી દેવાનું આયોજન વિચારાયેલ હતું.

૧૧. કચ્છશ્રુતિના વર્ષ ૨૦૧૯ માટે રીપીટ જાહેરાતો અથવા નવી જાહેરાતો મેળવવાનું નક્કી કરવામાં આવેલ હતું.

**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

***નોંધ :*** શૈક્ષણિક સમિતિના કન્વીનર શ્રી દીપકભાઈ ચૌહાણે તેમની સમિતિના અન્ય સભ્યોના નામ મોકલી આપેલ છે, કે જે નીચે મુજબ છે.

શ્રી ભરતભાઈ ઓઝા
શ્રી સંજયભાઈ રાઠોડ
શ્રી મનુભાઈ કોટડિયા
શ્રી હીરેનભાઈ પલણ

## અવસાન નોંધ

- **રવિવાર, તા. ૨૮-૧૦-૨૦૧૮**
  સાહીલ શૈલેન શાહ (ઉં.વ. ૨૦) (માંડવી - અમદાવાદ)નું આકસ્મિક દુઃખદ અવસાન થયેલ છે.
- **શનિવાર, તા. ૧૦-૧૧-૨૦૧૮**
  ભાણજીભાઈ લીલાધર હેનિયા (ઉં.વ. ૭૭) (બારોઇ હાલે અમદાવાદ)નું દુઃખદ અવસાન થયેલ છે.
- **ગુરુવાર, તા. ૧૫-૧૧-૨૦૧૮**
  ભાનુબેન સવજીભાઈ શાહ (ઉં.વ. ૮૦) (કોટડા - ચાંદરાણી હાલે અમદાવાદ)નું દુઃખદ અવસાન થયેલ છે.

***પરમ કૃપાળુ પરમાત્મા સદ્‌ગતશ્રીઓના આત્માને શાંતિ અર્પે એ જ અભ્યર્થના.***

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

### સરસ્વતી સન્માન કાર્યક્રમ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો વર્ષ ૨૦૧૭-૧૮નો સરસ્વતી સન્માન કાર્યક્રમ શનિવાર, તા. ૨૬-૧-૨૦૧૯ના રોજ યોજવાનું નક્કી કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા દરેક કચ્છી પરિવારને ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવે છે.

**કાર્યક્રમની વિગત**

*દિવસ : શનિવાર, તા. ૨૬-૧-૨૦૧૯*
*સમય : બપોરના ૩ થી ૫*
*સ્થળ : મહેંદી નવાઝ જંગ હોલ પાલડી, અમદાવાદ.*

**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

*ક્યારેય કોઈને પણ પોતાની જાતિ વિશેની સફાઈ નહીં આપવાની. જે લોકો આપણને ઓળખે છે કે જે આપણને ચાહે છે તેમને સફાઈની જરૂર નથી. અને જે આપણને ઓળખતા નથી, જે આપણી ઈર્ષ્યા કરે છે, જેમને આપણા માટે કડવાશ છે તેને સફાઈ આપીને કોઈ મતલબ નથી કારણકે તે તો માનવાના જ નથી.*

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ

## ઓક્ટોબર / નવેમ્બર / ડિસેમ્બર - ૨૦૧૮

★ **શનિવાર, તા. ૨૭-૧૦-૨૦૧૮**

- આજે કોર ગ્રુપ સમિતિની મીટિંગ મળેલ હતી. અશોક મહેતા, હિમાંશુ ઠક્કર, જગદીશભાઇ ઠક્કર, ભરત ઓઝા, અતુલ સોની, મનુભાઈ કોટડિયા, દિનેશ મહેતા ઉપસ્થિત રહેલ હતા. બાકી રહેતી ઉઘરાણી અંગે ચર્ચા કરવામાં આવેલ હતી. ભરત ઓઝા, મનુભાઈ કોટડિયા, જગદીશભાઈ ઠક્કર આ મેટર માટે ફૉલો-અપ કરશે તેવું નક્કી કરવામાં આવ્યું.

★ **સોમવાર, તા. ૨૯-૧૦-૨૦૧૮**

- લક્ષ્મણભાઈ કન્સ્ટ્રક્શન્સ કંપનીવાળા શ્રી લક્ષ્મણભાઈ કચ્છથી અમદાવાદ આવેલ હોવાથી તેમની સાથે રૂબરૂમાં નર્મદાના પાણી પ્રશ્ને વિગતે ચર્ચા કરવામાં આવી.

★ **મંગળવાર, તા. ૩૦-૧૦-૨૦૧૮**

- કચ્છશ્રુતિ, નવેમ્બર-૨૦૧૮ના અંકનું પ્રુફ રીડિંગ આજથી શરૂ કરવામાં આવ્યું.

★ **રવિવાર, તા. ૪-૧૧-૨૦૧૮**

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદના જૂના સમયના એક અગ્રીમ કાર્યકર લાભશંકર ઓઝાની આજે પ્રાર્થના સભા હતી. શ્રી કચ્છી સમાજ-અમદાવાદની કેટલીક વ્યક્તિઓ ઉપસ્થિત રહેલ હતી.
- શ્રી બી.કે. પટેલના નવા સોપાનની આજે ઉદ્‌ઘાટન વિધિ હતી. શ્રી કચ્છી સમાજ - અમદાવાદના અનેક સભ્યો ઉપસ્થિત રહેલ હતા.

★ **શનિવાર, તા. ૧૭-૧૧-૨૦૧૮**

- કોર ગ્રુપ સમિતિની એક મીટિંગ મળેલ હતી. શ્રી જગદીશભાઈ ઠક્કર, શ્રી ભરત ઓઝા, શ્રી અતુલભાઈ સોની, શ્રી મનુભાઇ કોટડિયા, શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર, શ્રી દિનેશ મહેતા વગેરે ઉપસ્થિત રહેલ હતા. બાકી ઉઘરાણી મેળવવા અંગે ચર્ચા કરવામાં આવેલ હતી.

★ **ગુરુવાર, તા. ૨૨-૧૧-૨૦૧૮**

- 'કચ્છશ્રુતિ'માં આવતી જાહેરાતો ડિસેમ્બર-૨૦૧૮માં પૂરી થતી હોવાથી જાન્યુઆરી-૨૦૧૯થી રીપીટ કરાવવા પત્ર વ્યવહાર શરૂ કરવામાં આવ્યો. અન્ય લોકોને પણ જાહેરાત માટે પત્રો લખવાની શરૂઆત કરવામાં આવી.

★ **શનિવાર, તા. ૧-૧૨-૨૦૧૮**

- ટ્રસ્ટ બોર્ડ તથા કારોબારી સમિતિની સંયુક્ત મીટિંગ મળેલ હતી. અંદાજિત ૧૩ વ્યક્તિ ઉપસ્થિત રહેલ હતી. નવા વર્ષના હોદ્દેદારો નક્કી કર્યા. વિવિધ સમિતિઓની રચના કરી. સરસ્વતી સન્માનનો કાર્યક્રમ નક્કી કર્યો. કેટલીક બાબતો માટે જરૂરી નિર્ણયો લેવાયા.

★ **સોમવાર, તા.** ૩-૧૨-૨૦૧૮

- શનિવાર, તા. ૧-૧૨-૧૮ની સંયુક્ત મીટિંગની મિનિટ્સ બધા ટ્રસ્ટીઓ તથા કારોબારી સમિતિના સભ્યોને મોકલી આપવામાં આવી. ■


## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : માસિક મુખપત્ર 'કચ્છશ્રુતિ' માટે જાહેરાતના માસિક દર

| ક્રમ | વિગત | કલર | આખુ પાનું રૂા. | અડધું પાનું રૂા. | ૧/૪ પાનું રૂા. | અંદર બોટમ પટ્ટી |
|---|---|---|---|---|---|---|
| ૧. | અંકની અંદરનું પાનું | મલ્ટી કલર | ૫,૦૦૦/- | ૩,૦૦૦/- | ૨,૦૦૦/- | — |
| ૨. | અંદરનું સાદુ પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | ૨,૦૦૦/- | ૧,૫૦૦/- | ૧,૦૦૦/- | — |
| ૩. | અંદર બોટમ પટ્ટી ૭" x ૧" | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૫૦૦/- |

(૧) એક સાથે **૧૨** મહિનાની જાહેરાત આપનારને **૧૦ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

(૨) એક સાથે **૦૬** મહિનાની જાહેરાત આપનારને **૭.૫ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

(૩) એક સાથે **૦૩** મહિનાની જાહેરાત આપનારને **૫ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

### વિઝિટિંગ કાર્ડ સાઈઝ જાહેરાતની વિગત


**જાહેરાતની સાઈઝ** : ૯૦ mm x ૬૦ mm ● **કલર** : મલ્ટી કલર

■ કવર પેઈજ નં.-૪ : રૂા. ૨૦,૦૦૦/- (વિઝિટીંગ કાર્ડ સાઈઝ)

■ કવર પેઈજ નં.-૩ : રૂા. ૧૫,૦૦૦/- (વિઝિટીંગ કાર્ડ સાઈઝ)

■ કવર પેઈજ નં.-૨ : રૂા. ૧૫,૦૦૦/- (વિઝિટીંગ કાર્ડ સાઈઝ)

■ અંદરનું પાનું : રૂા. ૧૦,૦૦૦/- (વિઝિટીંગ કાર્ડ સાઈઝ)


PRECISION
IN BEARING CAGES
PERFECTION
IN AUTOMOTIVE COMPONENTS
BRASS
CAGES
CYLINDRICAL ROLLER CAGES
SPHERICAL ROLLER CAGES
DEEP GROOVE CAGES
ANGULAR CONTACT CAGES
THRUST ROLLER CAGES
TAPER ROLLER CAGES
STEEL
CAGES
DEEP GROOVE CAGES
TAPER ROLLER CAGES
SPHERICAL ROLLER CAGES
CYLINDRICAL ROLLER CAGES
ANGULAR CONTACT CAGES
THRUST ROLLER CAGES
POLYAMIDE
CAGES
DEEP GROOVE CAGES
ANGULAR CONTACT CAGES
TAPER ROLLER CAGES
CYLINDRICAL ROLLER CAGES
STAMPED
COMPONENTS
AUTOMOTIVE INDUSTRY
BEARING & SEALING
ELECTRICAL & APPLIANCE INDUSRTY
SPECIAL APPLICATION
DEFECT FREE PRODUCTS THROUGH TPM CULTURE
CUSTOMER DELIGHT | EMPLOYEE EMPOWERMENT | INNOVATION
INDIA
Harsha Engineers Ltd.
Sarkhej-Bavla Road, PO Changodar, Ahmedabad-382213, Gujarat.
Phone. +91 2717 618200 E-mail: marketing@harshaengineers.com
CHINA
Harsha Engineering
Components (Changshu) Co., Ltd.
Building 25, Maqiao Industrial Square,
Changshu Economic Development Zone,
Changshu, Jiangsu, PR China.
Phone: +86-0512-52264781
E-mail: mktg@harshaengineers.cn.com
ROMANIA
Harsha Engineers SRL
Str. Hermann Oberth nr.23 Hala 4
Ghimbav 507075 Brasov Romnania
Phone: +40372779900
E-mail: romaniamktg@harshaengineers.com
HARSHA
ENGINEERS
www.harshaengineers.com

# સીમ્સ હોસ્પિટલ

વિશ્વાસ




**ગુજરાતની પ્રથમ પ્રાઈવેટ હોસ્પિટલ જેમાં ફુલી ડિજીટીલાઈઝ આઈસીયુઓ અને ઓપરેશન થીયેટર, ૨ સીટી સ્કેન, ૧ એમઆરઆઈ અને ૩ કાર્ડિયાક કેથલેબ સુવિધાઓથી ઉપલબ્ધ**

- પશ્ચિમ ભારતમાં સર્વ પ્રથમ : દર્દીઓની સચોટ, ઝડપી અને સારામાં સારી સારસંભાળ માટે સંપૂર્ણપણે "ડિજિટલ હોસ્પિટલ"
- GE Centricity® સોફ્ટવેર દ્વારા ઇમેજિંગ અને સંપૂર્ણ ચોકસાઇથી નિદાન.
- સંપૂર્ણપણે ડિજિટલાઇઝ્ડ આઇસીયુ અને ઓપરેશન થિયેટર્સ.

## મલ્ટી-સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર

- એનેસ્થેસિયાલોજીસ્ટ
- આર્થોસ્કોપી અને સ્પોટ મેડિસીન
- બ્લડ બેંક
- પિડિયાટ્રીક બોર્ન મેરો ટ્રાન્સપ્લાન્ટ
- કાર્ડિયોલોજી
- કોર્ડિયો થોરાસિસ સર્જરી
- સીટી કોરોનરી એન્જીયો
- કોસ્મેટોલોજી
- ક્રિટિકલ કેર
- ડેન્ટીસ્ટ્રી
- ડર્મેટોલોજી
- એન્ડોક્રાઈનોલોજી
- ઈએનટી
- ફેમિલી મેડિસીન
- ફીઓટલ મેડિસીન
- ગેસ્ટ્રોએન્ટ્રોલોજી
- ગેસ્ટ્રો એન્ડ ઈન્ટેસ્ટીનલ સર્જરી
- જનરલ સર્જરી
- જેનેટિક્સ
- ગાયનેકોલોજી, એબ્સ્ટ્રેટીક એન્ડ આઈવીએફ
- હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ
- હાઈ રીસ્ક પ્રેગ્નેન્સી યુનિટ
- હિમેટો - ઓન્કોલોજી
- ઈન્ફેક્શન એન્ડ આઈવીએફ ડિસીઝ
- ઈન્ટરનલ મેડીસીન
- જોયન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી
- લેપ્રોસ્કોપીક સર્જરી
- લંગ ટ્રાન્સપ્લાન્ટ
- નિયોનટોલોજી એન્ડ પીડિયાટ્રીક્સ
- નેફ્રોલોજી
- ન્યુરોલોજી
- ન્યુરો સર્જરી
- ઓબેસીટી મેનેજમેન્ટ
- ઓન્કોલોજી એન્ડ ઓન્કો સર્જરી
- ઓપ્થેલ્મોલોજી
- ઓર્થોપેડીક્સ
- ઓન્કોલોજી
- પેઈન ક્લિનીક
- પેથોલોજી એન્ડ માઈક્રોબાયોલોજી
- પીડિયાટ્રીક સર્જરી
- ફિઝીયોથેરાપી એન્ડ રી-હેબીલીટેશન
- પ્રિવેન્ટીવ હેલ્થ ચેકઅપ
- પલ્મોનોલોજી
- રેડિયોલોજી
- રેડિયેશન થેરાપી
- રીનલ ટ્રાન્સપ્લાન્ટ
- રુમેટોલોજી
- સ્લીપ મેડિસીન
- સ્પાઈન સર્જરી
- ટ્રોમા કેર
- યુરોલોજી
- વાસ્ક્યુલર સર્જરી



**ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ જ્યાં સફળતા પૂર્વક હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા છે.**

**ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ જ્યાં સફળતા પૂર્વક ટ્રાન્સકેથેટેર એઓટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન પ્રોગ્રામ દ્વારા 5 TAVI (ટ્રાન્સ એઓટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન) ટૂક સમયમાં કરવામાં આવ્યા છે.**

**ભારતની એક માત્ર હોસ્પિટલ જે નીચેના ૭ સર્ટિફિકેટથી સન્માનિત છે**

JCI (USA) | NABH | NABH ER | Ethics Committee | NABL | ACC | GreenOT

**24 x 7 મેડીકલ હેલ્પલાઈન : +91-70 69 00 00 00**

CIMS® Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ,
સોલા, અમદાવાદ - 380060.
ફોન : +91-79-2771 2771-72, ફેક્સ : +91-79-2771 2770
ઈમેલ : info@cims.org | www.cims.org

એમ્બ્યુલન્સ : +91-98244 50000 | ઈમરજન્સી : +91-97234 50000

www.facebook.com/cimshospitals (Follow our facebook page for daily medical updates in English, Hindi & Gujarati)

www.cims.org

CIMS Hospital India App on:

## હિમાંશુ ભાઈલાલ ઠક્કર
+91 98793 01004
+91 93740 01004

અમર રઘુવંશમ્
શ્રી રઘુકુળ વિશ્વ

**પ્રેરણા સ્ત્રોત**
- શ્રી લોહાણા મહાપરિષદ
- અખિલ ગુજરાત લોહાણા સમાજ
- શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
- શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ અમદાવાદ
- શ્રી જલારામ અભ્યુદય જનસેવા ટ્રસ્ટ
- શ્રી કચ્છી સમાજ અમદાવાદ

jaymahaparishad@gmail.com shreeraghuvansham@gmail.com

**Mahendra Sangoi**
Chairman, M.D.

RAMDEV GROUP

Mfg. of
Cement Concrete Blocks
& Pavers
Builders and Developers

Ami Zarna, Opp. Navneet Hi-tech Hospital, L.T. Road, Dhaisar (E). Mumbai-400 068.
Telefax : 28940150/51 • E-mail : mahedrasangoi@ramdevgroupindia.com
Website : www.ramdevgroupindia.com

જીવદયા કરૂણા અહિંસા લુણી પાંજરાપોળ

## શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર
(લુણી - મુંબઈ) કુ. જ્યોતિ અહિંસાધામ

પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ
પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ અને ટ્રેનીંગ સેન્ટર
બિમાર પશુ-પક્ષીઓનુ દવાખાનુ
એક થી દસ વર્ષ બાળકો માટે પીગી બેંક
બેસ્ટ પાંજરાપોળ, ગૌશાળા, મહાવીર જીવદયા એવોર્ડ, કચ્છગૌરવ-અહિંસારત્ન

કાર્યાલય : ૩૧૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, કાનજી મેન્સન, ગોકુળધામ હોટલની બાજુમાં, અલંકાર સિનેમાની પાસે, મુંબઈ - ૪ ફોન : ૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦
કાર્યક્ષેત્ર : ગામ - લુણી, તાલુકા - મુંદ્રા, જિલ્લો - કચ્છ - ૩૭૦ ૪૧૦
ફોન : ૦૨૮૩૮ - ૨૮૧૧૩૬ • ફેક્સ : ૦૨૮૩૮ - ૨૮૧૨૭૦

Bharat B. Gala Nanvinchandra D. Dedhia

SRE
Raju ENTERPRISE

179 & 323, Unit-2, G.V.M.M.
Odhav, Ahmedabad-382415
Telefax: 22900896, 22900300
Mob.: 9327005460, 9825733710

RE- ROLLING / S.S PATTA-PATTI

## ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ
મો. ૯૮૯૮૧૯૮૬૧૬

દાંતના ડૉક્ટર
૧, ઝલક કોમ્પ્લેક્ષ, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ.
૧૨, જયશેફાલી રો હાઉસ, શિવરંજની ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ.
મા કમલા ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત ડેન્ટલ કોલેજ - બોપાલ

INSTA-POWER
Humble Efforts to Provide Quality Power
www.comfortinstapower.com
ISO 9001:2008, Certified Company

**DISTRIBUTION TRANSFORMER**
11 KV, 22 KV & 33 KV Class
upto 7000 KVA, Confirming to
IS-2026, IS-1180, 2014



**OTHER PRODUCTS**
- Furnace Transformer ■ Lighting Transformer ■ Isolation Trnasformer
- Online UPS ■ Servo Voltage Stabiliser from 1 KVA to 1000 KVA

WE ALSO UNDERTAKE TRANSFORMER MAINTENANCE, REPAIRING & OIL FILTRATION JOB

COMFORT INSTA-POWER LTD.

| Corp. & Regd. Office Vadodara. Mo. : 9825374323 | Works 1 (Anjar - Kutch) Mo. : 9925203489 | Works 2 (Waghodia - Vadodara) |
|---|---|---|

## જાહેરાત આવકાર્ય

## જાહેરાત આવકાર્ય

REGD. NO. GAMC/1028/2018-20 VALID UPTO 31-12-2020 ● R.N.I. 46515/87, DATE : 16-3-88
PUBLISHED ON 10TH OF EVERY MONTH ● POSTED AT P.S.O. AHMEDABAD ON 15TH OF EVERY MONTH

**ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેન્ક લિ.**
મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ. Tel. 26400969 (M) 70432 16674

**બેંકની વિવિધ સગવડો**
- FDR વ્યાજ upto 8.60% @ with monthly Interest.
- C/A (ચાલુ ખાતા) Flexi Deposit માં વ્યાજ 5.50% @
- S/B (બચત ખાતા) Flexi Deposit માં વ્યાજ 6.00% @
- RTGS / NEFT / DD / IBC Cheque Book Charges : Nil
- ATM Card ■ Lockers ■ Free SMS Alert
- રૂા. ૨.૫૦ કરોડ સુધીની તાત્કાલિક લોન સ્કીમ – No Process Fees
- રૂા. ૧૦ લાખ સુધીની લોન/ CCમાં મોર્ટગેજ ખર્ચ : NIL

બેંકના રોકડ કામકાજનો સમય : સવારે ૧૦ થી સાંજે ૬

DCPL DHOLUCON
Mohan Dholu | 98250 84330
Director | mpdholu@gmail.com

**DHOLU CONSTRUCTION AND PROJECTS LIMITED**
401, Gala Argos, B/s. Harikrupa Tower, Nr. Govt. Ladies Hostel, Gujarat College Road, Ellisbridge, Ahmedabad-380 006. Gujarat, INDIA.
Ph. : 264 64 288 Fax: +91 79 2656 44 36 email: dholucon@gmail.com
**MINING CONTRACTORS**

**INDOTEX PAINTS**
● DURABLE ● DECORATIVE ● PROTECTIVE
Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (O) 26853279 ● M. : 9909444598 ● Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in ● Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 ● Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajashthan, Maharashtra, Karnatanka, Goa, Andhra Pradesh

**Available on HIRE**
- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

**We Provide**
- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



Corporate Office :
**Deep Industries Limited**
6th Floor, N.G. Tower,
Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

Registered Office :
**Deep Industries Limited**
Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

**PRARAMBH**
"ek nayi Zindagi ka"
Kailashdan Gadhavi
Prarambh Buildcon Ahmedabad LLP
307, Third floor,
3rd Eye One,
Near Panchvati,
C. G. Road,
Ahmedabad-380 006,
Gujarat, India
T : +91 79 40056400 | 40056401
M : +91 94262 85655 | 93741 85655
E : info@prarambhlife.com

MEET RUDANI
+91 9726066655
MILAP PATEL
+91 9737524821
RII
**RUDANI INNOVATION INDUSTRIES**
INDUSTRIES AUTOMATION • SPM MACHINES
WATERJET CUTTING MACHINE
LED TUBELIGHT & BULB MANUFACTURING MACHINE
Which Establish your Ideas & Dreams into the Reality...
47, Amba Estate, Vatva-Mehmdabad Highway, Nr. S. P. Ring Road Circle, Vatva, Ahmedabad-382445 • Web. : www.rudaniinnovation.com
Email : sales@rudaniinnovation.com
purchase@rudaniinnovation.com

**RADHA VALLABH GROUP**
Bonafide Brokers | Nelco Agency
Aryan Agency | Jaya Marketing
A-410, City Center, Opp. Idgah Police Chowky,
Prem Darwaja Road, Ahmedabad.
Phone : 22124412, 22120234, 22160418 (Resi.) 22865419
Web : www.bonafidebrokers.com
Chamanbhai : M. 99250 70719 Amitkumar : M. 98790 24849
Nileshbhai : M. 98250 70719 Hirenkumar : M. 98799 97777

Modular Kitchens | European Style Wardrobes | Pantry
SUJAKO



Printed & Published by Shri Ashok Mehta, President, Shri Kutchhi Samaj - Ahmedabad on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. ● Printed at : Vinayak Offset, Dudheshwar, Ahmedabad.
Published at : Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trade Centre, Opp. Kocharab Ashram Ellisbridge, Ahmedabad-380 006.
Editor : Shri Ashok Mehta ● Price : Rs. 18.00 ● Lifetime Subscription : Rs. 1500/- (15 Years)